Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૨૭
તા.૧૨-૦૬-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ વદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૪ સૂર્યાસ્ત : ૦૭:૨૫

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૦.૪ | વડોદરા | ૩૯.૪ |
| અમદાવાદ | ૪૦.૬ | સુરત | ૩૫.૦ |
| ગાંધીનગર | ૪૦.૨ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦૫૦૦ સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# અંબાજી સહિત ઉત્તર ગુજરાતમાં મેઘરાજાની પધરામણી

## વિચાર વૈભવ...

### અપેક્ષાઓની ધમાચકડી

ઘરની મજૂરણ પાસે રાખવાની અપેક્ષાઓ ગૃહિણી મનના અક્ષયપાત્રમાં ભરી રાખે છે. હજી સુધી કોઈ કામવાળીએ ગૃહિણીને પૂરતો સંતોષ આપ્યો નથી. દેવયાનીને શર્મિષ્ઠા જેવી અતિ સુંદર દાસી મળી હતી પરંતુ એ દાસી દેવયાનીની શોક્ય બની ગઈ. યયાતિની અપેક્ષાઓને માર્ગે 'ડેડ એન્ડ' જેવું કશું હોતું નથી. એણે તો દીકરાની યુવાની પણ માગી લીધી. હવનમાં ગમે તેટલું દ્રવ્ય નાખો તોય અગ્નિજવાળાઓ તો ઊલટી વધારે લપકારા જ મારવાની. હજી દુનિયા પ્રમાણમાં સુખી છે. કારણ કે શુક્રાચાર્યની સંજીવની વિદ્યા મૃત્યુ પામી છે. આજે કોઈ પિતા પોતાના પુત્રની જુવાની ઉછીની લઈ શકે તેમ નથી. સંજીવની વિદ્યા જો હયાત હોત તો એનો સૌથી વધારે લાભ હિટલરે ઉઠાવ્યો હોત. એ વિદ્યાને જોરે કદાચ હિરણ્યકશ્યપ આજે ય જીવતો હોત.

એક અનપેક્ષ સાસુ પ્રમાણમાં સુખી હોય છે. ગમે તેવા માણસને પણ પોતાના વેવાઈમાં - વૈષ્ણવજનનાં તમામ લક્ષણો મોજૂદ હોય તે ગમે છે. શાળાનું ટ્રસ્ટીમંડળ આચાર્ય પાસે થોકબંધ અપેક્ષાઓ રાખે છે. આચાર્ય શિક્ષકો પાસે ભાગ્યે જ ઓછી અપેક્ષા રાખે! શિક્ષક આ જ રેલાને વિદ્યાર્થીઓ સુધી રમતો મેલે છે.

અપેક્ષાઓની અથડામણ ચાલ્યા કરે છે. અપેક્ષાઓની ધમાચકડીથી આપણે ટેવાઈ જઈએ છીએ પણ જ્યારે બે વાહનોની માફક અપેક્ષાઓ સામસામી ટકરાય ત્યારે જોવા જેવો ખેલ થાય છે. રાતના નીરવ અંધકારમાં આપણે જ્યારે અચેતનના ગહન સમુદ્રમાં ડૂબી જઈએ ત્યારે દિવસાનુદિવસ લંબાયે જતી અપેક્ષાઓના ઓળા શમણાં બનીને ઓશીકે અથડાતા રહે છે. આપણી અપક્ષોઓ શ્રાવણ મહિનામાં પણ એકટાણું કરતી નથી. એકટાણું કે ઉપવાસ કરતી વખતે ય કયારેક પુણ્યની, સારા વરની કે આરોગ્યની અપેક્ષક્ષા રહેલી હોય છે.

એક પવનચક્કી ચોવીસે કલાક ચાલતી રહે છે. એક ભમરો પોતાની પાંખમાં ફફડતી ક્ષણને લઈને ઊડતો રહે છે. એક ફૂલ પર એ બેસે છે ત્યારે ઘડીભર પેલો ફફડાટ થંભી જાય છે. એમ લાગે કે ભમરાની અપેક્ષા પુરી થઈ. હજી તો ક્ષણ પોતાનું પોપચું ખોલે ન ખોલે ત્યાં તો ભમરો અપેક્ષાઓના બીજા ફૂલ પર જઈને બેસે છે.

આપણું જીવન એક અપેક્ષા પરથી બીજી અપેક્ષા પર ઠેકડો મારવામાં જ પૂરૂં થાય છે. હનુમાનની માફક, એક ઔષધીની જરૂર હોય ત્યારે આખો દ્રોણાચલ પર્વત ઉપાડતાં રહીએ છીએ. આપણે એવા તો હોંશિયાર થઈ ગયા છીએ કે હવે વરસાદ પણ આપણને ભીંજવી શકતો નથી.

ગુણવંત શાહ

## ગતકડું....
- દેવન વ્યાસ



તમે વિવિધ સ્કીમોમાં નાહી ચૂક્યા છો, હવે અધિક માસમાં નદીમાં નાહવા જરૂર નથી...!!!

## અરવલ્લી અને બનાસકાંઠામાં વરસાદના આગમનથી લોકોને ગરમીમાં રાહત

અમદાવાદ

છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતના હવામાનમાં આવેલા પલ્ટા બાદ અમદાવાદ શહેર સહિત રાજયના કેટલાક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ અને ગમે ત્યારે વરસાદના આગમનની રાહ જોવાઈ રહી છે ત્યારે સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમાં આજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. મેઘરાજાએ જાણે માં અંબાજીના ચરણો પખાળ્યા હોય તેવી લાગણી માંઈભકતોએ અનુભવી હતી. અંબાજીમાં આજે ભારે ઠંડા પવન સાથે પડેલા વરસાદના કારણે સ્થાનિક માર્ગો અને



વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. અંબાજીમાં પડેલા વરસાદને લઈ સમગ્ર પંથકમાં ભારે ખુશી અને હાશકારાની અનુસંધાન પાના નં.૬

## ડીસામાં તબીબના બંધ મકાનમાં ઘરફોડ ચોરી

### સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂા.૪,૮૦,૦૦૦ ના મુદ્દામાલની ચોરી

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના જુના બસ સ્ટેન્ડની બાજુમાં આવેલ ન્યુ નેમીનાથનગરના પર્વ ફ્લેટના એક બંધ મકાનને નિશાન બનાવી રાતના સુમારે ત્રાટકેલા અજાણ્યા તસ્કરો રોકડ અને સોના - ચાંદીના દાગીના મળી કુલ રૂા.૪,૮૦,૦૦૦ નો મુદ્દામાલ ચોરી ગયા હતા.

બનાવની મળતી ટૂંકી વિગતો મુજબ વ્યવસાયે તબીબી એવા કિશોરચંદ્ર કાંતિલાલ ગાંધી શહેરના ન્યુ નેમીનાથ નગરના પર્વ ફ્લેટમાં રહે છે પરંતુ છેલ્લા ૨૫ દિવસથી તેઓ પત્નિ સાથે તેમના પુત્રના નિવાસ સ્થાન આકાશ હોસ્પિટલ ખાતેના મકાને રહેતા હતા. જેથી તેમના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. તેમને તેમના પડોશી સુરેશભાઈ શાહે રાત્રે ૨.૫૦ કલાકે મોબાઈલ ફોનથી જણાવ્યું હતું કે અનુસંધાન પાના નં.૬

## 'સમર્પિત સેવક' ની નવી સાર્થક વિદાયભેટ...!!!

# ડીસાવાસીઓને નવું સુરક્ષા કવચ : હવે પાલિકાની બેદરકારીથી મૃત્યુ થાય તો ૨૫ લાખ સુધીની સહાય






ડીસા

બનાસકાંઠાની ડીસા નગરપાલિકામાં અઢી વર્ષની બીજી ટર્મ માટેના નવા સુકાનીઓની વરણી થઈ ગઈ છે અને વર્તમાન પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળી વિદાય લઈ રહ્યા છે ત્યારે પ્રવીણભાઈ માળીએ પોતાની વિદાય પૂર્વે સ્વ.ગોરધનજી માળી પરિવાર તરફથી નગરજનોને વધુ એક ભેટ આપી ડીસાવાસીઓને નવું સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે.

ડીસા નગરપાલિકા પરિવાર દ્વારા ગત રોજ વર્તમાન પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળીનો વિદાય સમારોહ યોજાયો હતો. એકદમ ભાવવાહી માહોલમાં યોજાયેલા આ વિદાય સમારોહ પ્રસંગે ખૂબ ભાવુક બની ગયેલા પ્રવીણભાઈ માળીએ 'એક ડીસા,શ્રેષ્ઠ ડીસા' ના નારા બાદ 'એક ડીસા,સુરક્ષિત ડીસા'નો નવો નારો ગજવી પોતાના પિતા અને પૂર્વ ધારાસભ્ય સ્વર્ગીય ગોરધનજી માળીની પુણ્ય સ્મૃતિમાં ડીસાના નગરજનોને પાલિકા મારફત માળી પરિવાર દ્વારા અનુસંધાન પાના નં.૬

**પોતાના ભાવવાહી વિદાય સમારોહ પ્રસંગે પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળીએ સ્વ.ગોરધનજી માળી પરિવાર દ્વારા લેવાયેલ વીમાપોલિસી નગરપાલિકાને અર્પણ કરી**

# પાલનપુર ખાતે પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખની અધ્યક્ષતામાં ધરણાં યોજાયા





સંજય જોશી

### ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા અમિત ચાવડા : જાહેર રોડ પર ધરણાં યોજી શહેરીજનોને બાનમાં લેતી કોંગ્રેસ

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આજે ખેડૂતોના પ્રશ્નોને લઈ કોંગ્રેસે ધરણા યોજ્યા હતા. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પાલનપુરમાં યોજાયેલા ધરણામાં સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. જે બાદ ખેડૂતોના પ્રશ્નોને લઈ જિલ્લા કોંગ્રેસ દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જોકે, જાહેર રોડ પર ધરણાં યોજવાની મંજૂરી આપીને તંત્ર અને ધરણાં યોજી કોંગ્રેસે રીતસર શહેરીજનોને બાનમાં લીધા હોવાનો અહેસાસ લોકોએ વ્યક્ત કર્યો કર્યો હતો.

સમગ્ર રાજ્યમાં ખેડૂતોના પ્રશ્નો અને વધતીજતી મોંઘવારી સામે કોંગ્રેસ દ્વારા રાજ્યવ્યાપી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે આજે બનાસકાંઠામાં પણ પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની અધ્યક્ષતામાં પાલનપુર ખાતે ધરણાં યોજાયા હતા. ખેડૂતોના વીમા વળતર, જમીનો અને ખેડૂતોના અનાજ અને શાકભાજી ના ભાવના પ્રશ્નોને લઈ અમિત ચાવડા એ સરકાર પર પ્રહાર કર્યા હતો.

ખેડૂતોના પ્રશ્નોને લઈ આંદોલન ચલાવી રહેલી કોંગ્રેસ પર ભાજપએ પ્રહાર કર્યા હતા. જેને લઈને અમિત ચાવડાએ ભાજપના આક્ષેપ કરવાની જૂની ટેવ ગણાવી હતી. ખેડૂતોના પ્રાણ પ્રશ્નોને લઈ અનુસંધાન પાના નં.૬

### શહેરીજનો બાનમાં ?

પાલનપુરના ગુરૂનાનક ચોક ખાતે ના એક માર્ગ પર મંડપ બાંધી ખુરશીઓ મૂકી કૉંગ્રેસે જાહેરમાં ધરણાં યોજ્યા હતા. જેને પગલે ગુરૂનાનક ચોકથી કોઝી સુધીના એક માર્ગ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. શહેરમાં આવવાના જાહેર માર્ગ પર ધરણાં યોજાતા રેલવે ઓવર બ્રિજ પર ટ્રાફિક જામ થતા ભરબપોરે લોકો બળબળતી ગરમીમાં શેકાઈ ગયા હતા. આજથી શૈક્ષણિક સત્રનો આરંભ થયો હતો. ત્યારે શાળા ઓમાં આવતા જતા છાત્રો અને વાલીઓ સહિત લોકો ભારે યાતના ભોગવવી પડી હતી. જોકે, જાહેર માર્ગ પર રાજકીય પક્ષોને કાર્યક્રમો યોજવાની મંજૂરી આપનાર પોલીસ સહિત પ્રશાસન સામે લોકોએ ફિટકારની લાગણી વરસાવી હતી. જ્યારે કૉંગ્રેસ સામે પણ લોકોમાં સહાનુભૂતિને બદલે કચવાટની લાગણી જોવા મળી હતી.

# ધાનેરાના ધાખા ગામે જમીન મુદ્દે માજીરાણા યુવકની ઘાતકી હત્યા

### ગામના બે શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ



(એન.કે.મોદી)

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના ધાખા ગામે જમીનના ઝઘડાની જૂની અદાવતમાં બે શખ્સોએ એક શખ્સને તલવારના ઘા ઝીંકી કરપીણ હત્યા કરતા ગામમાં ચકચાર મચી જવા પામી છે. બનાવના પગલે પોલીસે તપાસ હાથ ધરી છે.

ટુંકી હકીકત એવી છે કે ધાનેરાના ધાખા ગામે ૨/૧૧/૧૨ માં પણ રસ્તો કેમ બંધ કરેલ છે ? તે બાબતે ફરિયાદો થઈ હતી. એકાદ વર્ષ અગાઉ પણ મારામારી થઈ હતી. ઝઘડો જૂનો ચાલતો હતો. જેનું મન દુઃખ રાખી આરોપી શંકરભાઈ બાબુભાઈ માજીરાણા તથા ઈશ્વરભાઈ ઉર્ફે શ્રવણભાઈ માજીરાણા (બંને રહે. ધાખા) એક સંપ થઈ ગત તા. ૧૦/૬/૧૮ ના રાતના સુમારે મરણ જનાર પ્રતાપભાઈ હંજારીભાઈ માજીરાણાને તિક્ષ્ણ હથિયાર (તલવાર) થી ગળાના અનુસંધાન પાના નં.૬

## માલસણ ગૌશાળામાં આગ લાગતાં સુકુ ઘાસ બળીને ખાક



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના ભાલસણ ગામે ગત તા.૧૧/૬/૨૦૧૮ ને સોમવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે ગૌશાળામાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતાં ગૌશાળામાં પડેલી સુકાઘાસની ૧૬૦ ગાંસડીઓ તેમજ અન્ય ૫ ટ્રેક્ટર પડેલું ઘાસ બળીને ભસ્મીભૂત થઈ ગયું હતું. માલસણ સરપંચ વનાભાઈ પટેલે થરાદ ફાયર ફાઈટરને જાણ કરતાં આગને કાબુમાં લેવાઈ હતી. સર્કલ ઓફીસર ત.કં.મંત્રી સુનિલ ભાઈ ત્રિવેદી વિસ્તરણ અધિકારી પંચાલ શીવરામ ભાઈ પટેલ ઘટના સ્થળે પહોંચી પંચનામું કરી રીપોર્ટ કર્યો હતો. જોકે મોડીસાંજ સુધી ધીમી ગતિએ આગ ચાલુ રહી હતી. બીજો કોઈ અનિચ્છનીય બનાવ બનેલ ન હતો.

## કલેકટરે લડબી નદીના નવાબી કાળના નકશાનું નિરીક્ષણ કર્યુ



(સંજય જોષી)

### પાલનપુરમાં નદી નાળા સહિત ચારે તરફ ગંદકી પાલિકાનો નઘરોળ વહીવટનો નમૂનો

પાલનપુર

પાલનપુરના મધ્ય ભાગમાંથી પસાર થતી લડબી નદીના નકશાનું આજે બનાસકાંઠા જિલ્લા સમાહર્તા સંદીપ સાંગલેએ નિરીક્ષણ કર્યું હતું. જેમાં લડબી નદી કરજોડાથી નીકળી અને ગઢ જતી લડબી નદીને દર્શાવાઇ છે ત્યારે કલેક્ટરે નિરીક્ષણ કર્યા બાદ આજે એક બેઠક બોલાવી હતી અને આ બેઠકમાં નવાબી કાળના નકશા પ્રમાણે ફરીથી કરાયેલા રીસર્વેમાં ચકાસવાની સૂચના આપી હતી.

ચોમાસાના આગમનની હવે ઘડીઓ વાગી રહી છે. ત્યારે બે-બે પૂરની થપાટ ખાઇ ચૂકેલું પાલનપુર અત્યારે બિલ્ડરોના દબાણ હેઠળ છે. લડબી નદીના પટમાં અનેક ગેરકાયદેસર બાંધકામોને કારણે પાણીનું વહેણ રોકાયું છે અને જેની સજા પાલનપુરના નાગરિકો ભોગવી રહ્યા છે. ત્યારે હવે નાગરિકોને આક્રોશ ચરમસીમાએ છે.અને માપણી સીટો બનાવી હવે કલેકટર આ દબાણો દૂર કરી અને વહેણને પુનઃ પ્રસ્થાપિત કરી એવી માંગ ઉઠી છે. ત્યારે ચોમાસુ નજીકમાં હોઈ હવે નાગરિકોને પોતાના જાનમાલની ચિંતા થવા માંડી છે. ત્યારે નઘરોળ તંત્ર હવે રી સર્વે અને માપણી સીટમાં પડ્યું છે. જોકે હવે માપણી સીટો જલદીથી તૈયાર થાય અને દબાણો હટાવી પાણીના વહેણને જીવતું કરવાની માગણી પાલનપુરના નગરજનો કરી રહ્યા છે.

આ ઉપરાંત પાલનપુરના જે નદી નાળા છે તેમની હાલત પણ દયનીય છે. સફાઈ થતી નથી. આ સફાઈ શક્ય નથી અનુસંધાન પાના નં.૬

## અંબાજી મંદિરમાં રાજસ્થાનનાં મહિલા ભાવિક દ્વારા એક કિલો સોનાનું દાન



અંબાજી

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે મંદિરને સુવર્ણમય બનાવવાની કામગીરી ચાલી રહી છે.જેમાં મંદિરના મુખ્ય શિખરને સુવર્ણમય બનાવવાનું કામ અંતિમ ચરણોમાં છે ત્યારે માં આધ્યશક્તિના ભક્તો દ્વારા દાનની સરવાણી અવિરતપણે વહી રહી છે સાથે સોનાની પણ પુષ્કળ પ્રમાણમાં ભેટ મળતી રહી છે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજીમાં ગતરોજ સીરોહિ (રાજસ્થાન) નિવાસી શ્રીમતી મીનાક્ષીબેન મોદી (મુકેશભાઈ મોદીના ધર્મપત્ની) દ્વારા ૧ કિલો સોનાનું દાન માતાજીના શિખરને સુવર્ણમય બનાવવા ભેટ ધરવામાં આવ્યું. જેની કિંમત રૂ.૩૧,૫૩,૦૦૦ અંકે રૂા.એકત્રીસ લાખ ત્રેપન હજાર છે. દેવસ્થાન ટ્રસ્ટના અધિકારીઓ દ્વારા આ ભેટ સ્વિકારી દાનવીર માઈભક્તોનો આભાર વ્યક્ત કરાયો હતો.

**બેસણું/લોકાચાર**



**સ્વ. કુંવરબેન પ્રેમજીભાઈ પટેલ**

મારા માતુશ્રી કુંવરબેન પ્રેમજીભાઈ પટેલ તા.૧૦/૬/૨૦૧૮ ને રવિવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ. સદ્દગતનું બેસણું/લોકાચારો તા.૧૩/૬/૨૦૧૮ ને બુધવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ટાકરવાડા, તા. પાલનપુર. જી.બનાસકાંઠા

લી.

**ભરતભાઈ પ્રેમજીભાઈ પટેલ**
તથા સમસ્ત પરિવાર ટાકરવાડા

# વાવના કુંભારડી ગામની દીકરીનું હીર આંતરરાષ્ટ્રીય ફલક પર ઝળક્યું

**પાંચમી સાઉથ એશીયન જંપરોપ પ્રતિયોગિતામાં બે મેડલ સાથે દેશનું નામ પરદેશમાં રોશન કરી આવી**



પ્રતિનિધિ થરાદ

મુળ વાવ તાલુકાના કુંભારડી ગામની અને હાલ થરાદમાં રહેતા શિક્ષકની પુત્રીએ જંપરોપમાં કાઠું કાઢતાં ચાલુ પખાવડીયામાં નેપાલના કાઠમંડુમાં સાત દેશો વચ્ચે રમાયેલી સ્પર્ધામાં બે મેડલ મેળવી દેશનું નામ આંતરરાષ્ટ્રીય ફલક પર ગુંજતું કર્યું હતું. રમત ગમત ક્ષેત્રમાં પાવરધી બની ગત વર્ષે રાષ્ટ્રીય લેવલની જમ્પ રોપ ચેમ્પીયનશીપમાં પ્રથમ આવ્યા બાદ તાજેતરમાં ભારત વતી ભુતાનમાં પણ રમી હતી.આમ આંતરરાષ્ટ્રીય ફલક પર ઝળકેલા થરાદના હીરથી પરિવાર,પંથક અને સમાજમાં આનંદની લાગણી ફેલાવા પામી હતી.

થરાદમાં રહેતા વાવ તાલુકાના કુંભારડી ગામના વતની અને વ્યવસાયે શિક્ષક કાનજીભાઇ પી ચૌધરી(પટેલ) (કનૈયા મંડપ)ની પુત્રી ઉર્મિલા ચૌધરી ગાંધીનગર મુકામે ધોરણ ૧૧ માં અભ્યાસ કરે છે.નાનપણથી શૈક્ષણિકની સાથે સહઅભ્યાસિક પ્રવૃતીમાં અગ્રેસર રહેતી ઉર્મિલાબેને જંપરોપની રમતમાં શાળા કક્ષાએથી તાલુકા,જિલ્લા અને રાજયકક્ષાએ અનેક એવોર્ડ હાંસલ કરતી સિધ્ધીઓ મેળવી છે. ખેલમહાકુંભમાં પણ વિવિધ રમતોમાં કૌવત ઝળકાવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા પુરસ્કૃત થતાં રાષ્ટ્રીય લેવલની જમ્પ રોપ ચેમ્પીયનશીપ ૨૦૧૬માં પણ ઉર્મિલાબેને નાસીક ખાતે ધમાકેદાર પરફોર્મન્સ કરતાં પ્રથમ આવી હતી.જેમાં તેણીને વ્યક્તિગત (સિંગલ)ગોલ્ડમેડલ પણ મળ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# લાખણી તાલુકા કોંગ્રેસ સમિતિના મંત્રીનું રાજીનામું

**પોતાના અંગત કારણની સાથે સાથે તાલુકા કોંગ્રેસના મુખ્ય જવાબદાર લોકો મનમાની કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો**



પ્રતિનિધિ લાખણી

૨૦૧૯ માં લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષ અત્યારથી જ કામે લાગી ગયા છે ત્યારે આયા રામ ગયા રામ નો પણ પ્રારંભ થઈ ગયો છે રાષ્ટ્રીય કક્ષાએથી લઈને તાલુકા કક્ષા સુધી નેતાઓ પક્ષ પલટો કરી રહ્યા છે ત્યારે લાખણી તાલુકા કોંગ્રેસમાં મંત્રી તરીકેની જવાબદારી નિભાવતા અને આણંદ ખાતે વેપાર કરતા લક્ષમણભાઈ રાજપૂત જેઓએ પોતે વેપાર-ધંધા ના કારણે સમય આપી શકતો નથી અને તેની સાથે સાથે પોતે એવું પણ જણાવ્યું છે કે તાલુકા કોંગ્રેસના જવાબદાર લોકો મનમાની થી વ્યવહાર કરી રહ્યા છે અને અમને વિશ્વાસમાં ક્યારે લેતા ન હોવાથી પક્ષમાં રહેવાનો કોઈ મતલબ રહેતો નથી માટે એમણે સ્વેચ્છાએ રાજીનામું આપી દીધું છે અને પોતે અન્ય કોઈ પક્ષમાં હાલ જોડાવાના નથી એવું પણ કહ્યું છે ત્યારે લાખણી તાલુકા કોંગ્રેસ સમિતિમાં રાજીનામુ આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

# બનાસકાંઠામાં ૧૪ અને ૧૫ જૂને શાળા પ્રવેશોત્સવ યોજાશે

**મંત્રી પરબતભાઈ પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે બાળકોને શાળામાં પ્રવેશ અપાશે**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં આગામી તા.૧૪-૧૫ જૂન-૨૦૧૮ના રોજ ગ્રામ્ય વિસ્તારમાં અને તા.૨૨-૨૩ જૂનના રોજ શહેરી વિસ્તારની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાશે. આ પ્રસંગે સિંચાઇ અને પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઇ પટેલ, રાજયના વરિષ્ઠ અધિકારીઓ અને મહાનુભાવોના હસ્તે બાળકોને શાળામાં પ્રવેશ અપાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લામાં કુલ-૨૩૮૨ પ્રાથમિક શાળાઓ આવેલી છે. આ શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવી તેમના ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવા તથા પ્રત્યેક બાળક શાળામાં દાખલ થાય તે માટે દર વર્ષે જુન માસમાં રાજય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. શાળા પ્રવેશોત્સવ પ્રસંગે દરેક ગામમાં ઉત્સાહ અને હર્ષનો માહોલ સર્જાય છે. વાલીઓ પોતાનાં લાડકા નાનાં બાળકોને હરખથી શાળામાં પ્રવેશ અપાવવા આવે છે. આવા આનંદભર્યા માહોલમાં બાળકોને મોં મીઠુ કરાવીને હર્ષભેર શાળામાં પ્રવેશ અપાવવામાં આવશે.

## ટ્રાફિક પોલીસની ઘોર લાપરવાહી...

# ડીસા હાઈવે ઉપર ટ્રાફિકની સમસ્યા વણસી



ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાંથી પસાર થતા નેશનલ હાઈવે ઉપર ટ્રાફિકની સમસ્યા રોજીંદી બની ગઈ છે. તેમાં પણ ગાયત્રી, જલારામ, દિપક અને માર્કેટયાર્ડ સર્કલ ગોઝારા પુરવાર થયા છે. તેથી આખો હાઈવે 'અકસ્માત ઝોન' પુરવાર થયો છે. તેમ છતાં મેલી મથરાવટી ધરાવતી ટ્રાફિક પોલીસની હપ્તાખોરીના કારણે ટ્રાફિકની સમસ્યા દિન- પ્રતિદિન વણસતી જાય છે. વાહન ચાલકો સાથે રાહદારીઓ કલાકોના કલાકો સુધી ટ્રાફિકમાં અટવાય છે. ૧૦૮ જેવી ઈમરજન્સી સેવા પણ ખોરવાય છે. તેમ છતાં ટ્રાફિક પોલીસના પેટનું પાણી હાલતુ નથી. પુરઝડપે અને 'ઓવરલોડ' મુસાફરો અને માલ ભરેલા વાહનો ટ્રાફિક પોલીસની નજર સામેથી પસાર થાય છે. પરંતુ તેની સામે ઈરાદાપૂર્વક આંખ આડા કાન કરે છે. જેથી ગમખ્વાર માર્ગ અકસ્માતો સર્જાય છે. તેમ છતાં ટ્રાફિક પોલીસ ટ્રાફિક નિયમનના બદલે નિર્દોષ વાહન ચાલકો રંજાડવામાં શૂરાતન દાખવે છે. જેથી માર્ગ અકસ્માતોમાં હજારો માનવ જિંદગીઓ અકાળે મુરઝાઈ રહી છે. ત્યારે બાહોશ જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર પોલીસ બેડાને બદનામ કરતા ટ્રાફિક પોલીસ જવાનો સામે લાલ આંખ કરી કાયદાનું ભાન કરાવે તે જરૂરી છે.

# ડીસા તાલુકાના ભીમ યુવા સંગઠન દ્વારા આવેદનપત્ર અપાયું



ભરત સુંદેશા

ડીસા તાલુકા ભીમ યુવા સંગઠનના કાર્યકરોએ નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી દલીત નેતા અને વડગામ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને મોબાઈલ ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકીને પગલે તેમની સુરક્ષામાં વધારો કરવાની તથા ધમકી આપનારા તત્વો વિરૂધ્ધ તપાસ કરી કડક પગલા ભરવાની માંગ કરી હતી. અન્યથા ઉગ્ર આંદોલન છેડવાની ધમકી પણ ઉચ્ચારી હતી.

# ધાનેરાના ધરણોધર ગામે ફરિયાદનું મન દુઃખ રાખી માર માર્યો

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાના ધરણોધર ગામે આરોપીઓએ મારા ઉપર કેમ તારા સગા વ્હાલાઓ મારફત પોલીસમાં ફરિયાદ કરાવે છે. તેમ કહી ગડદાપાટુનો માર મારી બિભત્સ ગાળો બોલી હોવાની ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

ટુંકી હકીકત એવી છે કે ધાનેરાના ધરણોધર ગામે તા. ૧૦/૬/૧૮ ના રાત્રિના ૨૩ કલાકે દરગાભાઈ તગાભાઈ ભીલ, મહેન્દ્રભાઈ તગાભાઈ ભીલ (બન્ને રહે. ધરણોધર) એ લેબાભાઈ અજાભાઈ ભીલ (ઉ.વ.૨૮) ને કહેલ કે મારા ઉપર અગાઉ તારા સગાવ્હાલા મારફતે ફરિયાદ કેમ કરાવેલ તેમજ સરકારી પ્લોટ ખાલી કરી અને તેનો કબજો અમોને સોંપી દો તેમ કહેતાં લેબાભાઈએ જણાવેલ કે આ સરકારી પ્લોટ તેમજ આ સરકારી જમીન અમારા બાપદાદાની છે તેમ કહેતાં આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી લેબાભાઈની મા અમીનાબેન, તથા તેની ભત્રીજી ભૂરીબેન તથા મામા કપુરાભાઈને ગડદાપાટુનો માર મારી બીભત્સ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જતા રહેતા લેબાભાઈએ ધાનેરા પોલીસ સ્ટેશને ફરિયાદ કરતાં પી.એસ.ઓ તલાભાઈ ધુડાભાઈએ ફરિયાદ નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# વાવના રાછેણા ગામની સીમમાં વીજ કરંટથી ઘવાયેલા મોરને સારવાર આપી બચાવી લેવાયો



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાના રાછેણા ગામની સીમની ઝાડીમાં તા. ૧૦/૬/૨૦૧૮ ની સાંજ મોરને વીજકરંટ લાગતા તરફડી રહ્યો હતો. રાછેણા ગામલોકોની નજર મોર ઉપર પડતાં તાબડતોબ ખાનગી વાહન મારફત વાવ ખાતેના પશુ દવાખાને સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના પશુ ચિકિત્સકે મોરને સારવાર આપતાં મોરનો આબાદ બચાવ થયો હતો. રાછેણા ગ્રામજનોની સમયસૂચકતા અને પક્ષીઓ પ્રત્યેનો ઉદાર પ્રેમ જોતાં એક રાષ્ટ્રીય પક્ષીને જીવનદાન મળ્યું હતું.

# ડીસા સહિત જિલ્લામાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ



નરસિંહ દેસાઈ

**પ્રથમ દિવસે ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં બાળકોની પાંખી હાજરી**

પ્રતિનિધિ વડાવળ

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં નવા શૈક્ષણિક સત્રનો સોમવારથી પ્રારંભ થયો હતો. જેથી સુમસામ ભાસતી શાળાઓમાં બાળકોના આગમનથી કિલ્લોલ ગુંજી ઉઠ્યો હતો. શહેરી વિસ્તારોની શાળાઓમાં કરતાં ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં પ્રથમ દિવસે બાળકોની પાંખી હાજરી જોવા મળી હતી. ઉનાળુ વેકેશનના ૩૫ દિવસ બાદ સોમવારથી શાળાઓ શરૂ થતાં વાલીઓ પણ પોતાના બાળકોને શાળાઓમાં હોસ્ટેલમાં મુકવા જતા જોવા મળ્યા હતા. શાળાઓ ખુલતા વિદ્યાર્થીઓમાં પણ ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. છેલ્લા ૩૫ દિવસથી શાળાઓ સુમસામ દેખાઈ રહી હતી. જે ચાલુ થતા બાળકો સહિત તેમના વાલીઓ પણ સક્રિય થઈ ગયા છે. બનાસકાંઠા જિલ્લામાં બે દિવસ અગાઉ વેકેશન લંબાવાયુ છે. તેવા ખોટા મેસેજ સોશિયલ મીડીયામાં ફરતા થયા હતા. જેથી અનેક વિદ્યાર્થીઓ સહિત વાલીઓ પણ મુંઝવણમાં રહ્યા હતા. પણ ત્યારબાદ સાચી માહિતી મળતા વિદ્યાર્થીઓ પણ રાબેતા મુજબ શાળાએ પહોંચ્યા હતા. જેથી વેકેશન બાદ શાળાઓ પ્રથમ દિવસે ધમધમી ઉઠી હતી. પણ ગામડાઓની પ્રાથમિક શાળાઓમાં પ્રથમ દિવસે બાળકો બહુ ઓછી સંખ્યામાં આવતા હોય છે.

અનુસંધાન પાના નં.૬

# મારવાડાથી અટાલનો તુટી ગયેલો રોડ ફરી બનાવવા માંગ



ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

ગત ચોમાસામાં ભારે વરસાદથી મારવાડાથી અટાલ તેમજ રતનપુરથી અટાલ જતાં રોડને ભારે નુકશાન થયેલ. જેની પંદર દિવસથી દુધ મંડળી બંધ રાખવી પડી હતી અને ગામ સંપર્ક વિહોણું બની ગયેલ. આ ગામને સીપુડેમ યોજના દ્વારા ૧૯૯૦ માં અસરગ્રસ્ત કુટુંબોનો વસવાટ કરવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ સીપુ જળાશય દ્વારા આજદિન સુધી પાયાની સુવિધાઓથી વંચિત ગામ રહેલ છે. તત્કાલીન મંત્રી ચિમનભાઈ સાપારીયાએ મુલાકાત લઈ હૈયાધારણા આપેલ પરંતુ હજુ સુધી આ ગામના રસ્તાઓની કોઈ જ તંત્ર દ્વારા દરકાર લેવામાં આવેલ છે. તાત્કાલિક રસ્તો બનાવવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.

# આનંદ સત્સંગ પરિવાર ડીસા દ્વારા પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજનો દિવ્ય સત્સંગ યોજાશે

ડીસા

સૌ ધર્મપ્રેમી ભાઈઓ બહેનોને સાંભળવા ગમે તેવા પ્રાજ્ઞ પુરુષ પરમ પૂજ્ય સંતશ્રી આનંદમૂર્તિજી મહારાજના દિવ્ય સત્સંગના પંદરમા મણકાનું આયોજન ૧૬-૧૭ જૂન શનિ-રવિવારે ડીસા ખાતે કરવામાં આવેલ છે. તાજેતરમાં જ હરિદ્વાર ઉમિયાધામ ખાતે ૧૫ દિવસ માટે મહાભારત તત્વાર્થ ઉપર વંદનીય ગુરુજી આનંદમૂર્તિજી મહારાજના દિવ્ય સત્સંગથી લાભાર્થીઓએ ખુબ જ રાજીપો વ્યક્ત કર્યો હતો અને તે કથાનું પુનઃ પ્રસારણ આગામી તારીખ ૧૮/૬/૨૦૧૮ સોમવારથી જીટીપીએલ કથા ચેનલ ઉપર નંબરઃ ૫૫૫ ઉપર સવારે ૯ થી ૧૨ માં થનાર છે.

પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજના દિવ્ય સત્સંગનું આયોજન આનંદ સત્સંગ પરિવાર ડીસા દ્વારા પરમાર લીલાબેન ગુલાબસિંહ મદારસિંહ પરિવાર (મોટા) અને રાઠોડ કિરણભાઈ કેશવભાઈ રતનાભાઈ પરિવાર(મોટા) ના સહયોગથી કરવામાં આવેલ છે. જેમાં સંસ્કાર મંડળ ડીસાનો પણ સહયોગ મળનાર છે. પ્રથમ દિવસે તારીખ ૧૬/૬/૨૦૧૮ શનિવારે સાંજે ૬:૩૦ થી ૯:૩૦ ના સત્સંગમાં પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજ ગીતાના તેરમા અધ્યાય ''ક્ષેત્ર- ક્ષેત્રજ્ઞ'' વિભાગના શ્લોકોનો સ્વાધ્યાય કરી પ્રવચન આપશે જ્યારે બીજા દિવસે રવિવારે તારીખ ૧૭/૬/૨૦૧૮ રવિવારે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી ગંગાસતીના ભજનોનો રસાસ્વાદ કરાવશે.

અત્યાર સુધી ચૌદ જેટલા સહયોગીઓના પૂર્ણ સહકારથી ચૌદ મણકા ડીસામાં પૂર્ણ થઈ ચુક્યા છે અને હવે માત્ર સત્સંગના ૪૫ (પીસ્તાલીસ) મણકા જ બાકી છે. ત્યારે વહેલા તે પહેલાના ધોરણે લાભાર્થીઓ પોતાના નામ લખાવી રહેલ છે. ડીસા ખાતે આનંદ સત્સંગ પરિવાર દ્વારા પચ્ચીસમા મણકા વખતે ભવ્યાતિભવ્ય ઉજવણી થનાર છે અને ૨૫(પચ્ચીસ) મણકાના તમામ લાભાર્થીઓનું સન્માનપત્ર આપી પૂજ્ય ગુરુદેવ આનંદમૂર્તિજી મહારાજના વરદ્ હસ્તે સન્માન પણ થનાર છે.

આગામી પંદરમા મણકાનો લાભ વધારે ને વધારે લોકો લે તે માટે સર્વ જયંતિભાઈ ઓઢાવાળા કનુભાઈ આચાર્ય, દિલીપભાઈ ઠક્કર, પ્રવિણભાઈ નાઈ, નાથાભાઈ ખત્રી, શાંતિભાઈ વકીલ, હાપુજી ગેલોત, મનુભાઈ જોષી, દિલીપભાઈ સોની, પ્રહલાદભાઈ સોની, પ્રતાપસિંહ પરમાર, દેવચંદભાઈ ચોક્સી, ગણપતભાઈ ઠક્કર કેશાભાઈ નાઈ સહિત સૌ કોઈ નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી પૂરતો પ્રચાર કરી રહેલ છે. આદર્શ હાઈસ્કુલના પ્રાર્થનાખંડમાં યોજાનાર આ સત્સંગમાં વહેલા તે પહેલાના ધોરણે બેઠક લેવાની રહેશે.

# અમીરગઢ તાલુકાના કરઝા ગામે રોડના કામમાં ગેરરીતિની આશંકા



વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગામે ગામે ૧૦૮ તથા બધી સેવાઓ ઘરના આંગણા સુધી મળી રહે તે માટે સરકારે ગામે ગામે પાકા રોડનું નિર્માણ કરવાનું કામ હાથમાં લીધું છે જયારે બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના કરજા ગામમા રોડના બાંધકામમાં મોટી ગેરરીતી આચરવામાં આવ્યું હોવાનો આક્ષેપ ઉઠવા પામ્યો છે. આ રોડમાં સિમેન્ટ ઓછો અને રેતી કપચી વધારે નાખવામાં આવી રહ્યા છે.કેટલાક અધિકારીઓની મિલી ભગતના કારણે કોન્ટ્રાકટર,સરપંચ મનફાવે તેમ ગેરરીતિઓ થઈ રહી છે.આ રોડ પોતાના ઘરના પૈસાથી બનાવવાનો હોય તેમ સિમેન્ટ ઓછો અને પરવાનગી વગરની રેતીના ઉપયોગમાં વધારો કરી રહ્યા છે.

જેથી જિલ્લાના કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી તપાસ માટે આવે તો તાલુકામાં રોડ સિવાય પણ બીજી ગેરરીતીઓ બહાર આવી શકે તેમ છે.

# બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટયૂટને હેલ્પ લાઈન સેન્ટરની ફાળવણી

**મેડિકલ કોલેજમાં પ્રવેશ માટે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે**

પાલનપુર

ગુજરાત રાજ્યના મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા વિષેની માહિતી માટે બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટયૂટને હેલ્પ લાઈન સેન્ટરની ફાળવણી કરવામાં આવી છે. આ હેલ્પ લાઈન સેન્ટર તા.૧૪-૬-૨૦૧૮થી પાલનપુર સ્થિત સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત કરવામાં આવશે.

મેડિકલ કોલેજમાં પ્રવેશ ઈચ્છતા નીટ કોલ્વીફાઈડ થયેલ વિદ્યાર્થી અને વાલીઓ માટે સેમિનારનું આયોજન તા.૧૩-૬-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યે બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટયૂટના લેક્ચર હોલ-૨ ખાતે રાખવામાં આવેલ છે જેમાં મેડિકલ કોલેજમાં એડમિશન લેવા માંગતા વિદ્યાર્થીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટેનું નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

# પીએનબી કાંડ : નિરવ મોદી ક્યાં છે તે અંગે હજુ સસ્પેન્સ

નવીદિલ્હી

દેશ છોડીને ફરાર થઇ ચુકેલા અબજોના કૌભાંડના આરોપી નિરવ મોદી ક્યાં છે તે સંદર્ભમાં ભારત સરકારને હાલમાં કોઇપણ પ્રકારની માહિતી નથી. સીબીઆઈના સુત્રોએ આ મુજબની માહિતી આપી છે. નિરવ મોદ બ્રિટનમાં છે તેવા મિડિયા અહેવાલ આવ્યા બાદ સીબીઆઈ સુત્રો તરફથી આ મુજબની વાત કરવામાં આવી છે. એકબાજુ નિરવ મોદીએ ભારતમાં રાજકીય પ્રતિશોધનો દાવો કરીને રાજકીય શરણની માંગ કરી છે. નિરવ મોદી ઉપર પોતાના સંબંધી મેહુલ ચોક્સીની સાથે મળીને પંજાબ નેશનલ બેંકની સાથે ૧૩૦૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરવાનો આક્ષેપ કર્યો છે. સીબીઆઈ સુત્રોએ કહ્યું છે કે, તપાસ સંસ્થા પાસે એવી કોઇ નક્કર માહિતી નથી કે નિરવ મોદી ક્યાં છે. જે દેશમાં પણ નિરવ મોદીની ઉપસ્થિતિની માહિતી મળશે ત્યાં આગળની કાર્યવાહી કરવામાં આવશે. એમ કહેવામાં આવે છે કે, નિરવ મોદી અને મેહુલ ચોક્સીની સામે રેડકોર્નર નોટિસ જારી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે તે પહેલા આજે એક અગ્રણી અંગ્રેજી અખબારે કહ્યું હતું કે, નિરવ મોદી લંડનમાં છે જ્યાં તેની કંપની એક સ્ટોર ધરાવે છે તે રાજકીય શરણ મેળવવાના પ્રયાસમાં છે. બ્રિટનના વિદેશ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીના રિપોર્ટને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, નિરવ મોદી બ્રિટનમાં છુપાયેલો છે. સીબીઆઈ અને અન્ય તપાસ સંસ્થાઓ નિરવ મોદીની ગતિવિધિ પર નજર રાખી રહી છે. ઈડી અને સીબીઆઈએ આ મામલામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલી છે. તપાસ સંસ્થા આ મામલામાં મની લોન્ડરિંગમાં પણ તપાસ કરી રહી છે. ભારત પહેલાથી જ શરાબ કારોબારી વિજય માલ્યના પ્રત્યાર્પણને લઈને પ્રયાસમાં છે.

અનુસંધાન પાના નં.૬

# પૂર્વ વડાપ્રધાન વાજપેયીને સારવાર અર્થે ખસેડાયા

નવીદિલ્હી

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને આજે દિલ્હી સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. વાજપેયીને રૂટિન ચેકઅપ માટે એમ્સમાં લઈ જવામાં આવ્યા હતા. તેમની સ્થિતિ સામાન્ય છે અને ટૂંકમાં જ રજા આપી દેવામાં આવશે. એમ્સના તબીબ રણદીપ ગુલેરિયાની સલાહ ઉપર તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પહેલા પૂર્વ વડાપ્રધાનની તબિયતને લઈને એક નિવેદન કરવામાં આવ્યું હતું જેમાં જણાવવામાં આવ્યું હતું કે તેમની સ્થિતિ સ્થિર છે. ગુલેરિયાની દેખરેખમાં તબીબોની ટીમ જરૂરી મેડિકલ ટેસ્ટ કરી રહી છે. ભાજપના સંસ્થાપકોમાં સામેલ વાજયેપી ત્રણ વખત દેશના વડાપ્રધાન બન્યા હતા. વાજપેયી એબા પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા જે સત્તામાં પાંચ વર્ષ પૂર્ણ કરી ચુક્યા છે. વાજપેયીને ભારત રત્નથી પણ સન્માનિત કરવામાં આવી ચુક્યા છે.

# ડીસાના ડોક્ટર હાઉસમાંથી બાઈકની ઉઠાંતરી કરતો શખ્સ રંગેહાથ ઝડપાયો

ડીસા

ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી બાઈક સહિત વાહન ચોરીના બનાવોએ માઝા મુકી છે. ત્યારે ગઈકાલે શહેરના ડોક્ટર હાઉસ વિસ્તારમાં બાઈકની ઉઠાંતરી કરવા જતો એક શખ્સ રંગેહાથ ઝડપાઈ જતાં તેને પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ જુનાડીસા ગામના બ્રિજેશકુમાર ખેંગારજી રાઠોડ (વણકર) ગઈકાલે રાબેતા મુજબ ડીસા ડોક્ટર હાઉસ વિસ્તારમાં નોકરી અર્થે આવ્યા હતા. તેઓ પોતાનુ એચ.એફ.ડીલક્સ કંપનીનું બાઈક નં.જી.જે.૦૮. બી.ડી. ૭૧૫૯ વિહાન હોસ્પિટલની ખુલ્લી જગ્યામાં પાર્ક કરી નોકરી ગયા હતા. ત્યારે એક શખ્સે ડુપ્લીકેટ ચાવીથી બાઈકનું લોક ખોલી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.

અનુસંધાન પાના નં.૬


**નામ પરિવર્તન**

**જુનુ નામ :**
**કૌશિક ભગવાનભાઈ અઢવાણ**

**નવુ નામ :**
**કૌશિકકુમાર ભગવાનભાઈ અઢવાણ**

સરનામું :- કૃષ્ણનગર સોસાયટી, જુના લક્ષ્મીપુરા, સંસ્કાર બાલમંદિરની બાજુમાં, પાલનપુર, બનાસકાંઠા - ૩૮૫૦૦૧

**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લીમીટેડ**

**શોર્ટ ટેન્ડર નોટીસ**

કાર્યપાલક ઈજનેરશ્રી (યાં), યુનિટ-૪, દાણા પીઠ, માણેકચોક, અમદાવાદ-૩૮૦૦૦૧ (ફોન નં.(૦૭૯) ૨૨૧૧૪૦૮૩) (ફેકસ ૨૨૧૩૬૭૬૦) દ્વારા નીચેના કામ માટે શોર્ટ ટેન્ડરથી મહોર બંધ ભાવપત્રકો મંગાવવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | વિગત | (૧) અંદાજીત રકમ (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી. (રૂપિયામાં) | (૧) ભાવપત્રકો ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ (૨) ભાવપત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ. આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ (૩) ભાવપત્રકો ખોલવાની તારીખ/સમય. |
|---|---|---|---|
| ૧. | મોજે નાગલા તા.થરાદ જી.બનાસકાંઠા ખાતે પ્રાયોગિક ધોરણે 'બાકા' ટાઈપ ૧૦x૮ ડાયા પાઈપ સાઈઝના રીચાર્જ પાતાળ કુવાના શારકામ બાબત. | (૧) ૪,૭૧,૨૨૧/- (૨) ૪૭૫૦/- (૩) ૬૦૦/-+૧૦૮/- GST@૧૮% =૭૦૮/- | (૧) તા.૧૨/૦૬/૨૦૧૮ (૨) તા.૨૦/૦૬/૨૦૧૮ (૩) તા.૨૧/૦૬/૨૦૧૮ બપોરે ૧૨.૦૦ કલાકે |

વધુ વિગત માટે www.statetenders.com www.gwrdc.gujarat.gov.in ઉપર જોવા મળશે. અથવા ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ ઉપર પણ જોવા મળશે.
ક્રમાંક/સંમાનિ/અમદ/૫૦૪/૨૦૧૮

## તંત્રી સ્થાનેથી ...

**ઉત્સાહ વગર ક્યારેય કોઈ મહાન ધ્યેય પ્રાપ્ત થઈ શકતું નથી.**

# લોકસભાની ચૂંટણી સંદર્ભે રાજકીય પક્ષોની કવાયત શરૂ

આગામી લોકસભાની ચૂંટણી હજુ દૂર છે. તેમ છતાં હાલ રાજકીય પક્ષો દ્વારા કવાયતનો દોર શરૂ થઈ ચુક્યો છે. તેમાં ખાસ કરીને ભાજપ, કોંગ્રેસ, શિવસેના સહિત અનેક પક્ષો દ્વારા બેઠકોનો દોર શરૂ થઈ ચુક્યો છે. ત્યારે બીજી તરફ એન.ડી.એ.માં ગઠબંધન અંગે સહયોગી પક્ષોમાં તૈયારી શરૂ થઈ ચુકી છે. બિહારમાં નીતિશકુમારની જેડીયુએ જે પ્રકારે ભાજપ સાથે જુના ગઠબંધનની શરત મુજબ ફોર્મુલા અકબંધ રાખી છે. જ્યારે મહારાષ્ટ્રમાં શિવસેના ભાજપ સાથે લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવે તેવું જણાય છે. વર્તમાન સંજોગોમાં દેશમાં ચાલતા ખેડુત આંદોલનના કારણે તેની અસર લોકસભાની ચૂંટણી પર પડ્યા વિના રહેશે નહિં. ખેડુતો શાકભાજી અને દૂધનો જથ્થો રોડ પર ફેંકી રહ્યા છે. ખેડુતોનું કહેવું છે કે અમને પોષણક્ષમ ભાવો મળતા નથી. મજુરી પણ પુરી મળતી નથી. ત્યારે હવે સરકાર આ બાબતે શું કરે છે તે જોવાનું રહ્યું.

મોંઘવારીની સાથે સાથે પેટ્રોલ- ડિઝલના ભાવો અંકુશ હેઠળ આવશે કે કેમ તે સવાલ દેશભરમાં ભારે ચર્ચાની એરણ પર છે. ત્યારે લોકસભાની ચૂંટણી અગાઉ મોંઘવારી પેટ્રોલ- ડીઝલના ભાવોમાં ઘટાડો નહિં થાય તો તેની અસર લોકસભાની ચૂંટણી પર પડ્યા સિવાય રહેશે નહિં. તે વાત ચોક્કસ છે, ભલે રાજકીય પક્ષ ગમે તે દાવા કરે! આગામી ચૂંટણી સંદર્ભે ત્રણેક દિવસ અગાઉ ભાજપ અધ્યક્ષ અમિત શાહની મુલાકાત દરમ્યાન શિવસેના અધ્યક્ષ ઉધ્ધવ ઠાકરેએ ગઠબંધન ચાલુ રાખવા અને કેટલીક શરતો જણાવી હતી.

અમુક સુત્રો મુજબ ભાજપ પાસે શિવસેનાએ મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી ૧૫૨ બેઠકો માંગી છે. તે ૧૩૬ બેઠકો જ ભાજપ માટે છોડવા માંગે છે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે શિવસેનાનું આ પગલું ઉધ્ધવ ઠાકરેની એ યોજનાનો ભાગ છે. જેના હેઠળ તે રાજ્યના મુખ્યમંત્રી પોતાના પક્ષના ઈચ્છે છે. જોકે ભાજપ શિવસેનાના સાંડસામાં આમ જલદી આવે તેમ નથી.

ભાજપ ૨૦૧૪ ની (લોકસભા) બેઠક શેટિંગ ફોર્મ્યૂલા પર શિવસેના સાથે ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણીમાં ઝુકાવે પણ ખરું. તેમ છતાં સૌથી મોટો સવાલ એ છે કે લોકસભા બાદ તે વિધાનસભા ચૂંટણીમાં શું કરશે? જો વિશ્લેષકોનું માનીએ તો લોકસભાની ચૂંટણીમાં તાકાત અજમાવી લીધા બાદ શિવસેના વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડવાનો નિર્ણય લે તેવું મનાય છે.

શિવસેનાનું માનવું છે કે જો ભાજપ કેન્દ્રની સત્તામાં પાછો ફરે તો ફરી મહારાષ્ટ્રમાં લોકોનો મુડ પણ તે મુજબ બદલાઈ જશે. એવામાં શિવસેના ભાજપથી અલગ થઈને ચૂંટણી લડવાથી મોટું નુકશાન પહોંચાડી શકે છે. મહારાષ્ટ્રમાં શિવસેનાએ પોતાની જે શરત ભાજપ સમક્ષ રજુ કરી છે તે બાબતે ભાજપ અધ્યક્ષ અમિત શાહ વડાપ્રધાન મોદી સાથે ચર્ચા કર્યા બાદ જ અંતિમ નિર્ણય લે તેવું માની શકાય, જો કે હજુ સમય છે, શિવસેના અને ભાજપ વચ્ચે પુનઃ બેઠક યોજાય તેવું જણાય છે. જો કે વિધાનસભા ચૂંટણીમાં શિવસેનાને ૧૩૦ થી વધુ બેઠકો આપવા તૈયાર નથી તે પણ હકીકત છે.

## રાષ્ટ્રના પેરા-એથ્લિટ્સને સપોર્ટ કરવા માટે અમદાવાદમાં દોડ તથા સાઈકલ રાઈડનું આયોજન



અમદાવાદ

શહેરમાં રવિવારે સવારે પેરા- એથ્લિટ્સ ને ટેકો આપવા માટે દોડ તથા સાઈકલ રાઈડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦૦ થી વધુ ફિટનેસ ઉત્સાહીઓએ ભાગ લીધો હતો. આદિત્ય મહેતા ફાઉન્ડેશન દ્વારા આ પહેલ કરવામાં આવી હતી, કે જે એક એનજીઓ છે કે જે છેલ્લા ૪-૫ વર્ષથી પેરા- એથ્લિટ્સને પેરા-સપોર્ટ આપે છે.

૧૫ કિલોમીટરની સાઈકલ રાઈડ અને ૫ કિલોમીટરની દોડમાં શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધો પડકારોને માણ્યા અને રાષ્ટ્રના પેરા એથ્લિટ્સ અને વિશ્વના પેરા સપોર્ટ વિષે શીખ્યા.આપણા દેશના અગ્રણી પેરા- એથ્લિટ્સ સપોર્ટર, આદિત્ય મહેતા ફાઉન્ડેશને બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને અમદાવાદ પોલીસ સાથે મળીને પડકારો, હાર્ડ-વર્ક અને પેરા-સપોર્ટ પર પ્રકાશ પાડવા માટે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ધ્યેય પેરા- એથ્લિટ્સને તેમની મર્યાદાઓથી આગળ વધારવાનો અને વિશ્વને તેમની સાચી તાકાત દર્શાવવાનો હતો. આ કાર્યક્રમમાં એશિયન પેરા સાઈકલિંગ ચેમ્પિયનશીપ્સના ડબલ બ્રોન્ઝ મેડાલિસ્ટ હરીન્દર સિંહ, પેરા-બેડમિન્ટનના ભૂતપૂર્વ વિશ્વ ઈ ૨ ખેલાડી ગિરીશ શર્મા અને પેરા-આર્મ રેશલીંગ વર્લ્ડ ચેમ્પિયન- હરીશ વર્મા, હેડ-સાઈકલિંગ કેટેગરીમાં એશિયન પેરા સાઈકલિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ વિજેતા મધુ બાગરી તથા ટ્રિપલ એમ્પ્યુટી એન્ડ એન્થુઝિઆસ્ટ- ટીકેશ કૌશિક પણ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓડ ગુજરાત રોસ્ટરના ૭ એથ્લિટ્સ સહીત અન્ય ટોપ એબલ બોડોળ એથ્લિટ્સે પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન આપણા મેયર ગૌતમ શાહ દ્વારા કરવામાં આવ્યું અને એ.કે.સિંહ(આઈપીએસ,કમિશનર ઓફ પોલીસ, અમદાવાદ), અજય તોમર (આઈજી, બીએસએફ, ગુજકારત ફ્રન્ટીઅર), મોના ખંધાર(આઈએએસ, કમિશનર,ગુજરાત રૂરલ ડેવલોપમેન્ટ), દિનેશ કાપડિયા(સેક્રેટરી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત) અને રૂપેશ શાહ (૩ ટાઈમ વર્લ્ડ બિલીયર્ડસ ચેમ્પિઓન એન્ડ અર્જુન એવોર્ડી) વગેરેએ આ કાર્યક્રમમાં સાઈકલ ચલાવી તથા દોડમાં ભાગ લીધો.

આદિત્ય મહેતા ફાઉન્ડેશનની સિગ્નેચર ફંડ રેઈસિંગ રાઈડ, ઈન્ફિનિટી રાઈડ ૫મી થી ૧૫મી ઓગસ્ટ સુધી યોજાશે, કે જ્યાં બાઈસિકલીસ્ટ શિમલાથી મનાલી સુધી સાઈકલ ચલાવશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## પ્રાણીઓ અને માણસો વચ્ચેના એક મજબૂત સંબંધની ઝલક દર્શાવશે, એનિમલ પ્લેનેટ અને ડોડોની નવી સીરીઝ- "ડોડો હીરોઝ"

એનિમલ પ્લેનેટ અને ડિજિટલની નંબર વન એનિમલ બ્રાન્ડ ડોડો જલ્દી જ નવી સીરીઝ "ડોડો હીરોઝ" લઈને આવી રહી છે, જેમાં દુનિયાભરના જરૂરીયાતમંદ પ્રાણીઓની પ્રેરક કહાનીઓ હશે, સાથે જ એ દયાળુ માણસોની પણ વાર્તા હશે, જે આ પ્રાણીઓ વચ્ચે આશા જગાવવા માટે આગળ આવ્યાં છે. ડોડો હીરોઝ, એનિમલ પ્લેનેટની પ્રથમ ગ્લોબલ સીરીઝ શરૂ થશે, જેનું પ્રીમિયર ભારત અને દુનિયાભરના ૨૨૦ દેશો અને સંઘ શાસિત પ્રદેશોમાં શુક્રવાર, ૧૫ જૂનના રોજ રાત્રે ૯ કલાકે કરવામાં આવશે. જેમાં દરેક એપિસોડમાં એવાં લોકોની વાર્તા હશે, જેમણે પ્રાણીઓની મદદ માટે દરેક સંભવિત પ્રયાસ કર્યાં છે, ત્યાં જ આ સીરીઝ પ્રાણીઓ અને માણસોના વ્યક્તિત્વ અને તેમની ભાવનાઓને ઉજાગર કરશે.ભારતમાં એનિમલ પ્લેનેટ "બી કાઈંડ ટૂ ઑલ" નામક એક અભિયાન શરૂ કરી રહ્યું છે. જે હેઠળ તેઓ પસંદગીના સ્વયંસેવી સંગઠનો માટે ફંડ એકત્રિત કરશે કે જે પ્રાણીઓના કલ્યાણ માટે સમર્પિત છે. આ સંવેદનશીલ મુદ્દા પ્રતિ જાગરૂક્તા લાવવા માટે આ ચેનલે સોહા અલી ખાન અને કૃણાલ કપૂર જેવા સેલેબ્રિટીઝને પણ પોતાની સાથે સામેલ કર્યાં છે. "ભારતમાં આવારા પશુઓની સ્થિતિ ચિંતાનો વિષય છે અને આપણે સૌએ સાથે મળીને આ પ્યારા જાનવરોની મદદ માટે આગળ આવવું પડશે. હું વ્યક્તિગત રીતે એવાં ઘણાં લોકોને મળી છું કે જેઓ પ્રાણીઓની મદદ કરવાં માંગે છે પરંતુ તેઓ કરી નથી શકતાં કારણકે, તેઓ જાણતાં નથી કે આ માટે શું કરી શકાય. બી કાઈંડ ટૂ ઓલ કાઈંડ નામનું અભિયાન એવાં લોકો સુધી પંહોચ બનાવીને મદદ કરે છે કે જેથી તેઓ પોતાનો સહયોગ આપી શકે. દરેક પ્રાણીઓની મદદ માટે આગળ આવવું આપણાં દરેકની જવાબદારી છે, ખાસ કરીને જાનવરો માટે. એવાં ઘણાં સ્વયંસેવી સંગઠન છે, જે આ જરૂરિયાતમંદ પ્રાણીઓના બચાવ અને પુનર્વાસ માટે કામ કરે છે. આમાંથી ઘણા આ પ્રાણીઓ માટે શરણસ્થલી, એમ્બ્યુલન્સ સર્વિસ, ટીકાકરણ કાર્યક્રમ વગેરે ચલાવે છે અને તેમની સારવાર માટે શિબિર લગાવે છે અને કોઈપણ પ્રકારની વિપત્તિથી બચાવ માટે અભિયાન પણ ચલાવે છે. "બી કાઈંડ ટૂ ઓલ કાઈંડ" અભિયાન હેઠળ એનિમલ પ્લેનેટ વર્લ્ડ ફોર ઓલ સહિત દરેક બિન-સરકારી સંગઠનોની મદદ માટે લોકોને અપીલ કરશે કારણકે આવારા પ્રાણીઓના બચાવ અભિયાન. તેમની સારવાર તથા પ્રાથમિક ચિકિત્સા વગેરે માટે માસિક ફંડ એકત્રિત કરવામાં આવી શકે. આવાં સંગઠનોમાં "ધી ફૈલિન ફાઉન્ડેશન" સમાવિષ્ટ છે જે મુંબઈમાં નિસહાય બિલાડીઓ અને શ્વાનોની સંખ્યા નિયંત્રિત કરવાં માટે મદદ કરી રહી છે. આ જ રીતે "વાઈલ્ડ લાઈફ રેસ્ક્યૂ તથા રિહેબિલિટેશન સેન્ટર" જેવી સંસ્થા જંજીરોમાંથી આઝાદ કરવામાં આવેલ ૫ હાથીઓના પાલન –પોષણમાં મદદ કરે છે. આ સંસ્થાઓને દાન આપવા માટે તમે www.animalplanet.in પર વિઝિટ કરો અને સહયોગ આપો.

## ઈશાન્ત ભાનુશાલી કલર્સના રૂપ... મર્દ કા નયા સ્વરૂપમાં પ્રવેશ કરે છે



પુરુષ પ્રધાન સમાજમાં પુરુષો અને સ્ત્રીઓની ભૂમિકા પર પ્રશ્નો ઉઠાવતા ૮વર્ષની વયના છોકરા, રૂપ (અફાન ખાન)ની કહાણીની કલર્સની તાજેતરની પ્રસ્તુતિ, રૂપ... મર્દ કા નયા સ્વરૂપથી દર્શકો રોમાંચિત છે. કથા રેખામાં વધુ વળાંક લઈ આવતાં બાળ કલાકાર, ઈશાન ભાનુશાળી દ્વારા અભિનિત રણવીર નામનું એક નવું પાત્ર પ્રવેશ કરે છે. રૂપ...મર્દ કા નયા સ્વરૂપ કલર્સ પર દર સોમવારથી શુક્રવાર રાત્રે ૯.૦૦ કલાકે પ્રસારિત થાય છે.

ઈશાન્તનું પાત્ર રણવીર રૂપનો પિતરાઈ ભાઈ છે જે ઊનાળાના વેકેશન માટે વાઘેલા નિવાસમાં આવે છે. તે એક તોફાની બાળક છે જે જાણે છે કે તોફાન કરીને કેવી રીતે ભાગી છૂટવું. જયાં રૂપ એવા શોખમાં ભારે રસ ધરાવે છે જે છોકરીઓ માંહે વધુ લોકપ્રિય હોય છે, રણવીર પોતાની વયના મોટાભાગના છોકરાઓ હોય છે તેવો છે. રણવીરના 'મેચો' તથા 'નિર્ભિક' પ્રકારના સ્વભાવના કારણે શમશેર અને કૌશલ્યા બુઆ એને પસંદ કરે છે અને રૂપ પણ તેવો જ બને તેવું ઈચ્છે છે.

રોમાંચિત ઈશાન્ત ભાનુશાલીએ કહ્યું, "મારું પાત્ર રણવીર તોફાની બાળકનું છે જેને રૂપને પજવવાનું પસંદ છે પણ સાથો–સાથ જ તેને વધુ 'મેચો' બનવા પ્રોત્સાહન પણ આપે છે. રૂપ... મર્દ કા નયા સ્વરૂપનો હિસ્સો બનવા તથા આટલી પ્રતિભાશાળી ટીમ સાથે કામ કરવા બાબતે હું ખૂબ જ આનંદિત છું. મેં આફાન, તશીન અને અનન્યા જેવા નવા મિત્રો પણ બનાવ્યાં છે અને અમે સૌ સેટસ પર ખૂબ જ મસ્તી કરીએ છીએ."

દર સોમવારથી શુક્રવાર રાત્રે ૯.૦૦ કલાકે જોતાં રહો રૂપ...મર્દ કા નયા સ્વરૂપ ફક્ત કલર્સ પર

## મિનિસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેનિયરશીપે ત્રણ વર્ષમાં ૨.૫ કરોડ યુવાનોને તાલીમ આપી

નવી દિલ્હી

મિનિસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેનિયરશીપ (એમએસડીઈ)એ પાછલા ત્રણ વર્ષ દરમિયાન પોતાના સશક્ત પ્રયાસો દ્વારા સુરક્ષિત અને કુશળ ભવિષ્યનો પાયો તૈયાર કરી લીધો છે. એક પ્રેસ કોન્ફરન્સમાં આદરણીય પેટ્રોલિયમ અને નેચરલ ગેસ તથા સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેનિયરશીપ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સ્કીલ ઈન્ડિયા મીશન હેઠળ પ્રાપ્ત થયેલી ઉપલબ્ધિઓ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે કેવી રીતે નોકરી માટે તૈયાર આપણા યુવાનો ભારતના આર્થિક વિકાસમાં યોગદાન આપવા માટે સક્ષમ બની રહ્યાં છે. એમએસડીઈના રાજ્ય મંત્રી અનંત કુમાર હેગડે પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. "વર્ષ ૨૦૧૪માં શરૂ થયેલી આ પહેલ એક એવી પ્રણાલીના સ્વરૂપે વિકસિત થઈ છે કે જેના માધ્યમથી યુવાઓને તેમની રૂચિ પ્રમાણે કૌશલ્યો પ્રદાન કરીને નોકરી માટે તૈયાર કરવામાં આવે છે. આ પ્રોગ્રામ દ્વારા અમે ભારતને આર્થિક રીતે સશક્ત પાવરહાઉસ બનાવવાનું સપનું સાકાર કરી રહ્યાં છીએ. આપણા વડાપ્રધાનના દ્રષ્ટિકોણ સૌના સાથ અને સૌના વિકાસને ધ્યાનમાં રાખતા આજે ભારતની વિકાસગાથાએ નવી દિશા મેળવી છે, જ્યાં સમાજના વંચિત યુવાનોને પણ આગળ વધવાની અને આત્મનિર્ભર બનવાની તક મળી રહી છે. આગામી દિવસોમાં અમે આધુનિક ટેકનીકના ઉપયોગ દ્વારા પ્રશિક્ષણની ગુણવત્તામાં સુધાર લાવીશું, જેથી આપણા યુવાનોને ઉદ્યોગોની જરૂરિયાત મૂજબની તાલીમ આપી શકાય.""પાછલા બે વર્ષોમાં અમે ૪૫૦થી વધુ પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્રોની કામગીરી શરૂ કરી છે. આ કેન્દ્રોમાં કૌશલ્ય તાલીમ માટે અત્યાધુનિક મૂળભુત સુવિધાઓ ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૧૮ના અંત સુધીમાં દેશના ૭૦૦ જિલ્લામાં એક-એક પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર હશે.

અમે સુનિશ્ચિત કરીશું કે યુવાનોને કૌશલ્ય તાલીમ મળે અને ત્યારબાદ તેમને સરકારની મુદ્રા યોજનાના માધ્યમથી ઉદ્યોગ સાહસિકતાના અવસર પણ પ્રદાન કરવામાં આવે. આગામી ત્રિમાસિકગાળા (જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર) દરમિયાન અમે એક લાખ કુશળ વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા સાથે જોડવાનો લક્ષ્ય ધરાવીએ છીએ,"

## કલ્યાણ જ્વેલર્સ રમઝાન/ઈદની ઉજવણી માટે ટોચની ૬ જ્વેલરી પ્રસ્તુત કરે છે!



અત્યારે ઈસ્લામનો પવિત્ર મહિનો રમઝાન ચાલી રહ્યો છે, જેમાં કલ્યાણ જ્વેલર્સે પોતાનાં વિસ્તૃત સિઝનલ કલેક્શનમાંથી ટોચની ૬ જ્વેલરી તમારાં માટે પસંદ કરી છે. એટલે જ્યારે તમને ઈફ્તાર માટે આમંત્રણ મળે કે તમે ઈદનાં લંચ માટે તમારાં પરિવારજનોને મળો ત્યારે આ જ્વેલરીમાંથી કોઈ પણ જ્વેલરી ધારણ કરી શકો છો, જે તમારી સુંદરતાને ચાર ચાંદ લગાવી દેશે!આ જ્વેલરી તહેવારની સિઝનને અનુરૂપ ડિઝાઈનમાં ગોલ્ડ અને કિંમતી રત્નો સાથે તમારી સ્ટાઈલ અને તમારું વ્યક્તિત્વ પ્રકટ કરશે! તો આવો, તેમાંથી તમને પસંદ પડે એવી જ્વેલરી ખરીદો અને ઈદનાં પાક તહેવાર પર તમારાં વસ્ત્રો પર તેને ધારણ કરો. પછી જુઓ, કિંમતી રત્નો અને સોનાની ચમક તમારી આંખોમાં દેખાશે! સોનું અને વિશિષ્ટ વાદળી નીલમમાંથી બનેલ આ સુંદર નેકલેસ આ ઈદ પર તમારાં વસ્ત્રોની સાથે ચમકી ઊઠશે અને તમારી સુંદરતા વધારશે!પરંપરાગત ગુંબજ ઝુમ્મરની ડિઝાઈનથી પ્રેરિત થઈને આ જ્વેલરી બનાવવામાં આવી છે. આવો ગુંબજ દુનિયાભરમાં પ્રસિદ્ધ અને ભવ્ય મસ્જિદોમાં જોવા મળે છે. આ વિશિષ્ટ ઝુમકારે સોનું, હીરામાંથી બનાવેલ છે, જે કિંમતી રત્નો ધરાવે છે. આ વેલકોતરણીનો શણગાર સુંદરતામાં વધારો કરશે! વિશિષ્ટ સ્ટાઈલમાં સોના અને ડાયમન્ડથી મિશ્રિત આ આકર્ષક ડિઝાઈન સાથેની રિંગ સ્ટાઈલ ધરાવે છે અને બધાનું ધ્યાન ખેંચે છે!

## તું અગાઉ ઘણી બધી પ્રેમકથાઓમાં આવી ચૂક્યો છે, પરંતુ પહેલી જ વાર સુપરનેચરલ શોનો હિસ્સો બની રહ્યો છે. આ ભૂમિકા લેવા માટે શું નિમિત્ત બન્યું?



લાલ ઈશ્ક અજોડ સંકલ્પના સાથેનો શો છે અને મને પ્રકાર તરીકે, ફિલ્મ, ટેલિવિઝન શો કે પુસ્તકો હોય, સુપરનેચરલમાં હંમેશાં ઊંડો રસ રહ્યો છે. હું માનું છું કે સુપરનેચરલ અને હોરર વચ્ચે પાતળી રેખા છે અને ઘણા બધા લોકો તેને હોરર સમજી બેસે છે. મને આપવામાં આવેલું પત્ર અત્યંત રસપ્રદ છે અને તેથી મને તે મળ્યાની ખુશી છે.

બે પ્રકારના સંયોજન કઈ રીતે કામ કરે છે એવું તને લાગે છે?

આ પ્રકાર ટેલિવિઝન પર અગાઉ બહુ જોવા મળ્યો નથી, જેથી પ્રયોગ માટે ભરપૂર અવકાશ છે. વાસ્તવિકતા એ છે કે દર્શકોને રહસ્ય અને પ્રેમકથાઓ ગમે છે અને હું માનું છું કે આ સંયોજન પરફેક્ટ છે.

શું અગાઉ ક્યારેય સુપરનેચરલ જેવું અજમાવ્યું છે?

મારો જવાબ હા છે. મેં મારા પોતાના પ્રેમજીવનમાં સુપરનેચરલ બળોનો અનુભવ કર્યો છે. મને લાગે છે કે પ્રેમ એ સૌથી મજબૂત ભાવના છે. જો તમે કોઈકને પ્રેમ કરો તો ગમે તે થાય તો પણ એકત્ર રહેવા માટે તમે કોઈ કસર બાકી નહીં રાખો.

શું શો પર અન્ય કલાકારો સાથે અગાઉ કામ કર્યું છે?

હા, પ્રીતિકા સાથે ઈતિહાસ છે. અમે વાસ્તવમાં ભૂતકાળમાં એકત્ર આવવાનાં હતાં, પરંતુ અમુક અણદેખીતા કારણોસર તે સાકાર થયું નહીં. જોકે આખરે લાલ ઈશ્ક થકી અમે એકત્ર આવ્યા છીએ. તે મારી બહુ સારી ફ્રેન્ડ છે એટલે સારું લાગ છે. હું નીતિ ટેલર સાથે જોકે પહેલી વાર કામ કરી રહ્યો છું અને બંને સ્ત્રીઓ અત્યંત પ્રતિભાશાળી છે અને બંને સાથે કામ કરવાની મને મજા આવી છે

તું કયા કલાકાર સાથે ઈશ્ક અથવા રોમાન્સ કરવાનું પસંદ કરીશ?

વારુ, સ્ક્રીન પર હું રોમાન્સ કરવા માગું એવું કોઈ ચોક્કસ નામ નથી. જો મને તક મળે તો દરેક કલાકાર સાથે મારી કેમિસ્ટ્રી અજમાવવાનું ગમશે, કારણ કે વ્યાવસાયિક રીતે તે ઉત્તમ તક બની શકે છે. હું દરેક વ્યક્તિ પાસેથી નવું નવું શીખવા માગું છું અને મારી અભિનય કુશળતાઓને નિખારવા માગું છું.

## ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા ભારતમાં સતત વિકાસના લક્ષ્યાંકો માટે બ્લુપ્રિંટ પર પ્રકાશ પાડે છે

ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા (જીસીએનઆઈ), યુનાઈટેડ નેશનલ નેટવર્ક ગ્લોબલ કોમ્પેક્ટ, ન્યૂ યોર્ક, ૮ જૂન ૨૦૧૮ ના રોજ તેની ૧૩મા નેશનલ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. કોન્ફરન્સનો વિષય હતો - સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ - અ બ્લુપ્રિન્ટ ફોરએક્સન. કોર્પોરેટ્સ, જાહેર ક્ષેત્રના પ્રમુખો સીઈઓ, સિએક્સઓ, સિવિલ સોસાયટીના સંગઠન તથા યુએન એજંસી ના પ્રમુખોએ કાર્યક્રમ માં ભાગ લીધોસંયુક્ત રાષ્ટ્ર ભારત વ્યાપાર મંચ, જે જી.સી.એન.આઈ. અને યુએન દ્વારા સંયુક્તપણે આયોજીત કરવામાં આવ્યું તે પછી આ અગત્યના કાર્યક્રમ દ્વારા આ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું, એક્સેન્ચર આ પ્રોગ્રામ માટે નોલેજ પાર્ટનર છે. આ કોન્ફરન્સનું નેતૃત્વ શ્રી ડે કે હોટા, સીએમડી, બીઈએમએલ દ્વારા કરવામાં આવ્યું હતું.

નીતિ આયોગ ના સીઈઓ શ્રી અમિતાભ કાંતે જણાવ્યું હતું કે, જ્યારે વિડિઓ કોન્ફરન્સિંગ મારફતે સત્ર સંબોધન હું ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા, ઓએનજીસી અને બીઈએમએલ નો અભિનંદન પાઠવું છું. જેમને સ્થાયી વિકાસ ના લક્ષ્યો નો ભવ્ય કાર્યક્રમ નું આયોજન કર્યું છે.

ભારત સરકારે ટકાઉ વિકાસ લક્ષ્યાંકો મજબૂત વિશ્વાસ દર્શાવે છે, અમારા વડા પ્રધાન પણ ટકાઉ વિકાસ માટે તેના પ્રતિબદ્ધતા પુષ્ટિ કરી નથી. અમે આગામી બે વર્ષમાં ૧૦ ટકાના વિકાસનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, એ મહત્વનું છે કે આપણે સર્વગ્રાહી વિકાસની ખાતરી કરીએ.

હું માનું છું કે અમે આ લક્ષ્યો હાંસલ કરવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છીએ. આ ધ્યેયોને વિશ્વ-વર્ગનાં ધ્યેયો કહેવામાં આવે છે, જે પૃથ્વીને સલામત રાખતી વખતે તમામ દેશોની સમૃદ્ધિને સુનિશ્ચિત કરશે. આ લક્ષ્યોને કારણે, ટકાઉ વિકાસના પડકારોને અસંગઠિત પ્રયત્નો સાથે હલ કરી શકાય નહીં. "

## એબી ડિવિલિયર્સ એક મહાન બેટ્સમેન છે : શિખર ધવન

આઈપીએલમાં સનરાઈઝર્સ હૈદરાબાદના દિગ્ગજ ઓપનર ખેલાડી શિખર ધવને આ સિઝનમાં સારું પ્રદર્શન કર્યું, તેને ૧૬ મેચ રમતા ૪૯૭ રન બનાવ્યા, આ દરમિયાન ધવને ૪ અર્ધશતક પણ લગાવ્યા. ધવન દુનિયાના કેટલાય દિગ્ગજ ખેલાડીઓ સામે રમી ચૂક્યો છે અને આઈપીએલમાં એકજ ટીમથી પણ રમ્યો છે.

આ બધાની વચ્ચે ધવને એક મોટો ખુલાસો કર્યો છે. ધવને પોતાના ફેવરિટ ખેલાડીનું નામ જાહેર કર્યુ છે. ધવને તાજેતરમાં જ ક્રિકેટના બધા ફોર્મેટમાંથી સન્યાસ લઈ ચૂકેલા સાઉથ આફ્રિકાના એબી ડિવિલિયર્સને પોતાનો સૌથી ફેવરિટ ખેલાડી ગણાવ્યો છે. ધવને એક ઈન્ટરવ્યૂમાં આ ખુલાસો કર્યો હતો.ધવને કહ્યું કે, ધવન એક દમદાર બેટ્સમેન હોવા ઉપરાંત એક દમદાર લીડર પણ છે. ધવને કહ્યું કે, "એબી ડિવિલિયર્સ, તે એક મહાન બેટ્સમેન છે. ડિવિલિયર્સ એક સારો લીડર પણ છે. હું તેને જોઈને ઘણુબધુ શીખ્યો છું. હું એ વાતથી ખુશ છું કે મને તેની સામે રમવાનો મોકો મળ્યો."

ઉલ્લેખનીય છે કે, સાઉથ આફ્રિકાના સૌથી બેસ્ટ બેટ્સમેન ડિવિલિયર્સે આઈપીએલ ૨૦૧૮ બાદ સન્યાસ લેવાની જાહેરાત કરી, તેને આઈપીએલમાં અત્યાર સુધી ૧૪૧ મેચ રમી છે, જેમાં ૩૯૫૩ રન બનાવ્યા છે.

## કથાસાગર-વિશાળ વૃક્ષ

એક વખત ચીનના નાનપોહ કસ્બાના નિવાસી સંત ત્સુચિ શાંગ પર્વત પર આરામ કરી રહ્યા હતા. ત્યારે જ તેમને થોડા અંતરે એક અત્યંત વિશાળ વૃક્ષ જોવા મળ્યું. તે એટલું મોટું હતું કે દૂર દૂર સુધી ફક્ત તેના પર જ નજર જતી હતી. વૃક્ષને જોઈને સંત ત્સુચિના મોંમાંથી અચાનક નીકળી ગયું, 'આટલું વિશાળ કોઈ વૃક્ષ હોઈ શકે, જેની છાયામાં રાહગીર પોતાનો થાક ઉતારે છે.' આ કઈ પ્રજાતિનું હશે તે વિચારવા લાગ્યા. પછી તે તેનું પરીક્ષણ કરવાના હેતુથી વૃક્ષની નજીક ગયા. તેમણે ખુદને કહ્યું, 'આ વૃક્ષનું લાકડું ચોક્કસ બહુ ઉમદા પ્રકારનું હશે.'

તેઓ વૃક્ષની ચારેબાજુ ફર્યા તો તેમણે જોયું કે દરેક તરફ તેની શાખાઓ વાંકીચૂકી છે. તેમણે વિચાર્યું કે આ વૃક્ષની શાખાઓ તો એટલી વધારે વાંકી થઈ ગઈ છે કે તેનાથી એક નાવ સુદ્ધાં બની ન શકે. વૃક્ષના થડમાં એટલી ગાંઠો છે કે તેનાથી લાકડાનો એક તરાપો પણ તૈયાર ન કરી શકાય. પછી તેમણે વૃક્ષનું એક પાંદડું તોડ્યું અને મોંમાં નાખ્યું તો તેઓ પરેશાન થઈ ગયા. પાન એટલું કડવું હતું કે તેમનું રોમ-રોમ કાંપી ઉઠ્યું અને પાંદડાની તીવ્ર ગંધ અને તીખાપણાથી તેમની જીભ અને હોઠ છોલાઈ ગયા. વૃક્ષનું પૂર્ણ રૂપે પરીક્ષણ કર્યા બાદ તેઓ બોલ્યા, 'જો કોઈ વ્યક્તિ ભૂલથી આ પાંદડાંને ચાખી લે તો બે-ત્રણ દિવસ સુધી તે પોતાની સુધબુધ જ ખોઈ બેસે.'

ત્યાર બાદ તેઓ વૃક્ષથી થોડા દૂર થયા અને તેને નિહાળતાં બોલ્યા, 'ઓહ, હવે ખબર પડી કે આ વૃક્ષ આટલું વિશાળ કેમ છે? બુદ્ધિમાનોએ આના પરથી બોધ લેવો જોઈએ. જો તેઓ કોઈના કામમાં ન આવે તો તેના મોટા હોવાનો શો લાભ? વ્યક્તિ નાનો હોય પરંતુ જો કોઈને કામ આવે છે તો પણ તેના અસ્તિત્વની પ્રશંસા કરવામાં આવે છે પરંતુ મોટો વ્યક્તિ જો કોઈને કામ નથી આવી શકતો તેનું અસ્તિત્વ વ્યર્થ છે.'

## અંતર્દષ્ટિ-આગે બઢો

જો લ-ય સ્પષ્ટ હોય, તેને મેળવવાની તીવ્ર ઉત્કંઠા અને અદમ્ય ઉત્સાહ હોય તો એકલો વ્યક્તિ પણ ઘણું બધું કરી શકે છે. વિશ્વકવિ રવિન્દ્રનાથ ટાગોરનું એ કથન કેટલું સચોટ છે કે અસ્ત થતાં પહેલાં સૂર્યએ પૂછ્યું કે મારા અસ્ત થઈ ગયા બાદ દુનિયાને પ્રકાશિત કરવાનું કામ કોણ કરશે. ત્યારે એક નાનકડો દીવો સામે આવ્યો અને કહ્યું, પ્રભુ, જેટલું મારાથી થઈ શકશે, તેટલો પ્રકાશ ફેલાવવાનું કામ હું કરીશ. આખરી ટીપા સુધી દીપક પોતાનો પ્રકાશ ફેલાવતો રહે છે. જેટલું આપણે કરી શકીએ છીએ, એટલું કરતા જાવ. આગળનો માર્ગ એમ જ બનતો જશે. કોઈએ કેટલું સુંદર કહ્યું છે કે જેટલું તમે કરી શકો છો એટલું કરો, પછી જે તમે નહિ કરી શકો, તેને પરમાત્મા પૂરું કરશે. જે વ્યક્તિ આપત્તિ-વિપત્તિથી ગભરાતો નથી, પ્રતિકૂળતા સામે ઝૂકતો નથી અને દુઃખને પણ પ્રગતિની સીડી બનાવી લે છે, તેની સફળતા નિશ્ચિત છે. એવા ધીર પુરુષના સાહસને જોઈને અસફળતા ઘૂંટણિયે પડી જાય છે. તેથી જ તો કહેવાયું છે કે - 'ચરૈવેતિ ચરૈવેતિ' એટલે કે ચાલતા રહો, ચાલતા રહો, નિરંતર શ્રમશીલ રહો. કોઈ મહાપુરુષે કેટલું સુંદર કહ્યું છે - અંધકારની નિંદા કરવા કરતાં એક નાની મીણબત્તી, એક નાનો દીવો જલાવવો ક્યાંય વધુ સારું હોય છે. મહાપુરુષ સમજાવે છે કે વ્યક્તિ સફળતા પ્રાપ્તિ માટે પુરુષાર્થ અવશ્ય કરે, પરંતુ અતિ મહત્ત્વાકાંક્ષી ન બનો.

કોઈના હૃદયને પીડા પહોંચાડીને કોઈના અધિકારોને છીનવીને પ્રાપ્ત કરવામાં આવેલ સફળતા ના તો સ્થાયી હોય છે અને ના સુખદ. એવી સફળતાનો કોઈ અર્થ નથી હોતો. અતિ મહત્ત્વાકાંક્ષા વ્યક્તિને સરમુખત્યાર તો બનાવી શકે છે, પરંતુ સુખ-ચેનથી જીવવા નથી દેતી. દિવસ-રાત ભય અને ચિંતાનું વાતાવરણનું નિર્માણ કરે છે અને અંતે સર્વનાશનો જ પર્યાય બને છે. આપણે ભગવાન શ્રીકૃષ્ણનું ગીતામાં કથિત એ સંદેશ ક્યારેય વિસ્મૃત ન કરવો જોઈએ કે હે અર્જુન! તારો કર્મ કરવામાં જ અધિકાર છે, ફળ મેળવવામાં નહિ. તેથી તું કર્મો કરવા પર ધ્યાન આપ, ફળ મેળવવાની ચિંતામાં ગુંચવાયેલો ના રહીશ. તેથી આપણા માટે એ જરૂરી છે કે આપણો કોઈપણ દશામાં નિરંતર પ્રયાસ કર્યા બાદ પણ જો વાંછિત સફળતા ન મળે, તો ઉદાસ અને નિરાશ નથી થવાનું. આ જગતમાં સદૈવ મનગમતી સફળતા કોઈને પણ નથી મળી અને ના ક્યારેય મળી શકે છે, પરંતુ એ પણ સત્ય છે કે કોઈનો પુરુષાર્થ ક્યારેય નિષ્ફળ નથી ગયો.

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભક્તિને લગતાં સાહિત્યનાં અજવાળાં...



# સુવાકયો

પોતાની જાત પર શ્રદ્ધા રાખવી અને પોતાની બધી જ શકિત સાથે કામે લાગી જવુ દસમાંથી નવ વખત આ સફળતાનો આધાર છે.
વિચારવો વધુ, બોલજો ઓછું અને લખજો થોડુંક જ.
રાજા હોય કે ખેડૂત સહુથી વધુ સુખી એ છે કે જે પોતાના ઘરમાં શાંતી મેળવે છે.
માથે ચિંતા રાખીને કરવામાં આવેલા કામમાં કંઈ ભલી વાર થતો નથી એ કામ સારૂં થવાને બદલે બગડી જ જાય છે.
જીંદગીમાં કયારેક એક ક્ષણ કોઈક માટે બુરી હોય છે તો એ જ ક્ષણ સામેવાળા માટે સારી હોય છે.
સાચા રસ્તે ચાલતી એક કીડી તમને પછાડી શકે છે જો તમે ખોટા રસ્તે ચાલતા હોવ તો..
હું મારૂ દરેક કામ કરતી વખતે દુનિયામાં તે વખતે
બીજી કોઈ ચીજ છે જ નહિ એમ માનીને કામ કરૂ છું
મોટા કામ કરો, પણ મોટા વચન ન આપો.

**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## ગૃહસ્થ જીવન સારૂં કે સન્યસ્થ

તેજસ્વી અને તપસ્વી સંન્યાસીઓને જોઈને પ્રભાવિત થતા આપણે ઘણી વાર એવા તપસ્વી સાધુ જીવન શ્રેષ્ઠ છે તેમ માનીને હિમાલયની ગુફાઓમાં ચાલ્યા જવાનું વિચારીએ છીએ. કયારેક રાજા મહારાજ જેવા વૈભવી બંગલાઓમાં નોકરચાકરથી ઘેરાયેલા એશો આરામની જીંદગી જીવનારા ફિલ્મી કલાકારો, ક્રિકેટરો કે નેતાઓની લાઈફ સ્ટાઈલથી અંજાઈને ગૃહસ્થી જીવન જીવવા પ્રેરાઈએ છીએ.

આમ તો ગૃહસ્થી જીવન કે સંન્યાસી જીવન એક સિક્કાનાં બે પાસાં છે પરંતુ એવી પાકી સમજણ ન આવે ત્યાં સુધી માયા છોડીને સન્યસ્થ જીવન જીવવા માટે આપણાં શાસ્ત્રો અને કથાકારો સાધુ સંતો અવારનવાર ઉપદેશ આપે છે તેથી આપણે પુરા મનથી સંસાર ભોગવી શકતા નથી કે તેમાં રહીને પણ મુક્તિનો આનંદ લઈ શકતા નથી.

સંસાર સાગરમાં રહીને પણ જળ કમળવત રહી શકાય છે. જેમ પાણીમાં રહેતું કમળ પાણીથી અલિપ્ત રહે છે તેમ સંસારમાં રહેતા લોકો પણ સંસારની માયાથી લપેટાયા વગર જીવી શકે છે. તેવાં અનેક ઉદાહરણો આપણે વાંચ્યા છે, જોયાં છે, અનુભવ્યાં છે, જ્યારે બીજી તરફ કહેવાતા સાધુ સંતો, બાહ્ય આડંબર કરતા ભકતો, ઉંચા સામીયાણામાં, એસી ચાલુ રાખીને મનોરંજન થાય તેવા વસ્ત્ર પરીધાનમાં કથા કરતા કથાકારોના અંગત જીવનને કલુષિત થયેલાં જોયાં છે. ફિલ્મી સીતારાઓ, ક્રિકેટરો કે રાજકીય આગેવાનો, ઉચ્ચ અધિકારીઓ અને કહેવાતા સેલીબ્રીટીઓનો, અંગત જીવનમાં તો ડોકીયું કરવા જેવુ જ નથી તેમ આજના સમાજ હિતચિંતકો દ્રઢપણે માને છે.

જો અંતરથી સંતુષ્ટ નહીં હોઈએ કે આંતરીક વિશ્રાંતિ નહીં પામીએ તો હીમશિખરોની ગુફાઓ કે ગાઢ વન વગડાની ઝુંપડીઓ પણ આપણને ટાઢક આપીને શાંત કરી શકશે નહીં.

સ્વામી વિવેકાનંદ જેવા સાચા સાધુઓ ગમે તેવી રૂપલલનાઓ તેમને લલચાવે તો પણ તેમાં લપેટાયા વગર પોતાના દ્રઢ મનોબળનો પરિચય આપી શકે છે. છત્રપતિ શિવાજી જેવા આદર્શ રાજપુરૂષો તેમના સૈનિકો દ્વારા અપહૃત કરીને લાવેલી દુશ્મન રાજયની સૌદર્યથી મહેકતી સ્ત્રીને જોઈને કહી શકે છે, હે મા ! મારી માતા સમાન તમે છો. મારી માતા પણ તમારા જેવી રૂપાળી હોત તો હું પણ આપના જેવો જ સુંદર યુવાન થયો હોત.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠીતાત્ ।
## સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ।।

‘જેનાથી જગતની પ્રવૃત્તિ થાય છે અને સર્વને વ્યાપ્ત કરી રહી છે એવી શક્તિની અર્ચના-પૂજન કરવાની દ્રષ્ટીથી આપણે કર્મ કરીએ છીએ’ એમ ભગવાન કહે છે. આવા પ્રકારની ભવ્ય અને દિવ્ય દ્રષ્ટી ગીતાકાર આપે છે. આપણી પાસે જે ભૌતિક શક્તિ છે તે બીજાના શોષણ માટે નથી. આ બાબતમાં વૃત્તિ સંકરતા પણ ન આવવી જોઈએ તે સમજાવતાં ભગવાન કહે છે કે:

શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠીતાત્ ।
સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ।।૧૮-૪૭ ।।

‘સારી રીતે આચરેલા-આચરવામાં આવેલા (સુ અનુષ્ઠીતાત્) બીજાના ધર્મ કરતાં પરધર્મ કરતાં (પરધર્માત્) ગુણરહીત-ગુણ વિનાનો, ઓછા ગુણવાળો (વિગુણ)પોતાનો ધર્મ (સ્વધર્મ) ચઢીયાતો છે-શ્રેષ્ઠ છે. (શ્રેયાન્) (કેમ કે) સ્વભાવથી નિયત થયેલાં (સ્વભાવ નિયતમ્) સ્વધર્મરૂપી કર્મ-કાર્ય (કર્મ) કરતો માણસ (કુર્વન્) પાપને દોષને (કિલ્બિષમ્) પામતો નથી. (ન આપ્નોતિ)’

ભગવદ્ ગીતામાં મનુષ્યનાં વ્યવસાયિક કર્તવ્યનો નિર્દેશ કરેલો છે. માણસે પોતાના સ્વભાવની મર્યાદામાં રહીને જ નિયત કર્મ કરવું જોઈએ. અન્ય ધર્મથી આકર્ષાઈને સ્વધર્મ ત્યજવો જોઈએ નહીં. તેમ કરવાથી અનિષ્ટ પ્રાપ્ત થાય છે. તેથી જ ભગવાન કહે છે કે, અન્યના ધર્મ કરતાં સ્વધર્મ ઓછા ગુણવાળો હોવા છતાં ઉત્તમ છે. પરમેશ્વરને જ સર્વસ્વ સમજી તેની આજ્ઞાનુસાર સ્વાભાવિક ધર્મ-કર્તવ્ય બજાવતાં આચરણ કરવું તે જ ઈશ્વરનું પુજન છે. સારી રીતે આચરેલો ન હોય તો પણ ‘સ્વધર્મ’ ઉત્તમ છે. શ્રેયાન્ એટલે શ્રેષ્ઠ કલ્યાણના સાધનરૂપ, ગુણહીન સ્વધર્મ સુગમ દેખાતા પરધર્મ કરતાં શ્રેયસ્કર છે. સ્વભાવથી નિયત થયેલાં કર્મ કરવાથી પાપ લાગતું નથી.

મનુષ્યને માટે સ્વધર્મ જ ભગવદ્ પ્રસાદ હેતુ છે તેથી અહીં સ્વધર્મની વિશિષ્ટતા બતાવે છે. અધ્યાય ૩ ના શ્લોકમાં જ કહ્યું છે કે, ‘નૈષ્કર્મ્ય’ સિદ્ધિ મેળવવા માટે કર્મ છોડવાની જરૂર નથી’ તેમજ અધ્યાય ૩ના શ્લોક ૩૫ માં કહેલ ‘પારકાના ધર્મ કરતાં સ્વધર્મ સારો’ એ આગળ આવી ગયેલો વિચાર જ આ ઉપસંહારાત્મક અધ્યાયમાં ફરીથી સ્પષ્ટ કરી બતાવે છે. કર્મયોગનો ઉપદેશ આપનાર ગીતા સમાજમાં પ્રચલિત વ્યવસાયો ચાલુ રાખવાનો આડકતરો ઉપદેશ આપે છે. સમાજના ધારણ પોષણ માટે ચારેય વર્ણોએ પોત પોતાનાં કર્મો કરવાં જોઈએ. અધ્યાય ૩ શ્લોક ૩૫ ના પૂર્વાર્ધના બે ચરણ અને આ શ્લોકના પૂર્વાધનાં બે ચરણ એકસરખાં છે. શ્લોકમાં પ્રયોજાયેલ ‘સ્વધર્મ’ શબ્દ વર્ણ ધર્મની મુખ્યતા સુચવે છે જે સ્વભાવ નિયત સ્વકર્મના અર્થમાં વપરાયો છે.

અધ્યાય ૩ ના શ્લોક ૩૫ પ્રમાણે અર્જુન યુદ્ધ કરવાને બદલે ભિક્ષા માગવા (પરધર્મ) ને શ્રેષ્ઠ સમજતો હતો. આથી પ્રથમ વાર આ પદોથી ભગવાને અર્જુનને પરધર્મથી હટાવીને યુદ્ધ કરવાનું શ્રેષ્ઠ બતાવ્યું. આ શ્લોક પ્રમાણે બીજી વાર આ પદોથી પોતાના ધર્મમાં ખામી હોય તો પણ સ્વધર્મ અનુષ્ઠાનને શ્રેષ્ઠ બતાવ્યું. આથી પ્રાપ્ત પરિસ્થિતિ અનુસાર મનુષ્ય પોતાના કર્તવ્ય- કર્મનું ઉત્સાહ અને તત્પરતાપુર્વક પાલન કરવું જોઈએ. અધ્યાય ૪ ના શ્લોક ૨૧ પ્રમાણે ‘કેવળ શરીર નિર્વાહની દ્રષ્ટીથી કર્મ કરવા છતાં પાપ લાગતું નથી. અને આ શ્લોકના ઉત્તરાર્ધ પ્રમાણે ‘પોતાના કર્તવ્ય (સ્વધર્મ)નું પાલન કરવા છતાં પણ પાપ લાગતું નથી’ આમ ભગવાને અધ્યાયના ૪ ના શ્લોક ૨૧ માં શરીર નિર્વાહ અર્થાત્ ભોગોમાં ભોગબુધ્ધિ ન રાખવા માટે સાવધાન કર્યા છે. જ્યારે આ શ્લોકમાં કર્તવ્ય કર્મ કરવા માટે સાવધાન કર્યા છે.

ગુણવાન પરધર્મ કરતાં ગુણહીન સ્વધર્મ શ્રેષ્ઠ છે અને લાભદાયી પણ છે.સ્વકર્મ કરવાથી કોઈને પણ પાપ લાગતું નથી. આથી ભગવાન કહે છે કે હે અર્જુન ! ભિક્ષાધર્મ (સંન્યાસ) હિંસારહીત હોવા છતાં તે તારે (ક્ષત્રીય) માટે યોગ્ય નથી, પરંતુ સ્વધર્મ (યુદ્ધકર્મ) હિંસાયુકત હોવા છતાં તે તારૂં સ્વકર્મ છે જે શ્રેષ્ઠ નિઃશ્રેયસના સાધનરૂપ છે. શ્લોકનું તાત્પર્ય એ છે કે અર્જુન માટે અહિંસક યતિધર્મ ‘ઉત્તમ’ નથી પણ ‘હિંસાવાળો ક્ષાત્રધર્મ’ સ્વધર્મ વધારે ઉત્તમ છે.

**અધ્યાત્મ** ૬૧૪ — પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## જીવન બચાવવા માટે વૃક્ષો વાવવાની અને કુદરતને રાજી કરવાની ઋતુ આવી ચુકી છે

જીંદગીમાં સારાં કામો કરવા માટે બારેય મહિના, આખું અઠવાડીયું, તમામ દિવસો અને તમામ ચોઘડીયાં સારાં જ છે. સારાં કામો કે સેવાનાં કામો કમુરતામાં પણ બેધડક થઈ શકે છે. સારૂં કરવા માટે કોઈની સલાહ લેવાની, વિચાર કરવાની કે ચર્ચા કરવાની પણ જરૂર હોતી નથી. કોઈનું ખરાબ કરવું હોય તો એક હજાર વાર વિચારવું જરૂરી છે. આપણો સ્વાર્થ, મુર્ખામી, જરૂરીયાત કે ગાંડપણ જે ગણો તે આપણે હંમેશાં કુદરતના નિયમોથી વિરોધ ચાલીને હરહંમેશાં ધરતી માતાનું શોષણ કરવાનું ચાલુ જ રાખ્યું છે. ખનીજ, પાણી, ડીઝલ, પેટ્રોલ, રેતી, પથ્થર એમ અનેક વસ્તુઓ મેળવવા અમારે ધરતી માતાને ખોદવાનું ચાલુ જ રાખ્યું છે. એથી યે વધારે મૂર્ખામી કરીને ધરતીના પેટાળનો ખોદયા પછી આપણે સૌએ ધરતી ઉપરની લીલી ચાદર સમાન આપણને સૌને હરહંમેશાં પુરતા પ્રમાણમાં પ્રાણવાયુ આપી જીવંત રાખનાર વૃક્ષોને કાપવાનું પણ ચાલુ રાખ્યું છે. દર વર્ષે આવતા પવિત્ર શ્રાવણ માસ કે રમઝાન માસની જેમ જ દર વર્ષે ચોમાસાની એક સરસ મજાની ચાર મહિનાની ઋતુ પણ આવે છે.

ચોમાસાની આ ઋતુમાં આપણે આપણાં પાપોનું પ્રાયશ્ચિત કરી શકીએ તેવી સગવડ પણ કુદરતે કરી છે. પશુઓ કે પક્ષીઓને કુદરતે ઓછી સમજણ અને ઓછી સગવડ આપેલ હોવા છતાં તેઓ કયારેય કુદરતના નિયમોનું ઉલ્લંઘન કરતાં નથી પરંતુ માણસોને કુદરતે વધારે સમજણ, વધારે સગવડ અને વધારે બુધ્ધિ આપી હોવા છતાં પણ સતત કુદરતના સુંદર મજાના આયોજન ડીસ્ટર્બ કર્યા કરે છે. પ્રથમ વરસાદ થતાં જ કુદરતના અનેક લાડકા દિકરા દિકરીઓ કે જેને સાચા અર્થમાં વંદનીય મહાપુરૂષો કહેવાય તેઓ જ્યાં પણ જગ્યા મળે ત્યાં નાની મોટી સંખ્યામાં વૃક્ષો વાવી પોતાની જાતને ધન્ય બનાવશે. કેટલીક કલબો કે સંસ્થાઓ માત્ર પ્રગતિ, અહેવાલ કે કામગીરી રીપોર્ટ માટે વૃક્ષો વાવવાના ફોટા પડાવી નાના મોટા અખબારમાં આપી તેનો અહેવાલ ઉપર મોકલશે અને ફાઈલે પણ ચડાવશે. જીવન બચાવવા માટે વૃક્ષો વાવવાની અને કુદરતને રાજી કરવાની ચોમાસાની આ સીઝન સમગ્ર માનવજાત માટે પ્રેરણાદાયી, ઉપયોગી અને લાભદાયી છે. વૃક્ષો કપાય જ નહીં એ ઝુંબેશ ખરેખર સારી જ છે પરંતુ આ સ્વાર્થી માનવીય વૃક્ષો કાપ્યા વિના રહી શકશે નહીં.વૃક્ષો ના કપાય એ આંદોલનની સાથે સાથે જ વધારે ને વધારે વૃક્ષો વવાય અને સચવાય તે જોવાની ખુબ જ જરૂર છે. આપણા ભારત દેશમાં ખુબ જ મોટા પાયે પડતર અને બિનઉપજાઉ જમીન પડેલી છે. ધાર્મિક સ્થાનો, શાળાઓ, કોલેજો, સહકારી અને સરકારી વિભાગો, સોસાયટીઓ, સ્મશાનો, પોલીસ સ્ટેશન, હોસ્પિટલો, ગ્રામ પંચાયતનાં ગૌચરો, રસ્તાઓ, રેલ્વેકાંઠા, નહેરકાંઠા, ખાનગી પ્રાંગણો, ગામના ઉકરડાઓ, તળાવો, નદીકાંઠા, દરિયાકીનારા એમ અનેક એવાં સ્થળો છે કે જ્યાં જે તે ભૂમિ કે વિસ્તારને અનુકુળ ઝાડ વાવી કે વવરાવીને આપણે પરમાત્માના આશીર્વાદ અને કુદરતનો રાજીપો મેળવી શકીએ તેમ છીએ.

ભલે એક, બે, ચાર કે પાંચ જ વૃક્ષો વાવીએ પણ તે જાળવીએ એવો નિર્ણય થાય તે જરૂરી છે. માત્ર ફોટો ફંકશન કરી કામ કર્યાનો કે ઝાડ વાવ્યાનો સંતોષ લેવાનો કોઈ જ અર્થ નથી. આજે તો અત્ર, તત્ર, સર્વત્ર અનેક પર્યાવરણ પ્રેમીઓ નાની મોટી સંસ્થા ખોલીને નીકળી પડયા છે. પણ નામ મોટું થતાં કે કોઈ રાજકીય લાભ મળતાં જ તેઓ તેમનો મુળ હેતુ ભુલી જાય છે. વન વિભાગ કે સરકારી તંત્ર એની રીતે કામ કરે છે પણ એની કેટલીક મર્યાદાઓ છે. કોઈપણ સરકારી યોજના સાથે નિષ્ઠાપૂર્વક લોકો જોડાય ત્યારે જ એ યોજના સફળતા પામે છે.

ડીસામાં ભણશાળી ટ્રસ્ટ અને ડૉ.નવીનકાકા તેમજ ગુજરાત અને ભારત લેવલે આગાખાન ટ્રસ્ટ અને તેમાં જોડાયેલા મુસ્લિમ ભાઈઓ ઉપરાંત અનેક સંસ્થાઓ દર વર્ષે વૃક્ષો વાવવાનું અને જાળવવાનું અભિનંદનીય, પ્રશંસનીય, અનુકરણીય અને અનુમોદનીય કાર્ય કરે છે. કથા કે સત્સંગમાં પણ વૃક્ષોનો મહીમા કહેવામાં આવે છે. જૈનોના ચોવીસ તીર્થંકરો હોય કે શીખ, હિંદુ, બૌધ્ધ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, યહુદી સહિતના તમામ ધર્મોના વંદનીય અગ્રણીઓ કે પ્રવર્તકો હોય સૌએ વૃક્ષોનો ભરપુર મહીમા ગાયો છે. માત્ર બે ચાર દિવસમાં જ ભરચક ચોમાસું શરૂ થવાના અણસાર છે. આપણે કુદરતની ભેટ સમાન વૃક્ષોમાં અનેક પ્રકારનાં જથ્થાબંધ ફળો ખાધાં છે, પુષ્પો સુંઘ્યા છે, છાંયો વાપર્યો છે તો આવો આ સીઝનમાં આપણે સૌ સાથે મળી જે નગર, મહાનગરને ગામમાં રહેતા હોઈએ તે વિસ્તારને હરીયાળો બનાવવા વૃક્ષો વાવીએ અને સાચવીએ. આપણે વૃક્ષો વાવીને કોઈ ઉપર ઉપકાર કરવાનો નથી પરંતુ માત્ર અને માત્ર આપણી જાતને જ બચાવવાની છે. આપણે વૃક્ષો વાવીશું તો જ આપણી આગામી પેઢી પણ બચી શકશે. વર્તમાન સમયમાં વૃક્ષોના અભાવે ગ્લોબલ વોર્મીંગથી આપણે ઘણી બધી મુશ્કેલીઓ અનુભવી રહ્યા છીએ. આ મુશ્કેલીઓમાંથી મુકત થવા માટે ‘વૃક્ષો વાવો અને જીવન બચાવો’ એ જ એક માત્ર ઉપાય છે.

ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩

## ખંડીત થાયે જાતિનું, સંપત્તિનું અભિમાન !
## શુદ્ધ સામ્ય ફરીથી જાગે, જન જન થાય કલ્યાણ !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

ગત સપ્તાહમાં આપણે વિશ્વ પર્યાવરણ દિન ઉજવ્યો, પ્રકૃતિના સ્વભાવની સચ્ચાઈ આપણે જેટલા પ્રમાણમાં સમજીએ અને સ્વીકારીએ તેટલા પ્રમાણમાં ધર્મને સ્વીકારીએ છીએ. સચ્ચાઈ ત્રણ પ્રકારે સ્વીકારાય છે. સ્વીકારવાનું પહેલું પગલું શ્રદ્ધાની ભૂમિકાથી આરંભ થાય છે. કોઈ બુદ્ધ પોતાના બોધિજ્ઞાન દ્વારા મળેલી આ સચ્ચાઈને શબ્દોમાં વ્યકત કરી. આપણા મનમાં એ મહાપુરૂષ પ્રત્યે શ્રદ્ધા જાગી અને આપણે તેના શબ્દોનો સ્વીકાર કર્યો. એ શબ્દ સત્યને સ્વીકારવું થયું પરંતુ શબ્દ સત્યમાં સચ્ચાઈની પરિપૂર્ણતા નથી હોતી જ્યારે કોઈ અનુભૂતિજન્ય જ્ઞાનને શબ્દોમાં ઉતારવામાં આવે છે એટલે કે કોઈ સત્યદ્રષ્ટા, ઋતદ્રષ્ટા ઋષિ શબ્દ સ્ત્રષ્ટા બને છે. તો સત્યનો કેટલોક અંશ નષ્ટ થઈ જાય છે. માટે શબ્દ સત્ય આંશિક સત્ય જ હોય છે. કેમ કે શબ્દ અને ભાષાની પોતાની સીમાઓ છે. ચિંતન રત્નકણીકામાં આજની શરૂઆત વિશ્વ પર્યાવરણની થઈ ગયેલી ઉજવણી બાદ શું એ જાગૃતિ પ્રજા અને પ્રધાનો, અધિકારીઓમાં કાયમી રહે તેવા ખરેખર પ્રયત્ન કરવા જોઈએ એ ઉદ્દેશ સાથે લખવાનો વિચાર થયો. ભારત એક લોકશાહી કહેવાતો લોકસેવકોની હીટલરશાહીથી દબાયેલો દેશ છે. જ્યાં આવી ઉજવણીઓ બહુ ધામધુમથી સરકારી ગ્રાન્ટો મંજુર કરી તેમની તિજોરીઓ જ ભરવા માટે થાય છે. આ ઉજવણીઓ જ્યાં થાય ત્યાં પર્યાવરણનો નાશ થતો. આ કહેવાતા લોકસેવકો, પર્યાવરણવાદીઓ જોઈ રહ્યા હોય છે પણ એક હરફ સુદ્ધાં ઉચ્ચારતા નથી ને હવે તો આ લોકશાહી રાષ્ટ્રની પ્રજાને અનુભૂતિ પણ થવા માંડી છે કે જ્યાં જે ટુકડો મળે તે લઈ લેવામાં ભલાઈ છે. બાકી જો વિરોધ કરવા જઈશું તો આપણો પરિવાર ભુખ્યા પેટે સુવિધા વગરનો તડપતો જ રહેશે. આજે કેટલાય પરિવારો આ સુત્રને બરોબર સમજી ગયો છે તે ઉજવણી, ઉત્સવોમાં ટોપી, ટીશર્ટ કે પગરખાંનો કોથળા થેલીઓ જે હાથમાં આવે તે લઈને ઘર ભેગું કરવામાં જ ભલાઈ માને છે. આવા બુધ્ધિશાળી લોકોને કારણે જ આજે લોકશાહી મરણ તરફ ધકેલાઈ રહી છે. નેતાઓ કહેવાતા લોકસેવકો પણ સમજી ગયા છે કે પ્રજાને નાખો ટુકડો તો તે આપણી ઢુંકડી કાયમી રહેવાની છે. ૧૨૦૦૦ નું શૌચાલય બનાવી આપો કે ઘર રીપેરીંગ કરવા જે રીતે થોડો ટુકડો નાખી મોટો ટુકડો ઘરભેગો કરવાથી પ્રજા આપણી પડખે રહે છે ને આપણી વોટબેંક કાયમી સલામત રાજકારણ રમતા લોકોને પોતાના સ્વાર્થ સિવાય કંઈ જ દેખાતું નથી. તિજોરી સરકારની ખાલી થશે તો પ્રજા પર ટેક્ષ આડેધડ ઠોકી બેસાડીશું ને પ્રજા કંઈ હોબાળો કરશે તો અનેક દાવપેચ રજુ કરવામાં તો કાંઈ કચાશ રખાય જ નહીં. હવે તો સોશીયલ મીડીયા બહુ સક્રીય છે. સાચી વાત કરતાં લોકોને ભ્રમીત કરે તેવી ખોટી અફવા ફેલાવવામાં બહુ મહત્વની ભૂમિકા ભજવે છે. જે આપણે આજકાલ જોઈ રહ્યા છીએ પણ આગળ કહ્યું તેમ આ કહેવાતા લોકસેવકો પ્રજાની નબળી નસ પારખી ગયા છે ને એ રીતે ગ્રામ, તાલુકા જિલ્લા પંચાયતો, પાલિકા, મહાનગરપાલિકાઓની ગ્રાન્ટ એ રીતે જ મંજુર થાય છે. ભૂગર્ભ ગટર, શૌચાલય, સ્મશાન સુધારણા, કુપોષણ, ભરણપોષણ, શોષણ જેવા નામ તેવી રકમ છેવટે તો રોડમાં મજબુત બને છે. જ્યાં લોકોની જરૂર છે ત્યાં રોડ તો બને પણ જરૂર નથી તેવી જગ્યાઓ પર રોડ અને ભૂગર્ભ ગટર માગણી વગર બની જાય. આ મંજુર કરનાર અધિકારીઓની એકલાની મહેરબાની નથી હોતી આપણા લોકસેવકોની સીધી સુચનાને આગળ કહ્યું તેમ નાનો ટુકડો જ યોજનાઓની મંજુરી માટે મહત્વની ભૂમિકા ભજવે છે. ભારતની પ્રજા આઝાદી પછી જે વ્યાખ્યામાં આઝાદ થવી જોઈએ તેવી થઈ નથી. જ્ઞાતિવાદ વ્યસનોના વાવાઝોડામાં એવી ગુલામ બની છે કે હવે યેનકેન પ્રકારે પછડાટ અનુભવતી રહે છે. જેનો લાભ રાજકારણીઓ ભરપુર લઈ રહ્યાં છે. તેનાથી વિવાદનું સ્વરૂપ વિગ્રહરૂપ બની રહ્યું છે. ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે. ને તે આવી બાબત શીખવવા પ્રયત્ન કરે છે. ધર્મની ત્રણ મંજીલો છે. પરિમતિ, પરિપતિ, પરિવેધ એટલે ધર્મના શાસ્ત્રીય જ્ઞાનની નિપુણતા પરિપતિ એટલે ધર્મપંથનું સ્વયં પ્રતિપાદન. પરીવેધ એટલે માર્ગનું અનુશીલન કરતાં, બધાં વિધ્ન બાધાઓનું ભેદન કરી ધર્મના અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરી લેવું. ધર્મનું પરિમતિ અંગે નિરર્થક નથી પરંતુ તે સાર્થક પણ ત્યારે જ થાય છે. જ્યારે તેનાથી આગળ પ્રતિ પતિ અને પ્રતિવેધનનો પ્રયોગ કરી લેવામાં આવે.

ધર્મ કેવળ શાસ્ત્રીય જ્ઞાનમાં નથી, આચરણમાં છે. ધર્મ સૈધ્ધાંતિક માન્યતામાં નથી સિદ્ધાંતોનું જીવન જીવવામાં છે. ધર્મ આચરણમાં ઉતરે તો જ પરીપૂર્ણ થાય છે, સમ્યક થાય છે અન્યથા મિથ્યા જ રહે છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## પળનો ચમત્કાર

**શ્રદ્ધા અને સંસ્કાર**

ગતાંકથી ચાલુ

ચંડાલ બાળકને લઈને પોતાના ઘરે પહોંચ્યો..ઘરમાં ગોદ રમનાર કોઈ બાળક ન હોવાથી તેની પત્ની તો અતીવ ખુશ થઈ ગઈ. બંને પતિ-પત્ની આ બાળકનું પોષણ કરવા લાગ્યા. તેનું નામ અવવર્ણિક રાખ્યું. આ બાળક પોતાના હાથથી શરીરને ખુબ જ ખણ્યા કરતો આથી તેનું નામ કરકંડુ પડી ગયું.

કરકંડુ ચંડાલના ઘરમાં રહીને તેમના રંગે રંગાઈ ગયો. કર્મવશ રાજપુત્ર ચંડાલ પુત્ર બની ગયો. ૬ વર્ષની ઉંમરે તે સ્મશાનનું ઘણું કામ કરવા લાગ્યો. એક દિવસ તે સ્મશાનના દ્વારે ઉભો હતો. ત્યાંથી બે મુનિ પસાર થઈ રહ્યા હતા. તેઓ અરસપરસ વાતચીત કરી રહ્યા હતા. આ સ્મશાનમાં જે વાંસ દેખાય છે તે ચાર આંગળ મોટો થશે અને તેને જે ગ્રહણ કરશે તે અવશ્ય રાજા બનશે.

કરકંડુએ તથા બીજા એક બ્રાહ્મણ પુત્રે પણ આ વાત સાંભળી લીધી. બંને વચ્ચે ખુબ જ વિવાદ થયો. તેઓ બંને સમાધાન માટે પંચ પાસે ગયા. પંચે કરકંડુના પક્ષમાં ન્યાય આપ્યો. સાથે તેટલું જણાવ્યું કે કરકંડુને જ્યારે રાજય મળે ત્યારે એક ગામ બ્રાહ્મણપુત્રને આપવું. ચંડાલને ન્યાય મળતાં બ્રાહ્મણો ગુસ્સામાં આવી ગયા. ચંડાલને અપાતો ન્યાય એ સમગ્ર બ્રાહ્મણ કુળનું હળહળતું અપમાન છે. અપમાનનો બદલો બરાબર લેવો જ જોઈએ. આ વિચાર બ્રાહ્મણોના મનમાં ભભુકવા લાગ્યો.

બ્રાહ્મણો જાતિને આગળ કરીને ઉશ્કેરણી કરવા લાગ્યા. ચંડાલને સમાચાર મળતાં જ રાતોરાત તેઓ ગામ છોડીને ભાગી ગયા. ભાગતાં ભાગતાં તેઓ કલીંગ દેશમાં પહોંચી ગયા. કેટલાય દિવસના સતત રઝળપાટને કારણે પુરો પરિવાર શ્રમીત થયો હતો. ઘરબાર વગરના તેઓના મનમાં એક જ સતત ચિંતા ધુમરાતી હતી કે આપણું શું થશે ? હવે તેઓને સુખની આશા રહી ન હતી.

આ બાજુ કલીંગ દેશના નરેશ મૃત્યુ પામ્યા હતા. તેમને કોઈ જ વારસદાર ન હોવાથી બુદ્ધિનિધાન મંત્રીઓએ પંચદિવ્યને આગળ કર્યા.. નગરના ભાવિ રાજાની શોધમાં સહુ આગળ વધ્યાં.. કરકંડુનો પરિવાર રાજધાની કંચનપુરના મુખ્યમાર્ગ નિઃસહાય દશામાં આગળ વધતો હતો. ભુખના દુઃખથી સહુ વિહવળ બન્યા હતા.કરકંડુ પિતાની પાસે ભોજન માંગી રહ્યો હતો.

ખરેખર કર્મરાજાએ રાજપુત્રના કેવા ભુંડા હાલહવાલ કર્યા હતા ? આ પરીવારને એ પણ કયાંથી ખબર હોય કે આજે અમે ભલે તારાજ છીએ પણ થોડીક જ ક્ષણોમાં

અનુસંધાન પાના નં.૬ ઉપર

## સંગઠન ભાવનાનું નિર્માણ કરો, સફળતા હશે તમારા ચરણોમાં

વિશ્વનો સફળ ઉધોગપતિ હેનીફોર્ડ પોતાના જીવનની સફળતાનું શ્રેય સંગઠન ભાવનાને આપે છે અને કહે છે કે ‘‘ભેગા થવું એ સફળતા તરફ આગળ વધવાની શરૂઆત છે, ભેગા રહેવું એ વિકાસ છે,અને ભેગા થઈ કામ કરવું એ સફળતા છે.’’કોઈ પણ સંસ્થા ,સંગઠન કે સંઘની ઉપલબ્ધિઓ તેના દરેક કર્મચારીના સંયુક્ત તેમજ સંગઠિત રૂપમાં કરેલા પ્રયાસનું પરિણામ છે. કોઈ એમ માને કે મારે લીધે સંસ્થા ચાલે છે તો તે એક ભ્રમણા છે. કોઈપણ સંસ્થામાં દરેક વ્યકિત સાંકળની કડી સમાન છે. સાંકળની એક કડી જો કમજોર હશે તો સાંકળ ક્યારે પણ તૂટી જશે.

સંગઠન એટલે શું? : સંગઠન એટલે સાથે મળીને કશુંક કરતા લોકો. દા. ત. ક્રિકેટ ટીમ ,કનસ્ટ્રકશન ટીમ ,પરિવાર,ઉધોગ વગેરે.

ટીમ સ્પીરીટ એટલે શું?: એક સાર્વજનિક લક્ષ્ય સિદ્ધિ માટે બધાની એકજૂથ થઈ કામ કરવાની ભાવના એટલે ટીમ સ્પીરીટ.

ટીમ વર્ક એટલે શું? : દરેક વ્યકિતના પ્રયાસ તેમજ પ્રાપ્તિને સંગઠનના ધ્યેય તરફ વાળવામાં આવે તે છે ટીમ વર્ક.

ટીમ બિલ્ડીંગ એટલે શું? સંગઠીત રૂપમાં ભેગા થયેલા લોકોને તેમના લક્ષ્ય સુધી પહોચાડવા માટે સક્ષમ બનાવાની પ્રકિયા એટલે સંગઠન નિર્માણ - ટીમ બિલ્ડીંગ સફળતાની પ્રાપ્તિ માટે સંગઠન નિર્માણ કરવું અત્યંત જરૂરી છે. આ અંગે આપણે ત્યા ઘણું બધું કહેવાય છે. સહયોગથી થશે સર્વોદય એક, અકેલા થક જાયેગા ,મિલકર બોજ ઉઠાના ,સાથી હાથ બઢાના ,સંપ ત્યાં જંપ, અનેકતામાં એકતા.

ટીમ બિલ્ડીંગ ? માટેના સોનેરી સિદ્ધાંતોઃ

અવાર -નવાર બધા સાથે મળો, લક્ષ્યને સેટ કરો, લક્ષ્ય સિદ્ધિ માટે સામુહિક પ્રયાસોનો એકશન પ્લાન તૈયાર કરો અને આગળ વધો.

**સૌરભ** — બી.કે.નીતાબેન

અનુસંધાન પાના નં.૬ ઉપર

## કલેક્ટરે લડબી ...

પાના નં .૧ ચાલુ

કારણ કે નગરપાલિકાએ બિલ્ડરોને આડેધડ બાંધકામની પરમિશન આપી અને નદીના પટને ગાયબ કર્યો છે અને નાળાઓને વહેણ રોકવા મજબૂર કર્યા છે ત્યારે ગેરકાયદેસર ભૂગર્ભ ગટર અને ગેરકાયદેસર પીવાના પાણીની લાઈન નદીના પટમાં નંખાઈ છે જેને લઈને નદીના અને નાળાની સફાઈ પણ શક્ય નથી ત્યારે આ જો આ સફાઈ નહી થાય તો પાલનપુર બેટમાં ફેરવાશે અને ચારેતરફ રોગચાળાનું સામ્રાજય ફેલાશે ત્યારે પાલનપુર નગરજનો હવે ચોમાસા પહેલાં આ દબાણો તોડી અને નદીના વહેણને પુન પ્રસ્થાપિત કરી અને નદી નાળાની સફાઈ કરવાની માગણી કરી રહ્યા છે.

## પાલનપુર ખાતે...

પાના નં .૧ ચાલુ

સરકાર સામે મેદાનમાં ઉતરનાર કોંગ્રેસ ખેડૂતો માટે આંદોલનો કરશે. પાલનપુરમાં યોજાયેલા ધરણા કાર્યક્રમ સમયે લાઈટ બંધ થઈ જતા અમિત ચાવડાએ આને ભાજપ સરકાર નું કૃત્ય ગણાવ્યું હતું અને સરકાર સામે અવાજ કરનારને દાબી દેવાની નીતિ ગણાવી હતી

પ્રદેશ પ્રમુખએ સમગ્ર રાજયમા નદીઓને વેચી મારવાના ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. પાલનપુરમા લડબી નદીમા ભાજપના પદાધિકારીઓના દબાણો અને બિલ્ડરોની મિલીભગતથી લડબીની દુર્દશા માટે ભાજપ સરકારને જવાબદાર ગણાવી હતી. લોકસભાની ચૂંટણીને લઈને હવે કોંગ્રેસ આક્રમક બની છે. રાજયમાં ઠેર ઠેર ખેડૂતોના પ્રશ્ન મામલે કોંગ્રેસ ધરણા કરી રહી છે. ત્યારે આગામી લોકસભાની ચૂંટણીમાં જોવાનું એ રહેશે કે ખેડૂતોના મુદ્દે રસ્તા પર આવેલી કોંગ્રેસને તેનો કેટલો ફાયદો થાય છે.

## ધાનેરાના ધાખા...

પાના નં .૧ ચાલુ

ભાગે ઘા મારી અને કમરના ભાગે લાકડીથી માર મારી ઈજાઓ કરી મોત નિપજાવ્યું હોઈ જેની જાણ તેના વાલીવારસો રમેશભાઈ હંજારીભાઈ માજીરાણાને થતાં તેઓએ ધાનેરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતાં પી.એસ.ઓ ફુલાભાઈ ધુડાભાઈએ ફરિયાદ નોંધી તપાસ પી.આઈ. રાઠોડને સોંપી હતી. બનાવની થરાદ ડી.વાય.એસ.પી. એ.એચ. ચૌધરીના સુપરવિઝન તથા બી.એ.ચાવડા ઈન્ચાર્જ ડી.એસ.પી. પાલનપુરે પણ તપાસ હાથ ધરી હતી.

## ડીસામાં તબિબના...

પાના નં .૧ ચાલુ

ગુરખાજીએ તમારા મકાનનો દરવાજો ખુલ્લો હોવાનું કહ્યું છે તેથી આવીને તપાસ કરો તેથી તેઓ પુત્ર સાથે દોડી આવ્યા હતા. અને તપાસ કરતા દરવાજાના તાળા તુટેલ હતા અને નાના બેડરૂમની તીજોરી તોડી બે સોનાની વીંટી, એક પેન્ડલ અને બુટી સાથેની ચેન, ત્રણ સોનાની બુટી, એક ત્રણ તોલા સોનાની મોટી બુટી તથા ચાંદીના આઠથી નવ ગ્લાસ, ચાંદીનો નાનો અને મોટો લોટો, મુખવાસની ટ્રે, ચાંદીના સાથે પહેરવાના બે પાટલા ચાંદીની ઝાંઝર, ચાંદીના ૪ ઝુડા, ચાંદીની દિવીઓ, ચાંદીની ત્રણ વાટકી, ચાંદીના ૧૦ સિક્કા, ચાંદીની ૧૦ ઘડીયાળ, તથા મોટા બેડરૂમના કબાટમાંથી મોતીના સેટ૬ બંગડી, મોતીના ૨ પાટલા, મોતીના સેટ, રાઈસ મોતીનો સેટ, મોતીનો બ્લુ સેટ, મોતીની મોટી માળા, મોતીની વીંટી સાથેની માળા મોતીનો ડાયમંડ સેટ અને તિજોરીમાં પડેલ રોકડ રૂા.૨૦,૦૦૦ મળી કુલ રૂા.૪,૮૦,૦૦૦ની ચોરી થવા પામી હતી.

આ મતલબની તેમણે સીટી ઉત્તર પોલીસ મથકે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ઘરફોડ ચોરીના પગલે શહેરીજનોમાં ફફડાટ છવાયો છે.

## અંબાજી સહિત...

પાના નં .૧ ચાલુ

લાગણી ફેલાઈ ગઈ હતી. તો, પંથકના ખેડૂતોએ મેઘરાજાના આગમનના વધામણાં કર્યા હતા. બીજીબાજુ, આજે ઉત્તર ગુજરાતના અરવલ્લી, બનાસકાંઠા સહિતના જિલ્લાઓ અને પંથકોમાં વરસાદના હળવાથી ભારે ઝાપટાં પડતાં લોકો ખુશખુશાલ જોવા મળ્યા હતા. દેશના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં એક દિવસ પહેલા ચોમાસાનું આગમન થઈ ગયું છે. આજે અંબાજીમાં વહેલી સવારે મેઘરાજાની ધમાકેદાર પધરામણી થઈ હતી. ઠંડો પવન ફુંકાવાની સાથે વરસેલા જોરદાર વરસાદને પગલે સમગ્ર વિસ્તારમાં પાણી-પાણી ભરાઈ ગયા હતા. અંબાજી મંદિરના મુખ્ય માર્ગ અને વિસ્તાર સહિતના બજાર અને અન્ય વિસ્તારોમાં પણ પાણી ભરાયા હતા. રોડ-રસ્તાઓ ભીના થતાં અને ભારે ઝાપટા સાથે વરસાદ વરસતાં સમગ્ર પંથકમાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તો સ્થાનિક પ્રજાજનોએ ઉનાળાની ગરમી અને ઉકળાટ-બફારાથી રાહત મેળવી હતી. ઘણા દિવસોની રાહ જોયા બાદ આજે મેઘરાજાએ વર્ષા કરતાં લોકોએ ભારે હાશકારો અનુભવ્યો હતો. ખેડૂતોમાં તો મેઘરાજાની પધરામણીને પગલે ભારે ખુશીની લાગણી છવાઈ ગઈ હતી, તેઓએ તો ચોમાસાની સીઝનના પહેલા વરસાદ એટલે કે, મેઘરાજાના રીતસરના વધામણાં કર્યા હતા. બીજીબાજુ, આજે ઉત્તર ગુજરાતના અરવલ્લી, બનાસકાંઠા સહિતના જિલ્લાઓ અને પંથકોમાં વરસાદના હળવાથી ભારે ઝાપટાં પડતાં લોકો ખુશખુશાલ જોવા મળ્યા હતા. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારમાં હળવાથી ભારે વરસાદી ઝાપટાઓને પગલે વાતાવરણ ઠંડકમય અને આહ્લાદક બની ગયું હતું. દરમ્યાન અમદાવાદ શહેર સહિત રાજયના ઘણા ભાગોમાં વાદળછાયુ વાતાવરણ અને ઠંડો પવન ફુંકાવાની પ્રિ-મોન્સુન એકટીવીટી જોવા મળી રહી છે પરંતુ મેઘરાજાની પધરામણી વિધિવત્ રીતે નહી થતાં આ વિસ્તારોના પ્રજાજનો વ્યાકુળ અને આતુર બન્યા છે. બીજીબાજુ, હવામાન ખાતાએ તા.૧૪મી જૂન સુધીમાં દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસવાની આગાહી કરી છે તો, અમદાવાદ શહેરમાં તા.૧૭મી જૂન સુધી વરસાદ પડવાની શકયતા નહીવત્ હોવાની આગાહી કરાઈ છે. હવામાન વિભાગ તરફથી પણ હળવા વરસાદી ઝાપટા માટેની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદમાંમહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી રહ્યું હતું. સૌથી વધુ ગરમીનો અનુભવ ભાવનગરમાં થયો હતો જ્યાં પારો ૪૧.૨ ડિગ્રી રહ્યો હતો. આવતીકાલે અમદાવાદમાં આંશિક વાદળછાયુ વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સુધી રહે તેવી શક્યતા છે જયારે આગામી બે ત્રણ દિવસ વેળા સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં તથા ઉત્તર ગુજરાતમાં પારો ૪૦થી ૪૨ ડિગ્રી રહી શકે છે.

## ડીસાવાસીઓને...

પાના નં .૧ ચાલુ

નવું સુરક્ષા કવચ પૂરું પાડવાની જાહેરાત કરી હતી.પોતાની સત્તાવાર વિદાય પૂર્વે ડીસાના નગરજનોને વધુ એક સુંદર ભેટ આપતા પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળીએ સ્વ.ગોરધનજી માળી પરિવાર દ્વારા ડીસા નગરપાલિકાને નવી વીમા પોલિસીની ભેટ અર્પણ કરી હતી.આ નવી વીમા પોલિસી પાલિકાની બેદરકારીથી સર્જાતી સંભવિત કોઈ પણ દુર્ઘટના વખતે નગરજનોને મજબૂત સુરક્ષાકવચ પૂરું પાડશે.

“એક ડીસા,સુરક્ષિત ડીસા” ના નારાને સાર્થક કરવાના આશયથી લેવાયેલી આ વીમા પોલિસીમાં ડીસા નગરપાલિકાની બેદરકારીથી સર્જાતી કોઈપણ દુર્ઘટનામાં નગરના નાગરિકનું આકસ્મિક મોત નિપજવાના કેશમાં મૃતકના વારસદારોને ૨૫ લાખ રૂપિયા સુધીની આર્થિક સહાય મળી શકશે. આ વીમા પોલિસીમાં ડીસા નગરપાલિકાના વાહન દ્વારા અકસ્માત થાય, પાલિકા દ્વારા ચાલતા કામોમાં કોઈ ખાડા પડ્યા હોય એમાં અકસ્માત થવાથી આકસ્મિક મોત નીપજે તેમજ અન્ય તમામ પ્રકારની પબ્લિક લાયબિલિટી પાલિકા પર ઉભી થાય તો મૃતકના વારસદારોને મહત્તમ ૨૫ લાખ રૂપિયા સુધીની સહાય મળી શકશે.પોતાની વિદાય ટાણે પણ નગરજનોને આવી સુંદર ભેટ આપી વર્તમાન પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળીએ સાચા અર્થમાં પોતાને આ નગરના ’સમર્પિત સેવક’ પુરવાર કર્યા છે. આવા હૃદયસ્પર્શી નિર્ણયો માટે ડીસાની નવી પેઢી પ્રવીણભાઈ માળીના આવા બહુમૂલ્ય પ્રદાનને લાંબા સમય સુધી યાદ રાખશે.

## થરાદના...

અનુસંધાન ૨ નુ ચાલુ..

વ્યાસપીઠ ઉપર થરાદના બળીયા હનુમાનજી મહારાજના પૂજારી વ્યાસપીઠ પર બિરાજી કથાનું સંગીતમય માહોલમાં રસપાન કરાવી રહ્યા છે. શ્રીમદ ભાગવત સપ્તાહમાં આવતા વિવિધ પ્રસંગો પણ બાળકો દ્વારા ચરિત્ર વેશભૂષામાં ભજવવામાં આવી રહ્યા છે.સોસાયટીના રહીશો તથા નગરની ધર્મપ્રેમી જનતા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કથાની આરતી તથા પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવ કરી રહી છે. આ પ્રસંગે કથામાં આવતા નગરના અગ્રણીઓ અને દાતાઓનું આયોજકો દ્વારા સન્માન કરવામાં આવી રહ્યું છે.

## પીએનબી કાંડ...

અનુસંધાન 3 નુ ચાલુ..

વિજય માલ્યા ઉપર પણ દેશની બેંકો સાથે નવ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડીનો આરોપ છે. નવ હજાર કરોડ રૂપિયા લીધા બાદ આ રકમ ચુકવી નથી. માલ્યા પણ દેશ છોડીને ફરાર થઈ ચુક્યા છે. વિજય માલ્યા હાલમાં બ્રિટનની અદાલતમાં પ્રત્યાર્પણ સાથે સંબંધિત મામલામાં કોર્ટ કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે. નિરવ મોદી ફરાર થઈ ગયા બાદથી દેશમાં રાજકીય ગતિવિધિ પણ જોરદારરીતે ચાલી રહી છે. પંજાબ નેશનલ બેંકને ૧૩૦૦૦ કરોડ રૂપિયાનો ચુનો લગાવી તે ફરાર થઈ ચુક્યો છે.

## ડીસાના ડોક્ટર...

અનુસંધાન 3 નુ ચાલુ..

જે દૃશ્ય બાઈકના માલિક બ્રિજેશકુમાર જોઈ જતાં બુમા બુમ કરતા આસપાસથી લોકો દોડી આવી બાઈકની ચોરીનો પ્રયાસ કરનાર શખ્સને ઝડપી લઈ પુછપરછ કરતા તે વિજયરાજ લાધુરામ વિશ્નોઈ રહે.ભાલની તા.બગોડા, જિ.જાલોર (રાજસ્થાન) વાળો હોવાનું જણાવતાં તેને ડીસા શહેર ઉત્તર પોલીસના હવાલે કરતાં પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## ડીસા સહિત...

અનુસંધાન 3 નુ ચાલુ..

ત્યારે આગામી ૧૪ અને ૧૫ મી જુનના રોજ ગ્રામ્ય વિસ્તારોમાં યોજાનાર શાળા પ્રવેશોત્સવના પગલે શિક્ષકો પણ તેની તૈયારીઓમાં લાગી જઈ શાળામાં પુરતી સંખ્યા આવે તેવા પ્રયત્ન શરૂ કર્યો છે. જયારે શહેરી વિસ્તારોની શાળાઓ પ્રથમ દિવસે ધમધમી ઉઠી શૈક્ષણિક કાર્યનો પણ પ્રારંભ કરાયો હતો.

## થરાદ વાવ પંથકની...

અનુસંધાન 3 નુ ચાલુ..

જોકે ત્યાંથી એક જંપ આગળ વધતાં ગત તારીખ ૨૭/૦૫/૧૮થી ૦૧/૦૬/૧૮ દરમ્યાન નેપાલના કાઠમંડુ મુકામે યોજાયેલી પાંચમી સાઉથ એશીયન જંપરોપ ચેંપીયનશીપમાં ભાગ લીધો હતો. જેમાં તેણીએ અબો ૧૬માં પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનીસ્તાન, ભુતાન અને નેપાળ એમ સાત દેશોના ખેલાડીઓ વચ્ચેની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં જોગીંગ અને ડબલહેન્ડલ ઈવેન્ટમાં ભાગ લીધો હતો.જેમાં ટીમમાં બ્રોન્ઝ અને ઓપન(સિંગલ)માં સિલ્વર મેડલ મેળવી સમગ્ર દેશમાં જ નહી આંતરરાષ્ટ્રીય ફલક પર ગુજરાતના સરહદી થરાદ વાવ પંથક ઉપરાંત પરિવાર,શાળા અને સમાજનું નામ રોશન કરતી ઝળહળતી સિધ્ધી મેળવી હતી.જેનાથી આનંદ અને ગૌરવની લાગણી ફેલાવા પામી હતી.જોકે ઉર્મિલાબેનના શિક્ષક પિતા પણ ચિત્ર સ્પર્ધામાં પણ રાષ્ટ્રીય સ્તરે પણ ભાગ લીધો હતો.જોકે પુત્રી પિતાથી ચડયાતી બનતાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી હતી.ઉર્મિલાએ ભારત સરકાર તરફથી ગત ૨૦૧૭ના મે મહિનાથી ૧૭થી ૨૫ તારીખ સુધી ભુતાનમાં ૧૨ દેશો વચ્ચે યોજાયેલી અંડર ૧૬ આંતરરાષ્ટ્રીય જંપ રોપ ચેમ્પીયન શીપ ૨૦૧૭માં પણ ભાગ લીધો હતો.જેમાં ગુજરાતની વિવિધ ઉમરની ૩૦ તરૂણીઓએ ભાગ લીધો હતો. તેમની ટીમે ચોથો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.અત્રે ઉલ્લેખનીયછેકે જંપરોપ એ એક પ્રકારની દોરડાં કુદવા જેવી રમત હોય છે.જેમાં ટીમમાં ચાર ખેલાડી હોયછે અને સ્પર્ધામાં પાંચથી છ રાઉન્ડ હોય છે.

## વડગામના બાવલચુડી...

પાના નં .૮ ચાલુ

સમાજની યુવતીઓ તેમજ મહિલાઓની ઠઠા મશ્કરી કરી છેડતી કરતા ઠપકો આપવા જતા ઉશ્કેરાઈ જઈ પથ્થરો મારી પાઈપો તેમજ લોંખડના સળિયા વડે હુમલો કરી ઈજા પહોંચાડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા ગામના ઉંમેર ઉંમર અબ્દુલ કરેડિયા, સહજાદ અબ્દુલ (ટેલર), કુરકાન અબ્દુલ અહમદ, જેદ અબ્દુલ્લા નેદરિયા, ઈરશાદ ઈસ્માઈલ કરેડિયા અને ઈબ્રાહીમ સુલેમાન કરેડિયા વિરુદ્ધ છાપી પોલીસ મથકે નિખિલ નાથુભાઈ ચૌધરીએ ફરીયાદ નોંધાવી હતી જોકે હુમલાનો ભોગ બનેલ હિરલબેન લક્ષમણ ભાઈ ચૌધરી હંસાબેન ચૌધરી અને હાર્દિક ચૌધરીને માથા તેમજ નાક અને હાથના ભાગે ઈજાઓ થતાં છાપીની એક ખાનગી હોસ્પિટલમાં માસ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જોકે બાવલચુડી ગામે બનેલ બે સમુદાય વચ્ચે ના બનાવના પગલે ગામમાં કોમી તંગદિલી ન સર્જાય તેની તકેદારી રાખી છાપી પી.એસ.આઈ. એમ.એમ. દેસાઈ દ્વારા સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવા મા આવ્યો હતો. જોકે આરોપીઓ ફરાર થઈ જતાં પોલીસે અટકાયત કરવાની તજવીજ હાથ ધરી હતી.

## થરાદ - વાવ..

પાના નં .૮ ચાલુ

જણાવ્યું હતું. કચેરીમાં લેખિત રજુઆત કરીને તેઓ જમીન વિહોણા હોઈ ગામમાં અથવા તો ગામની આજુબાજુની સરકારી પડતર જમીનનું જાહેરનામું બહાર પાડીને તાત્કાલિક લેન્ડ કમિટી ભરીને જમીનની ફાળવણી કરી આપવાની માંગણી કરી હતી. બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠનના નેજા હેઠળ આપવામાં આવેલા આવેદનપત્રમાં જો જમીન ફાળવવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલનની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. નાયબકલેક્ટર કચેરી દ્વારા તેમની માંગણીઓ અંગે યોગ્ય કાર્યવાહી માટે ઉચ્ચસ્તરે મોકલી આપવાની ખાત્રી આપવામાં આવી હતી.

## કાંકરેજ તાલુકાના...

પાના નં .૮ ચાલુ

હરજીભાઈ દેસાઈ ઘટના સ્થળે પહોંચી ગાડીમાં રહેલ પૂળામાં આગ પર પાણી નો મારો કરી ને આગ પર કાબુ મેળવવા માં આવ્યો હતો. તેમજ ગાડી માં રહેલ ૧૨૦૦ પૂળા માંથી ૧૦૦૦ પૂળા અને ગાડીને સળગતા બચાવી હતી. જેને લઈ મોટી જાનહાની થતા અટકાવી હતી. કાંકરેજ તાલુકાની અંદર અગાઉ પણ મોટા જામપુર નજીક ઘાસ ભરેલ ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી.

## થરાદના ઇઢાટાના..

પાના નં .૮ ચાલુ

આવવાની શક્યતા પર પણ પુર્ણવિરામ મુકાતુ હતું,ત્યારે કોરા ખેતરોમાં આટલી બધી મચલુંઆવી કઈ રીતે તેને લઈને આશ્ચર્યની લાગણી પણ ફેલાવા પામી હતી.આ ઘટના વાયુવેગે પ્રસરતાં માછલીઓના વરસાદને જોવા માટે અન્ય ખેડુતો પણ દોડી આવ્યા હતા.જોકે આ બનાવ લગભગ કુદરતી હોવાનો તર્ક પણ ચર્ચાસ્પદ બન્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે ગત ડિસેમ્બર માં પણ આ બંન્ને ભાઈઓ ના ખેતરોમાં ૧૫૦ જેટલી આવી માછલીઓ મૃત હાલતમાં વરસી હતી. જેના પાંચ મહિનામાં ફરીથી એમનાં જ ખેતરોમાં પુનરાવર્તન થતાં ભારે કુતૂહલ સાથે અચરજ ની લાગણી પણ ફેલાવા પામી છે.

## રાધનપુરના વડપાસર..

પાના નં .૮ ચાલુ

હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. લોકોએ મુસ્લિમ સમાજના તરવૈયાઓને બિરદાવ્યા હતા.મારનાર સોળ વર્ષીય તરુણનું નામ જયેશ હિતેષભાઈ સુથાર અને રાધનપુર તાલુકાના ભીલોટનો વતની હોવાનું અને શહેરના ગોગાશેરી વિસ્તારમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. તરુણ અસ્થિર મગજનો હોવાની માહિતી મળી હતી.

## ડીસા ખાતે ઈન્કમટેક્ષના..

પાના નં .૮ ચાલુ

તેમજ બી.કે.ડી.ટેક્ષ પ્રે.એસો.ના સેક્રેટરી સચીનભાઈ ટી.ઠક્કરે સૌનો આભાર વ્યક્ત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સીનીયર એડવોકેટ અમૃતલાલ પી.મેવાડા તેમજ પ્રધાનજી એસ.પરમારે કર્યું હતું.

## પાલનપુરના અપહૃત..

પાના નં .૮ ચાલુ

લઈને ગોપાલ પ્લાઝા નજીકથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે કારનં જીજે. ૦૪. એબી. ૧૫૯૪ અને જીજે. ૦૧. કે.ઈ. ૮૦૬માં આવેલા શખ્સોએ તેને ઉભો રખાવ્યો હતો. જ્યાં મયંક કંઈ સમજે તે પહેલા આ શખ્સો તેનું અપહરણ કરી ગયા હતા. ઘટનાને પગલે આજુબાજુના લોકોનું ટોળુ એકત્ર થઈ જવા પામ્યું હતુ. દરમિયાન આ અંગેની જાણ થતાં ઈન્ચાજ જિલ્લા પોલીસવડા બી. એ. ચાવડાની સૂચનાથી ડીવાયએસપી એ. આર. જનકાંત, એલસીબી પીઆઈ જે. એચ. સિંઘવ, પૂર્વ પોલીસમથકના પીઆઈએ સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી દીધી હતી. અને લોકેશનના આધારે યુવકની શોધખોળ આદરી હતી. જ્યાં ભીલડી પીએસઆઈ એસ. વી. આહિરની મદદથી અઢી કલાકની જહેમત બાદ અપહૃત યુવકને અપહરણકર્તાઓની ચૂંગાલમાંથી હેમખેમ છોડાવવામાં આવ્યો હતો. આ ઘટનાક્રમને પગલે સમગ્રપંથકમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. પાલનપુરના યુવકનું નાણાંની લેતી- દેતીમાં અપહરણ કરવામાં આવ્યું હતુ. આ અંગે ભીલડી ખાતેના અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ આરોપીઓ સારા ઘરના નબીરા છે. અને સટ્ટાની રકમની લેતીદેતીમાં પાલનપુરના યુવકનું અપહરણ કરવામાં આવ્યું હોવાની આશંકાઓ છે.

# અમદાવાદ-પુરી એક્સપ્રેસમાં ગાંજો મળ્યો : વધુ તપાસ શરૂ

અમદાવાદ

અમદાવાદ રેલવે એલસીબી અને રેલવે પોલીસની ટીમે અમદાવાદ-પુરી એક્સપ્રેસના કોચમાં આવેલા શૌચાલયની છતમાં પાણીની ટાંકીના ભાગે સંતાડેલો ગાંજાનો જથ્થો ઝડપી પાડતાં ભારે ચકચાર મચી ગઈ હતી. રેલ્વે પોલીસે બિનવારસી હાલતમાં રૂ. ૧.૩૫ લાખની કિંમતનો ૧૧ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કરી અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ગાંજાના જથ્થા અંગેની ચોકક્સ બાતમીના આધારે એલસીબીના પીઆઈ આર.એમ દવે અને અમદાવાદ રેલવે પોલીસ સ્ટેશન પી આઈ આર.એમ. ચુડાસમા સહિતના અધિકારીઓએ અમદાવાદ-પુરી એક્સપ્રેસ ટ્રેનના કોચમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સઘન તપાસના અંતે પોલીસે કોચના શૌચાલયની છતમાં પાણીની ટાંકીના ભાગે પ્લાયવુડ હટાવીને જોતાં સેલોટેપ વીટાળેલી હાલતમાં વ્યવસ્થિત રીતે પેક કરેલા ગાંજાના ૧૧ પેકેટ મળી આવ્યાં હતાં. કોઈ અજાણી વ્યક્તિએ કોચમાં આવેલા શૌચાલયની છતમાં આ ગાંજાનો જથ્થો મૂકી અમદાવાદ પહોંચાડયો હોવાનું પોલીસ માની રહી છે.

## સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

સંગઠનમાં બધાનું સશકિતકરણ જ્ઞાન વર્ધન અને ઉતરોતર વિકાસ એ સંગઠનની કાર્યદક્ષતા તેમજ કાર્યક્ષમતામાં સતત વકારો કરશે અને વધુ સિદ્ધિ અપાવશે.

સંગઠનમાં દરેક વ્યકિતમાં ભલે તે લીડર ન પણ હોય ,લીડરના ગુણો હોવા સંગઠનની સફળતા માટે આવશ્યક છે.જે બધાને સાંભળે છે.,બધામાં ઉમંગ ઉત્સાહ ભરે છે.સમર્પણની ભાવના રાખે છે,બીજાના કામની કદર કરે છે, બીજાનું સન્માન જાળવે છે અને લોકોની સદ્‌ભાવના મેળવે છે, કોઈપણ ઉપલબ્ધિ માને છે તે જ સાચો લીડર છે.

સંગઠનનો લીડર દિર્ઘ દૃષ્ટી વાળો હોવો જોઈએ. સકારાત્મક તેમજ રચનાત્મક નેતૃત્વ પુરું પાડી સંગઠનને મજબૂત કરી શકે એવો હોવો જોઈએ.

બધાં સાથે સંપર્ક તેમજ સંચાર બનાવી રાખીને પરિસ્થિતિ સંભાળે અને કાર્યદક્ષ અસરકારક પ્રબંધન પુરું પાડે,અસરકારક કોમ્યુનિકેશન માટે સંગઠનના દરેક સદસ્યની કોમયુનિકેશન સ્કીલનો વિકાસ કરવા તાલિમ શિબિરોનું આયોજન કરે અને આધુનિક કોમ્યુનિકેશન પધ્ધતિઓનો ઉપયોગ કરે.

જે કામ કરે છે તેની જ ભૂલ થવાની સંભવાના છે એટલે ભૂલ થઈ જાય તો ગભરાશો નહીં,નિરાશ ન થશો, પરંતુ કરેલી ભૂલમાંથી શિખ લો.તે ભૂલ ફરીથી ન થાય તેના માટે સતર્ક રહો, જો ભૂલ થઈ હોય તો સંગઠનની માફિ માંગી લેશો તો તમારી વિશ્વનીયતા જળવાઈ રહેશે.

સંગઠનની મજબૂતી તેમજ વિકાસ માટે દરેક રચનાત્મક ,સક્રિયાત્મક તેમજ અભિનવ બનાવાની જરૂર છે.

સંગઠનના દરેક સદસ્યે એકબીજાને પ્રોત્સાહિંત કરતા રહેવું જોઈએ. તેમજ સંગઠનની એકતા જાળવી રાખવી જોઈએ.

દરેકના કામની કદર કરો. કોઈ દ્વારા થયેલી ભૂલને ધ્યાન પર લાવવી હોય તો પ્રથમ તેની બે વિશેષતાઓની કે કામની કદર કરો અને ત્યારબાદ તેની ભૂલ તરફ પ્રેમથી ધ્યાન દોરો. ભૂલ સુધારવા આપના સાથની બાહેધરી આપી તેને ભૂલ સુધારવા પ્રોત્સાહિત કરો. જો કોઈની ભૂલને ધ્યાન પર લાવવા માંગતા હો તો તરત જ ધ્યાન પર લાવો , મોડું કરશો નહી ભૂલ બતાવતી વખતે સ્પષ્ટ અને ચોક્કસ રહો સાચી વ્યકિતની લાગણી દુભાય નહી તે રીત ભૂલને ધ્યાન પર લાવો, ત્યારબાદ શાંત રહો , કોઈ પ્રતિક્રિયા ન આપો.

તમારા કાર્ય પ્રતિ તેમજ સંગઠન પ્રતિ પ્રામાણીક તેમજ પ્રતીબધ્ધ રહો. નિષ્ઠા અને તિબધ્ધતા સંગઠન નિર્માણ માટે ખૂબ જ જરૂરી છે.

સંગઠનમાં એવી ભાવના ઉભી કરો જેથી સંગઠનનો દરેક સદસ્ય એવું ઈચ્છે તેમજ એવો પ્રયાસ કરે કે આખી ટીમનો વિજયમાં જ મારો વિજય સમાયેલો છે. વ્યકિતગત વિજયની લાલસા સંગઠન ભાવનાને તોડી નાંખશે.

ટીમ જાળવી રાખવી હોય તો પી એચ ડી ની ભાવનાથી દૂર રહો કોઈના ટીયા ખેંચવાનો પ્રયાસ સંગઠનને કમજોર કરી દેશે. કોઈને પણ નીચા દેખાડવાના પ્રયાસથી દૂર રહો.

સંગઠનની ભાવના અને એકતા સુસંવાદિતાનું સંગીત છે. હંમેશા ખુશ રહો, સંતુષ્ટ રહો અને હસતા રહો. **બી.કે. નીતાબેન**

## શ્રધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

આખાય કલીંગની કરકંડુ મહારાજા બનવાનો છે.

ફુલની માળા સુંઢમાં લઈને ચાલતી હાથિણીએ માળાને કરકંડુના ગળામાં આરોપી દીધી. ઘોડાએ પણ હણહણાટી કરીને પોતાની સંમતિનો સૂર રેલાવ્યો. ચંડાલપુત્ર કરકંડુ કલીંગ દેશનો મહારાજા બની ગયો. રાજસભામાં કરકંડુની પધરામણી કરવામાં આવી. સમસ્ત રાજયમાં ઘોષણા કરવામાં આવી કે નૂતન રાજાધિરાજનો રાજયાભિષેક કરવામાં આવશે. રાજય, નગર અને રાજ પરિવારમાંથી પણ આ ચંડાલપુત્ર છે એ રીતનો ઘણો વિરોધ કરવામાં આવ્યો પણ કરકંડુ મહારાજાએ તેને કડક હાથે દાબી દીધો. ભલે તેનો જીવન ઉછેર ચંડાલને ત્યાં થયો પણ આખરે તો તે રાજબીજ હતું. ને રાજા બન્યા પછી તેનું ક્ષાત્ર તેજ ઝગારા મારવા લાગ્યું. પુર્વના રાજાની જેમ નૂતન રાજવીએ પણ કલીંગ દેશમાં પોતાની આણ પ્રવર્તાવી દીધી.

પેલા બ્રાહ્મણપુત્રને કરકંડુ રાજા બની ગયો છે તેના સમાચાર મળી ગયા.આજ સુધી કરકંડુ સાથે દુશ્મનાવટ હતી પણ હવે કરકંડુનો સીતારો જ્યારે ચમકવા લાગ્યો છે ત્યારે દુશ્મન પણ દોસ્ત બની ગયો. બ્રાહ્મણપુત્રે રાજાની પાસે આવીને પૂર્વબદ્ધ વચનને અનુસાર એક ગામની માંગણી કરી. પોતે જે ગામમાં રહેતો હતો તે જ ગામ તેણે માંગ્યું. રાજાએ તેને તે ગામ દાનમાં આપી દીધું.

ગામ દાનમાં તો આપ્યું પણ રાજપુરૂષોએ જણાવ્યું, ‘મહારાજાધિરાજ ! આપશ્રીએ જે ગામ દાનમાં આપ્યું છે તે ગામ કલીંગ દેશનું નથી. તે તો અંગનરેશની માલિકીમાં આવે છે.

‘સાંભળો રાજપુરૂષો ! બ્રાહ્મણ પુત્રને વચન આપી દીધું છે તો હવે વચન પાલન કોઈપણ ભોગે કરવું, એ ક્ષત્રિયનો ધર્મ છે. જાવ તમે અંગનરેશ પાસે જાવ અને કહેજો કે આ બ્રાહ્મણપુત્રને દત્તપુર ગામ આપવાનું છે. તેના બદલામાં આપ કલીંગદેશની ભૂમિ ગ્રહણ કરો. ગામ કરતાં બમણી ભૂમિ લેશો તો પણ ચાલશે..’ કરકંડુએ રાજપુરૂષોને આદેશ આપ્યો.

રાજપુરૂષોએ અંગદેશના નરેશ દધિવાહન પાસે જઈને રજુઆત કરી.

રાજપુરૂષોની વાત સાંભળતા જ રાજા દધિવાહન કોપાવિષ્ટ બન્યાં. ક્રોધથી તેમનું શરીર કંપવા લાગ્યું. રાજસભાને ધ્રુજાવતો મહારાજા બોલ્યા, ‘અલ્યા રાજપુરૂષો ! તમારા કાયર મહારાજાને કહી દેજો કે માંગનારો માંગણ હોય એ કદી મહારાજા ન હોય. અદલાબદલીના ધંધા વાણિયાના હોય છે. રાજાઓ તો માંગીને નથી લેતા તે તો યુદ્ધ કરીને પ્રાપ્ત કરતા હોય છે. તમારો રાજા આખરે તો ચંડાલપુત્ર છે ને તેની બિચારાની બુદ્ધિ પણ કેટલી હોય ?મહારાજા દધિવાહનના હૃદયવિદારક શબ્દોને સાંભળીને રાજપુરૂષો સમસમી ગયા અને બોલ્યા, ‘મહારાજા દધિવાહન આપ સાંભળી લો. મોટાઓની મહાનતા બીજાને માન આપવામાં છે. બીજાની માનહાનિ કરનારા મહાન નથી પણ તુચ્છ છે. અમે અમારા મહારાજાના આવા ઘોર અપમાનને સાંખી શકતા નથી. એટલે નાના હોવા છતાં પણ મોટા પુરૂષો આગળ અમારે બોલવું પડે છે.’ **પં.રાજપદ્મ વિજયજી**

## આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

આપ મને માફ કરજો કે આ મારા સૈનિકોએ આપને તકલીફ આપી છે. પછી સૈનિકોને આદેશ આપે છે. આ સૌંદર્યથી ભરપુર સ્ત્રીને તેમના નિવાસ સ્થજાને ઈજ્જત સાથે મુકી આવો. હવે પછી આવી ભુલ કરશો તો હું એવા સૈનિકોનાં માથાં ધડથી જુદાં કરી દઈશ.

આવા રાજા મહારાજાઓ પોતાની વાણી અને વર્તન દ્વારા સમાજ ઘડતરનું કામ કરી શકે છે.

આજે જરૂર છે આવા આદર્શ નેતાઓ, અધિકારીઓ તથા ક્રિકેટરો કે સેલીબ્રીટીઓ જેમના આદર્શ વર્તન દ્વારા નવા આદર્શ સમાજનું ઘડતર કરી શકીશું. જો સન્યાસ જ લેવો હોય તો સૌંદર્ય, ધન તથા સત્તા તરફ નજર જ ન કરવી અને જો ગૃહસ્થ જ રહેવા ઈચ્છતા હોઈએ તો બીજાના દુઃખ દર્દને સમજીને તેમને મદદ કરવા હંમેશા તત્પર રહીએ તો બંને પ્રકારનાં જીવન ધન્ય છે.

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલુ

ચાહે તો તેને હિંદુ, મુસ્લિમ કહીએ કે શીખ, જૈન, ખ્રિસ્તી, યહુદી, પારસી કે પછી બીજું કંઈક છેવટે ધર્મ જીવનનો સાચો માર્ગ બતાવે છે. સંપ્રદાયિક હિંસા ફેલાવવી કે રાજકીય વંટોળ ઉભું કરવાનું ધર્મનું કાર્ય નથી જેને આપણે ધર્મ કહીએ છીએ તે કાવાદાવાનું એક સ્વરૂપ હોય છે. મંદીરો, મસ્જીદો, ચર્ચ,દેરાસરથી ધર્મ સ્થાપિત થતો નથી પણ ત્યાં એ પ્રકારનું વાતાવરણ નિર્માણ કરી શકાય તો જ ધર્મનું સ્થાપન થાય છે. બાકી તો ગામડાં, શહેરોમાં મંદિરો સ્થાપન, જિર્ણોદ્ધારના નામે મોટાં ઉઘરાણાં ચડસાચડસીમાં થાય પણ સવાર સાંજ એ જ મંદિરમાં કોઈ પૂજા આરતી કરવાવાળું હોતું નથી. બિચારો પૂજારીએ હવે ઈલેકટ્રોનિક આરતીથી પુજા વિધિ કરી લેવામાં જ ભલાઈ માનતો હોય છે. આપણે વિશ્વ પર્યાવરણની ઉજવણી ને જીવનનો એક સાચા અર્થમાં ભાગ બનાવી એ વૃક્ષોનો ઉછેર કરીએ જ્યાં જરૂર છે ત્યાં બધા પ્રકારના પ્રયત્નો કરીએ. નેતાઓ અધિકારીઓનો ગ્રાન્ટ વાપરવાને પોતાનો હપ્તો મેળવવા વૃક્ષ વાવવાનું નાટક કરશે તે અડધી રાતે એ જ જુનાં ઝાડવાં કાપીને જતી ટ્રક, ટ્રેકટરોને સો મીલમાંથી હપ્તા લઈને રાજીના રેડ થતા રાત્રીના અંધકારમાં ગાયબ થશે. નદી, પહાડો, જંગલો, પશુ, પક્ષીઓનો ઝડપભેર નાશ થઈ રહ્યો છે. હવે તેના માટે જાગૃત બનીએ. પર્યાવરણ દિવસ રોજ ઉજવીએ ને સ્વસ્થ રહી એ જીવો ને જીવવા દોના સૂત્રને સાર્થક કરીએ એ ભાવના સહ....**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ...............ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : .........................................

## કડીમાં માતા પાસે સુઈ રહેલી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારતા ફરિયાદ

મહેસાણા

કડી વિસ્તારમાં એક સગીરા તેની માતા પાસે સુઈ રહી હતી ત્યારે મહોલ્લા નજીક રહેતો યુવક ગત ગુરૂવારની રાત્રે અપહરણ કરી નજીકના ખેતરમાં લઈ જઈ તેની પર દુષ્કર્મ આચરતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે કડી પોલીસ મથકમાં આરોપી સામે ફરિયાદ નોંધાવામાં આવી છે.

કડી પોલીસ મથકમાં ભરતજી ઉર્ફે માધો ગફુરજી ઠાકોર નામના યુવક સામે ગત શુક્રવારે ફરિયાદ નોંધાઈ હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી યુવકે ગામની અને મહોલ્લા નજીક રહેતી એક સગીરા જે ગત ગુરૂવારની રાત્રે પોતાની માતા પાસે સુઈ ગઈ હતી. ત્યારે આરોપીએ તેણીનું અપહરણ કરી નજીકના ખેતરમાં લઈ જઈ તેની પર દુષ્કર્મ આચર્યુ હતું. આ ઘટનાની જાણ સગીરાના પરિવારજનોને થતાં તેમના પગ તળેથી જમીન સરકી ગઈ હોવાનો અહેસાસ થયો હતો. આ બાબતે કડી પોલીસ મથકે આરોપી સામે ગુનો નોંધાયો હતો.

## પાટણમાં વેરાઈ ચકલા વિસ્તારમાં સંગીત વિદ્યાલય આગળ દબાણોનો રાફડો

પાટણ

પાટણમાં વેરાઈ ચકલા વિસ્તારમાં આવેલ ભારતીય સંગીત વિદ્યાલયના મકાન આગળ બિન-અધિકૃત દબાણના કારણે ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે. ત્યારે સંગીત વિદ્યાલયના વિદ્યાર્થીઓને પોતાના વાહનો પાર્ક કરવાની પણ જગ્યા હોતી નથી. તેથી દબાણ કર્તાઓ વિરૂધ્ધ સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છેઉપરોક્ત વિસ્તારમાંથી દબાણો દૂર કરવામાં આવે તો ટ્રાફિક સમસ્યાનું નિવારણ થઈ શકે. વધુમાં આ વિસ્તારમાં મોડી સાંજે દારૂડીયા તત્વોનો ત્રાસ વધતો જાય છે. નજીકમાં આવેલી સ્ટેટ બેંક પાસે પણ દારૂડીયા તત્વોની અવર જવર ચાલુ હોવાથી પોલીસે કડક કાર્યાવાહી કરવી જોઈએ.

## રાધનપુરમાં ભાજપ દ્વારા સંપર્ક અભિયાન




રાધનપુર

રાધનપુરમાં ભાજપના અગ્રણીઓ દ્વારા પાલિકાના વોર્ડવાઈજ સંપર્ક અભિયાન શરુ કરવામાં આવ્યું હતું,અને લોકોને મળીને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યો અંગે જાણકારી આપી હતી.આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરજગીરી ગોસ્વામી,બનાસ બેન્કના ડિરેક્ટર બાબુભાઇ ચૌધરી,શહેર પ્રમુખ જશુભાઈ રાવલ,મહામંત્રી કમલેશભાઈ તન્ના સહીત અગ્રણીઓ જોડાયા હતા.આ સંપર્ક અભિયાન એક અઠવાડિયા સુધી ચાલશે અને શહેરના અલગ-અલગ વોર્ડના લોકોનો સંપર્કઃ કરવામાં આવશે.

## વિવિધ બજાર ભાવ

| | | | | |
|---|---|---|---|---|
| | ડીસા | | વરીયાળી | ૧૨૬૦ |
| ઘઉં | ૩૨૧-૩૪૧ | | ઈસ. | ૧૧૭૦ |
| બાજરી | ૨૩૬-૨૬૨ | | રાયડો | ૬૮૦-૭૪૦ |
| રાજગરો | ૧૦૦૦-૧૧૦૦ | | એરંડા | ૭૩૦-૭૭૩ |
| મગફળી | ૭૩૦-૮૩૧ | | મેથી | ૪૫૫-૫૦૧ |
| એરંડા | ૭૫૨-૭૬૨ | | ગવાર | ૫૭૪-૬૪૫ |
| રાયડો | ૭૦૭-૭૨૫ | | ઘઉં | ૩૧૦-૪૨૫ |
| | પાંથાવાડા | | જુવાર | ૫૦૦-૧૦૦૧ |
| ઘઉં - | ૨૭૫/- | ૩૬૭/- | બાજરી | ૨૦૦-૨૬૧ |
| બાજરી - | ૨૨૪/- | ૨૩૯/- | સવા | ૮૮૦-૯૯૩ |
| ગવાર - | ૬૪૯/- | ૬૪૯/- | | પાટણ |
| એરંડા- | ૭૫૦/- | ૭૬૪/- | જીરૂ | ૧૫૦૧-૨૯૪૦ |
| રાયડો - | ૭૧૯/- | ૭૨૨/- | વરીયાળી | ૧૧૦૦-૧૫૭૧ |
| મગફળી - | ૭૪૦/- | ૮૧૫/- | મેથી | ૫૦૦-૫૧૮ |
| ઈસબગુલ- | ૧૦૫૧/- | ૧૧૦૧/- | સુવા | ૭૦૦-૯૫૧ |
| | ધાનેરા | | રાયડો | ૬૭૦-૭૫૦ |
| ઘઉં | ૩૦૭-૩૩૪ | | એરંડા | ૭૪૦-૭૭૨ |
| બાજરી | ૨૩૪-૨૫૦ | | ઈસ. | ૧૦૦૦-૧૧૦૦ |
| જવ | ૩૦૦ | | અજમો | ૫૦૧-૮૦૮ |
| જુવાર | ૬૨૫ | | ઘઉં | ૩૨૬-૩૬૨ |
| ચોળા | ૧૧૧૧ | | બાજરી | ૨૨૦-૨૫૮ |
| ગવાર | ૬૫૬-૭૦૯ | | ગવાર | ૬૬૧-૬૮૧ |
| રાયડો | ૬૭૦-૭૩૩ | | જુવાર | ૩૯૦-૬૬૨ |
| એરંડા | ૭૪૫-૭૭૦ | | જવ | ૨૮૬ |
| રજકો | ૧૭૦૧-૨૧૫૧ | | બંટી | ૩૦૬ |
| સુવા | ૮૫૦-૯૫૦ | | રજકાબાજરી ૪૫૨ | |
| વરી. | ૧૧૫૯-૧૩૦૮ | | રજકો | ૧૪૦૦-૨૪૩૧ |
| ઈસ. | ૧૦૫૦-૧૪૦૦ | | ચીકુડી | ૧૪૦૦-૧૫૮૫ |
| તલ | ૧૩૩૦ | | | થરાદ |
| જીરૂ | ૨૮૬૮-૨૯૫૦ | | રાયડો | ૭૨૦-૭૫૪ |
| રાજગરો | ૧૦૬૩ | | એરંડા | ૭૫૦-૭૬૪ |
| અસાળીયો | ૮૧૨ | | ગવાર | ૬૫૦-૬૭૦ |
| ચીકુડી | ૧૪૨૪-૧૫૮૧ | | મેથી | ૪૮૦-૭૦૦ |
| ર.બાજરી | ૩૮૬-૪૧૪ | | સોવા | ૮૮૦-૮૮૦ |
| અન્ય | ૮૧૨-૧૫૦૧ | | વરીયાળી | ૧૨૪૧-૧૩૦૩ |
| | થરા | | જીરુ- | ૨૨૫૦-૩૦૮૧ |
| જીરૂ | ૨૫૮૦-૩૨૧ | | અજમો | ૧૦૦૦-૧૫૦૦ |
| એરંડા | ૭૪૨-૭૭૨ | | ઈસબગુલ | ૧૨૦૦-૧૪૧૦ |
| રાયડો | ૭૧૦-૭૩૫ | | | રાહ |
| ઘઉં | ૩૨૧-૩૪૮ | | રાયડો | ૭૧૫-૭૩૦ |
| બાજરી | ૨૩૬-૨૬૯ | | એરંડા | ૭૪૫-૭૫૨ |
| જુવાર | ૫૬૫-૭૯૦ | | બાજરી | ૨૩૫-૨૫૦ |
| રજકો | ૧૬૮૧-૩૫૬૫ | | ચિકુડી | ૧૩૦૦-૧૪૭૦ |
| | સિધ્ધપુર | | સોવા | ૮૫૦-૯૧૦ |
| જીરૂ | ૨૫૩૦-૨૬૦૫ | | | |

## પાટણ પોસ્ટના કર્મચારીઓની સહકારી મંડળીની સાધારણ વાર્ષિક સભા મળી



પાટણ

ગતરોજ પાટણ ડિવિઝન પોસ્ટના કર્મચારી ધિરાણ મંડળીની ૩૮ મી વાર્ષિક સાધારણ સભા ન્યુ સંતોકબા હોલ ખાતે શ્રી જે.એલ. દરજી સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસની અધ્યક્ષતામાં મળી હતી. આ સભામાં મંડળના વાર્ષિક અહેવાલ તથા એજન્ડાના મુદ્દા વાઈઝ ચર્ચા કરવામાં આવી હતી. પ્રમુખ આર.જે પટેલ તથા મંત્રી બી.એસ. રાવલ દ્વારા મંડળીની વિકાસ તથા પ્રગતિની રૂપરેખા રજુ કરી હતી. તથા ધિરાણ મંડળી કર્મચારીના બાળકોનો ઈનામ વિતરણ સમારંભ પણ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નવીન બોડીની પણ રચના કરવામાં આવી હતી. ૨૦૧૮-૨૦૧૯ ના હોદ્દેદારોની વરણીમાં પ્રમુખ તરીકે બી.જે.દેસાઈ ઉ.પ્ર. કે.બી.પંડ્યા સેક્રેટરી બી.એસ.રાવલ આ સેક્રેટરી રવિકુમાર જન્સારી ટ્રેઝરર પ્રવિણકુમાર ભીલ, આસીસ્ટન્ટ ટ્રેઝરર દેવરાજભાઈ પટેલ તથા કારોબારી સભ્યોમાં વી.એમ. પરમાર, એમ.બી. બારોટ, આર.પી. સોલંકી, એસ.પી. ભોજક, વી.ડી.જોષી તથા આંતરિક ઓડીટર જે.કે. ભાવસારની વરણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સભાના પ્રમુખ જે.એલ. દરજીએ મંડળીને ઉપયોગી થાય એવા ઘણા સુચનો કર્યા હતા. આ સુચનો દ્વારા કર્મચારીને પણ ફાયદાઓ થશે અને નવીન વરણી થયેલ હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલન બચુભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા વાર્ષિક અહેવાલ બી.એસ. રાવલ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો.

## સાબરકાંઠા જિલ્લામાં ૯૦ નવા મતદાન મથક ઉભા કરાશે

### ૧૪૧ મતદાન મથકોમાં ફેરફાર થશે

સાબરકાંઠા

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ આગામી સમયમાં યોજાનાર છે ત્યારે વસતિના ધોરણે મતદાન મથકોનું પુનઃ ગઠન કરવું આવશ્યક હોય છે ત્યારે સાબરકાંઠા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૧૦૦ ટકા ચકાસણી કર્યા બાદ જિલ્લામાં ૯૦ મતદાન મથકો નવા જયારે ૧૪૧ મતદાન મથકોમાં ફેરફાર કરવામાં આવશે.

જિલ્લા કલેકટર પ્રવિણા ડી.કેની અધ્યક્ષતામાં રાજકીય પક્ષોના અગ્રણીઓ અને ચૂટણી અધિકારીઓ સાથે બેઠકમાં મતદાન મથકોની સમીક્ષા કરાઇ હતી જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૦૦થી વધુ તેમજ શહેરી વિસ્તારમાં ૧૪૦૦થી વધુ વસતિ હોય તેવા મતદાન મથકોને મર્જ કરવા તેમજ પુરક મતદાન મથક આપવાનું થાય છે. આ ઉપરાંત મતદારોને મતદાન માટે બે કિ.મીથી વધુ અંતર કાપવું પડતુ હોય અથવા કોઇ ભૌગોલિક કારોણસર જેવા કે વાંધા-કોતર નદીનાળા આવતા હોય તેવા મતદાન મથકોને સુવિધા આપવાનું નક્કી કરાયું છે.

## સમી ખાતે કમ્પોસ્ટ પીટસ લોકાર્પણ અને સેગ્રીગેશન શેડનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો



પાટણ

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ૫ જૂન ૨૦૧૮ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસથી શરૂ કરીને ૧૧ જૂન ૨૦૧૮ સુધી રાજયના વધુ વસ્તિ ધરાવતા ૧૦૦ ગ્રામ પંચાયતને સ્વચ્છતા અભિયાન સપ્તાહની ઉજવણીમાં આવરી લેવાયા છે. પાટણ જિલ્લાના સમી, શંખેશ્વર, સાંતલપુર ગામોની પસંદગી રાજય કક્ષાએથી કરવામાં આવી છે. જે અંતર્ગત કેબીનેટ કક્ષાના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર સમી ગામ ખાતે કંપોષ્ટ પીટસ લોકાર્પણ અને સેગ્રીગેશન શેડનું ખાતમુહુર્ત યોજાયું. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લાનો સમી વિસ્તાર પછાત વિસ્તાર દુષ્કાળીયો વિસ્તાર ગણાતા સમી પંથકમાં માનવ જીવન માટેના બે પ્રકારના કામો આશીર્વાદરૂપ છે જે હાથ ધરવામાં આવ્યા છે. એક પીવાનું શુધ્ધ પાણી બીજું આરોગ્ય માટેનું સ્વચ્છતાનું કામ મનરેગા યોજના હેઠળ ઘન કચરા વ્યવસ્થાપન પ્રોજેકટ અંતર્ગત સમી ગ્રામ પંચાયતને ૮ ટ્રાયસીકલ, ૧૬ ફીકસ સ્ટેન્ડ, ડસ્ટબીન અને ૧૩ પુશકાર્ટ આપવામાં આવેલ છે. જેની કિંમત રૂા.૩.૩૫ લાખ છે. તેમજ રૂા.૪.૦૩ લાખના ખર્ચે સેગ્રીગેશન શેડ અને કમ્પોસ્ટ પીટ માટે ફાળવવામાં આવ્યા છે.

વધુમાં જણાવ્યું કે, પ્લાસ્ટીક કચરો વર્ષોના વર્ષ સુધી જમીનમાં એકઠો થાય છે. પાણીના ભેજને અટકાવે છે. માનવ જીવન માટે પ્લાસ્ટીક કચરો પર્યાવરણ અને જાહેર આરોગ્ય માટે ખતરારૂપ છે. પ્રજાજનોને પ્લાસ્ટીકનો ત્યાગ કરી કપડાની થેલીનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં સંગઠનના મોહનભાઇ પટેલ, મયંકભાઇ નાયક, મૂકેશભાઇ પટેલ, ભોપાજી ઠાકોર, ચેલાભાઇ, કાર્યપાલક ઈજનેરશ્રી જે.સી. પટેલ, ગ્રામજનો જિલ્લા ડેલીકેટ તાલુકા ડેલીકેટ ઉપસ્થિત રહ્યા હતા. પશુપાલક નિયામક નટુભાઇ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. અને ડી.આર. ડી.કર્મચારી દિલીપભાઇએ યોજનાની રૂપરેખા રજુ કરી હતી. સંકેતભાઇએ આભારવિધી કરી હતી.

## સમી ખાતે નર્મદાના નીરના વધામણાનો કાર્યક્રમ યોજાયો



પાટણ

પાટણ જિલ્લાના સમી ગામ ખાતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે નર્મદાના નીરના વધામણા કાર્યો હતા. આ પ્રસંગે મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, સમી અને શંખેશ્વર ગામનો વર્ષો જુનો શુધ્ધ પાણીનો પ્રશ્ન આજે હલ થયો છે. રાજય સરકાર દ્વારા સમી, હારીજ, શંખેશ્વર તાલુકાના ૧૩૧ ગામોને નર્મદા કેનાલ આધારિત યોજનાનું પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના રૂા.૮૪ કરોડના ખર્ચે શારૂ કરાઇ છે. સમી અને શંખેશ્વર તાલુકાના બાકી રહેતા ગામોને યોજનામાં સમાવેશ કરવા માટે રૂા.૧૦.૫૫ કરોડની મંજુરી રાજય સરકાર દ્વારા આપવામાં આવી જે યોજના દ્વારા સમી, શંખેશ્વર,કાઠી, મુજપુર, લોટેશ્વર, કુવારદ, દાંતીસણા ગામોને નર્મદા યોજનાનં પાણી આપવાની જોગવાઇ કરવામાં આવી છે.

પાણી પુરવઠા વિભાગ દ્વારા ઝડપથી કામો હાથ ધરી ટૂંકા સમયમાં સમી અને શંખેશ્વર ગામને પ્રાયોગિક ધોરણે પાણી ચાલુ કરી મંત્રીશ્રી તથા મહાનુભાવો દ્વારા નર્મદાના પાણીનો વિધિવત રીતે વધામણા કરી બન્ને ગામોને નર્મદા યોજનાનું ફિલ્ટરર્ડ કરેલ પાણી પ્રજા માટે વિતરણ કરાવાનું ચાલું કરવામાં આવ્યું છે. જેનાથી પ્રજાનું આરોગ્ય સચવાશે અને રોગ મુક્ત બનશે.

આ કાર્યક્રમમાં સંગઠનના મોહનભાઇ પટેલ, મયંકભાઇ નાયક, મૂકેશભાઇ પટેલ, ભોપાજી ઠાકોર, ચેલાભાઇ, પશુપાલક નિયામક નટુભાઇ પટેલ, કાર્યપાલક ઈજનેર જે.સી. પટેલ, મેવાડા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલ “ગુજરાત યંગ એચીવર્સ” એવોર્ડથી સન્માનિત



વિસનગર

સમગ્ર ઉત્તર ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે ખ્યાતિપ્રાપ્ત તેમજ સેવાકીય કાર્યો દ્વારાઆગવું સ્થાન ધરાવતી વિસનગરની સાંકળચંદ પટેલ યુનિવર્સિટીને શિક્ષણક્ષેત્રે કરેલાયોગદાન બદલ તાજેતરમાં તા. ૧૦જૂન, ૨૦૧૮ના રોજજી ૨૪ કલાક ટીવી ચેનલ દ્વારારાજકોટ ખાતે યોજાયેલ “યંગ ગુજરાત પ્રગતિશીલ ગુજરાત ”સમારંભમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલને“યંગ એચીવર્સ” એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.પ્રકાશભાઈ પટેલ હાલમાં નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી તરીકે પણ સેવા આપી રહ્યા છે કે જે ટ્રસ્ટઉત્તર ગુજરાત ખાતે છેલ્લા ૭૮ વર્ષથી સતત શિક્ષણક્ષેત્રે કાર્યરત છે.મંડળ દ્વારા પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, તકનીકી શિક્ષણ અને તબીબી શિક્ષણ ક્ષેત્રે વિવિધ સંસ્થાઓ દ્વારા ગુણવત્તાસભર આધુનિક શિક્ષણ આપવાનું કાર્ય થઈ રહેલ છે.મંડળની વિવિધ સંસ્થાઓ ખાતે આશરે૪૨૫ જેટલા પ્રાધ્યાપકો દ્વારા અંદાજીત ૧૦૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણવત્તા યુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે.સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાંજુદી જુદી સંલગ્ન કોલેજોમાં ગ્રેજ્યુએટ, પોસ ગ્રેજ્યુએટ અને પીએચ.ડી (એન્જીનીયરીંગ અને ટેકનોલોજી, ફાર્મસી, કોમ્પ્યુટર સાયન્સ, સાયન્સ, કોમર્સ, ડેન્ટલ સાયન્સીસ, નર્સિંગ અને ફીઝીયોથેરાપી) જેવા અભ્યાસક્રમો હાલમાં ચાલી રહ્યા છે. આવનારા સમયમાં મેડીકલમાં એમ.બી.બી.એસ. અને પેરા મેડીકલમાં બી.એસ. સી. સાયન્સીસ જેવા અભ્યાસ ક્રમો શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી વિજયભાઈરૂપાણી ના હસ્તે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલને એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ તે બદલ નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓએ અને નૂતન પરિવાર તેઓનેહાર્દિક અભિનંદન પાઠવેલ છે. પ્રકાશભાઈ પટેલે આ ગૌરવની બાબતે જણાવેલ કે આએવોર્ડનો શ્રેય આપ દરેકના અથાગ પ્રયત્નોના આભારી છે અને આવા સન્માનિત કાર્યક્રમોથી વધુ યુવાનો પોતાના ક્ષેત્રમાં સમાજ સેવા કરવા માટે પ્રેરીત થશે. આ સંસ્થા ભવિષ્યમાં શિક્ષણ ક્ષેત્રેવધુ પ્રગતિ કરે તેવી અભ્યર્થના સાથે સૌનો આભાર વ્યક્ત કરેલ.

## પાટણમાં વિશિષ્ટ વ્યક્તિનો સંપર્ક સમર્થન કાર્યક્રમ યોજાયો



પાટણ

કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીના સરકારના ૪ વર્ષના સુશાસનની કાર્યસિધ્ધિ અંતર્ગત વિશેષ સંપર્ક અભિયાન કાર્યક્રમની દિનાંક ૦૬-જુનને બુધવારના રોજ પ્રદેશ ભાજપ મહામંત્રી અને ઉત્તર ઝોન પ્રભારી કે.સી. પટેલ દ્વારા પાટણ જિલ્લામાં આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

કેન્દ્રની યોજના મુજબ દેશમાં વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરેલ વ્યક્તિઓનો સંપર્ક સમર્થન કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના ૪ વર્ષ દરમિયાન વિવિધ પ્રજાકીય-લોકપયોગી યોજનાઓ, કેન્દ્ર સરકારના પ્રજાલક્ષી નિર્ણયની માહિતી આપતી સિધ્ધિની પત્રિકા દ્વારા સંપર્ક -સમર્થન કાર્યક્રમ વિશિષ્ટ વ્યક્તિઓના નિવાસ સ્થાને જઈ કરવામાં આવ્યો હતો. પાટણના રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શ્રીમતી કુસુમબેન ચંદારાણાના નિવાસ સ્થાને જઈ પ્રદેશ મહામંત્રી દ્વારા તેઓનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને કેન્દ્ર સરકારની કામગીરીથી માહિતગાર કર્યા હતા. પાટણના ગૌરવ સમાન ટેનિસ પ્લેયર જે રાષ્ટ્રીય કક્ષાએ આપણા પાટણનું નામ રોશન કરી રહ્યો છે ને યુવા શક્તિને રમત ક્ષેત્રે પ્રેરણા પુરી પાડી રહ્યા છે. તેવા મેઘ પટેલના નિવાસસ્થાને તેઓનું સન્માન કર્યું હતું તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર યુવા રમતવીરો આગળ વધવા પ્રોત્સાહન પુરુ પાડી રહી છે. તેવું પ્રદેશ મહામંત્રીએ જણાવ્યું હતું. આ ઉપરાંત પાટણની આન-બાન અને શાન પાટણને પટોળાની નગરી તરીકે જાણીતી કરનાર ભરતભાઈ સાલવીના નિવાસસ્થાને જઈ તેમની કાર્યશૈલી અને પટોળા ક્ષેત્રે પાટણને ઓળખ અપાવવા બદલ તેમનું સન્માન કર્યુ હતું. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની માહિતી પુસ્તિકા તેઓને આપી હતી.

પાટણના જાણીતા રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ઘેમરભાઈ દેસાઈના નિવાસસ્થાને જઈ તેઓનું સન્માન કરી કેન્દ્રના ૪ વર્ષના સુશાસનની સિધ્ધિની પુસ્તિકા અર્પણ કરી. નરેન્દ્રભાઈ મોદીની સરકારના ૪ વર્ષના શાસનમાં ભ્રષ્ટાચારનો એક દાગ પણ લાગ્યો નથી અને ગરીબ વર્ગ સમૃધ્ધ બન્યો છે. વિદેશ નીતિથી દુનિયામાં ભારતનું સ્થાન અગ્રેસર બન્યુ છે. અમેરિકા, ચીન, રશિયા જેવા વિકસિત દેશના જી.ડી.પી.ની હરોળમાં ભારતની ગણના થઈ રહી છે. જે આ નરેન્દ્રભાઈ મોદીની સરકાર જ કરી શકે જે સર્જીકલ સ્ટ્રાઈક કરીને દુનિયાને બતાવી પણ શકે છે ભારત એ નબળો દેશ નથી.

ભારતીય જનતા પાર્ટીના આ વિશેષ સંપર્ક અભિયાનમાં પાટણ શહેરના વિવિધ રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરી પાટણનું નામ રોશન કરનાર વિશિષ્ટ વ્યક્તિઓના સંપર્ક- સમર્થન કાર્યક્રમમાં કે.સી.પટેલ સાથે, જિલ્લા ભાજપ મહામંત્રી ભાવેશભાઈ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ કિશોરભાઈ મહેશ્વરી, જિલ્લા મંત્રી

વિરેશભાઈ વ્યાસ, રીન્કુભાઈ પટેલ, કોષાધ્યક્ષ સતીષભાઈ ઠક્કર, પાટણ શહેર મહામંત્રી હરેશભાઈ મોદી, તથા સુરેશભાઈ જોષી, હીનાબેન શાહ, ગીતાબેન સોલંકી હાજર રહ્યા હતા. એમ જિલ્લા ભાજપ કાર્યાલય મંત્રી નવીન પ્રજાપતિ અખબારી યાદીમાં જણાવે છે.

## બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીની મંજુરી મળતાં હિંમત વિદ્યાનગર- રાધનપુરમાં જૂન-૨૦૧૮ થી લો કોલેજ શરૂ થશે

રાધનપુર

આઠમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ દ્વારા સ્થાપિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત હિંમત વિદ્યાનગર કેમ્પસમાં આગામી જૂન -૨૦૧૮ થી લો કોલેજ શરૂ થઈ રહી છે. ગત તા. ૦૬/૦૬/૨૦૧૮ ના રોજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીએ આ માટેની મંજુરી આપી છે. અત્રે યાદ આપવું ઘટે કે મુળ રાધનપુર અને હાલ મુંબઈ સ્થિત ચંદ્રેશભાઈ મુક્તિલાલ વીરવાડિયાએ માતબર રકમનું દાન આપતા તેમના સ્વર્ગસ્થ પત્નિ ભરતી ચંદ્રેશ વિરવાડીયા લો કોલેજના નામાભિધાન સાથે શરૂ થઈ રહેલી કોલેજના પ્રથમ સત્ર માટેના પ્રવેશની કામગીરી પણ શરૂ થઈ છે. હેમ.ઉ.ગુ. યુનિ. એ જોડાણ માટેનો અગાઉ નિર્ણય કરેલ છે અને ગુજરાત સરકારે પણ આ માટે એન.ઓ. સી. આપી છે.આ વિસ્તારની અને તેના ૭૦ કિ.મી.ના ઘેરાવામાં અન્ય કોઈ લો કોલેજ હાલમાં નથી ત્યારે હિંમત વિદ્યાનગર સંસ્થામાં લૉ કોલેજ શરૂ કરવાનો નિર્ણય આ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. આ સંસ્થા છેલ્લા સત્યાવીશ વર્ષથી શૈક્ષણિક કાર્ય કરી આ વિસ્તારમાં ખુબ જ લોકચાહના મેળવી છે.

## સતલાસણામાં કારની ટક્કરે ત્રણ યુવતીઓને ઈજા

મહેસાણા

સતલાસણામાં પટેલ ફાર્મ નજીકના નાળા પાસે તાજેતરમાં એક કાર ચાલકે એક યુવતી સહિત ત્રણને પાછળથી ટક્કર મારતા ત્રણે જણા નીચે પટકાતા ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ કાર ચાલક ગાડી સ્થળ પર મુકી નાસી ગયો હતો, આ મામલે સતલાસણા પોલીસે કાર નંબરના આધારે તેના ચાલક સામે ફરિયાદ નોંધી હતી.તારંગા રેલ્વે સ્ટેશન પાસે રહેતા સોમાજી કાળુજી ઠાકોરની ભત્રીજી આરતીબેન, અનીતાબેન, અને દેવયાનીબેન ગત શુક્રવારે સતલાસણાના પટેલ ફાર્મ નજીક નાળા પાસેના હાઈવે પરથી જઈ રહ્યા હતા. ત્યારે એક કારચાલકે પોતાની કાર પુરઝડપે ચલાવી ત્રણે યુવતીઓને પાછળથી ટક્કર મારતાં ત્રણેયને ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત સર્જનાર કાર ચાલક તેની કાર મુકી નાસી ગયો હતો. આ અંગે સોમાજી ઠાકોરે કાર નંબરના આધારે તેના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરના અપહૃત યુવકનો અઢી કલાકની જહેમત બાદ હેમખેમ છુટકારો

**નાણાંની લેતી - દેતીમાં અપહરણ કરનારા ભીલડીના છ શખ્સોની અટકાયત**

પાલનપુર

પાલનપુરના ગોપાલ પ્લાઝા નજીકથી રવિવારે મોડીરાત્રે એક યુવકનું નાણાંની લેતી- દેતીમાં કારમાં આવેલા શખ્સો અપહરણ કરી ગયા હતા. ઘટનાને પગલે ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. દરમિયાન આ અંગેની


(સંજય જોષી)

જાણ થતાં એકશનમાં આવેલી પોલીસે અઢી કલાકની જહેમત બાદ યુવકને ભીલડી નજીકથી હેમખેમ છોડાવ્યો હતો.

પાલનપુરમાં ચકચારી બનેલી અપહરણની ઘટનાની વિગતો એવી છે કે, પાલનપુરનો મયંકભાઈ રમેશભાઈ દવે (ઉ.વ. ૩૦) રવિવારે રાત્રે પોતાનું બાઈક જીજે.૮ એ. એફ. ૨૭૭૮

અનુસંધાન પાના નં.૬

## અપહરણકર્તાઓની અટકાયત

હિતેન્દ્રકુમાર ઉર્ફે પીન્ટુ રતીલાલ ઠક્કર (રહે.ભીલડી, તા.ડીસા)
રાજેશભાઈ ઉર્ફે લાલો જયંતિલાલ ઠક્કર (રહે.ભીલડી, તા.ડીસા)
આશિષકુમાર ભરતભાઈ ઠક્કર (રહે.મુડેઠા તા.ડીસા)
દશરથસિંહ ઉર્ફે દશરથ મફતસિંહ જાદવ ( રહે.ભીલડી, તા.ડીસા)
રાજેશ ઉર્ફે રાકેશ શાંતિલાલ ઠક્કર (ભીલડી, તા.ડીસા)
અતુલ રતીલાલ ઠક્કર (રહે.નવી ભીલડી, તા.ડીસા)

## મોટર સાયકલના નંબરના આધારે યુવકની ઓળખ કરાઇ

ડીવાયએસપી એ.આર. જનકાંતે જણાવ્યું હતુ કે, ગોપાલ પ્લાઝા નજીકથી યુવકનું બાઈક મળી આવ્યું હતુ. જેના નંબરના આધારે યુવકની ઓળખ કરી તેના પરિવારજનો સાથે સંપર્ક કરવામાં આવ્યો હતો. અને યુવકના મોબાઈલ ફોનના આધારે લોકેશન મેળવી આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમાં છ અપહરણકર્તાઓની અટકાયત કરવામાં આવી છે. જ્યારે એક નાસી છુટયો છે.

# કાંકરેજ તાલુકાના રૂની જૈન તીર્થ નજીક ઘાસ પૂળા ભરેલ ટ્રકમાં આગ

તાલુકા પ્રતિનિધિ થરા


યશપાલસિંહ વાઘેલા

ગુજરાત સરકાર દ્વારા ટેકાના ભાવથી મગફળી ખરીદીમાં વ્યાપક ગેરરીતી અંગે હોબાળો થતાં તેને ઢાંકવા મગ ફળીનો જથ્થો સળગાવી નાશ કર્યો તેની કોઇ તપાસ ના થઇ અને તેના પછી સરકારે ગૌશાળા પાંજરાપોળોને ઘાસના પુળાઓઆપવાનું ચાલુ કરતાં આ ઘાસ સડેલું આવતું હોવાની બુમરાડ ઉઠી છે ત્યારથી ઘાસના પુળાઓ ભરેલી ટ્રક સળગવાના બનાવો વધી રહયા છે ત્યારે કાંકરેજ તાલુકામાં ગઈકાલ બપોરે બાર વાગ્યાના સુમારે થરાથી નજીક આવેલા ગોડીચા જૈન રૂનીથી ચંદ્રોડા તરફ ગૌ શાળા માટે ઘાસના પુળાઓ ભરી ને જઈ રહેલ ટ્રકને વીજ વાયરો અડી જતાં ગાડી જતા જોતજોતામાં ઘાસના પુળાઓમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. ગાડીમાં રહેલ ઘાસના પુળાઓમાં આગ લાગી હતી ઘટનાની જાણ થતાં આજુબાજુ ના વિસ્તારો માંથી લોકો દોડી આવ્યા હતા. તેમજ થરા ફાયર ફાયટર ને આગ લાગવાની જાણ કરવામાં આવી હતી. જેને લઇ થરા ફાયર ફાયટર ના ફાયરમેન અરવિંદજી મકવાણા અને અનુસંધાન પાના નં.૬

**યુવતીઓ અને મહિલાઓની છેડતીના મુદ્દે**

# વડગામના બાવલચુડી ગામે બે સમુદાયો વચ્ચે ધીંગાણું : ગામમાં તણાવનો માહોલ

**પથ્થરમારો કરી પાઇપો તેમજ લોખંડના રોડથી હુમલો કરાતાં ત્રણને ઇજા થતાં સારવાર હેઠળ ગામ પોલીસ છાવણીમાં ફેરવાયુ**

પ્રતિનિધિ છાપી


સુરેશ અગ્રવાલ

વડગામના બાવલચુડી ગામે રવિવારની રાત્રે દુકાનના ઓટલા ઉપર બેસી રસ્તે આવતી જતી યુવતિઓ તેમજ મહિલાઓની મશ્કરી કરી પજવણી કરતા ગામના મુસ્લીમ યુવકોને ઠપકો આપતા ઉશ્કેરાઈ જઇ આ યુવકો એ ઠપકો આપનારા ઓ ઉપર પથ્થરમારો કરી પાઈપો તેમજ લોંખડના રોડથી હુમલો કરતા બે મહિલા સહીત એક યુવકને ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જોકે આ બનાવના પગલે ગામમાં તણાવપૂર્ણ વાતા વરણને જોતા છાપી પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો

છાપી નજીક આવેલા બાવલચુડી ગામે રવિવારની રાત્રે મુસ્લિમ સમાજના યુવકો દ્વારા રસ્તેથી પસાર થતી પટેલ અનુસંધાન પાના નં.૬

# થરાદના ઇઢાટાના બે ખેતરોમાં પાંચ મહીનામાં બીજીવાર માછલીઓનો વરસાદ


વિષ્ણુ દવે

**એક રાતમાં ખેતરમાં અસંખ્ય મૃત માછલીઓ જોવા મળતાં આશ્ચર્ય**

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના ઈઢાટા ગામના બે ખેડુત ભાઈઓના ખેતરમાં અચાનક એક રાતમાં મૃત માછલીઓ જોવા મળતાં અરેરાટી ફેલાવા પામી હતી. જોકે એક સાથે આટલી માછલીઓ આવી કઇ રીતે તેને લઈને પણ આશ્ચર્યની લાગણી ફેલાવા પામી હતી. થરાદ તાલુકાના ઈઢાટા ગામની સીમમાં ખેડુત રાજપુત સારેંગાભાઈ માનસેંગભાઈ રાજપુત અને તેમના ભાઈ વણાભાઈ માનસેંગભાઈ રાજપુતનું ખેતર આવેલ છે. જેમના આ ખેતરમાં રવિવારની સવારના સુમારે છુટી છવાઇ ૫૦થી વધારે મૃત માછલીઓ જોવા મળતાં અરેરાટીની લાગણી ફેલાવા પામી હતી.આ અંગે ખેડુત સારેંગભાઈએ જણાવ્યું હતું કે તેમના ખેતરની બાજુના અન્ય ખેતરોમાં તપાસ કરતાં અન્ય કોઈ જગ્યાએ માછલીઓ જોવા મળી ન હતી. વળી ચાર મહિનાથી ખેતરમાં પાણી પણ બંધ છે અને ખેતરોમાં કોઈ વાવેતર પણ કરેલ નથી. એટલે નહેરના પાણી વાટે માછલીઓ

અનુસંધાન પાના નં.૬

**ગઢ ખાતે યોજાયેલ ગ્રામસભામાં ટીડીઓનો જવાબ**

# લડબી નદીની સફાઈ માટે અમારી પાસે ગ્રાન્ટ નથી : લોકફાળો ઉઘરાવો

(પ્રતિ.) ગઢ

પાલનપુર તાલુકાનાં ગઢ ગ્રામ પંચાયત ખાતે સોમવારે બપોરે બાર કલાકે પાલનપુર ટીડીઓ કે.એમ.પરમારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં ગ્રામજનો દ્વારા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી.જેમાં ગઢ ગામનો પ્રાણપ્રશ્ન એવો લડબી નદીની સફાઈ મુદ્દે પુછાયેલ જવાબ મુદ્દે ટીડીઓ એ જણાવ્યું હતું કે અમારી પાસે કોઈ ગ્રાન્ટ નથી.ગ્રામ પંચાયત લોકફાળો ઉઘરાવી સફાઈ કરાવે તેવું નિવેદન કર્યું હતું.

ગઢ ગ્રામ પંચાયતના હોલમાં સોમવારે યોજાયેલ ગ્રામસભા પાલનપુર ટીડીઓ કે.એમ.પરમારના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી જેમાં ગઢ સરપંચ વસંતભાઈ રાઠોડ તલાટી અશોકભાઈ ચૌધરી તાલુકા પંચાયતના ડેલીગેટ પુષ્પાબેન ભુટકા માજી સરપંચ ખોડીદાસ પટેલની હાજરીમાં યોજાઈ ગઈ.

જેમાં ગ્રામજનોના વિવિધ પ્રશ્નો રજૂ કરવામા આવ્યાં હતાં. જેમાં ટીડીઓ કે.એમ.પરમારને જ્યારે લડબી નદીની સફાઈ વિશે પુછવામાં આવ્યું કે લડબી નદીની સફાઈ કઈ ગ્રાન્ટ માંથી કરવામાં આવશે આ અંગે તેમણે જણાવ્યું કે સરકાર પાસે હાલ કોઈ ગ્રાન્ટ નથી. ગઢ ગ્રામ પંચાયત સફાઈ કરાવે નાણાં ના હોય તો લોકફાળો ઉઘરાવી કામ કરાવે તેવું કહ્યું હતું.

## તંત્રના પ્રી-મોન્સૂન પ્લાનના દાવાની પોલ ખુલી

ગઢ લડબી નદીમાં એટલી હદે જાડી જાખર ઊગી નીકળી છે. ચોમાસુ આવી ગયું છતાં હજું સફાઈ કરવામાં આવી નથી. જાણે ગઢ ગ્રામ પંચાયત વરસાદ આવ્યાં બાદ સફાઈ કરવાની રાહ જોઈ રહ્યું હોય એમ સમયની રાહ જોઈ રહી છે. નદી કાંઠે રહેતાં લોકોનાં ઘરોમાં પાણી ભરાઈ જવાથી ગત વર્ષે લાખોનું નુકશાન થયું હતું. આમ મોટા ઉપાડે તંત્ર દ્વારા પ્રી-મોન્સૂન પ્લાનની કામગીરીના ધજાગરા ઉડી રહ્યાં હોય તેવું દેખાઈ રહ્યું છે.

# થરાદ - વાવ તાલુકાના ખેતમજુરોને જમીન ફાળવો : ના. કલેકટર સમક્ષ રજુઆત

**જમીન ન ફાળવાય તો ઉગ્ર આંદોલનની ચિમકી**

(પ્રતિ.) થરાદ


(વિષ્ણુ દવે)

થરાદ વાવ તાલુકાના ત્રીસ થી વધુ ગામોના અને સીમમાં છાપરાં તાણીને રહેતા અને ખેતમજૂરી કરી ને જીવન નિર્વાહ ચલાવતા સ્ત્રી પુરુષ ગ્રામજનો સોમવારે બહોળી સંખ્યામાં વાહનોમાં ભરાઇને થરાદની નાયબ કલેક્ટર કચેરીમાં ધસી આવ્યા હતાં. જેમણે તેઓ બધાં ખેતી કરવાની જમીન નહી હોવાના કારણે ખુબ જ દયનીય પરિસ્થિતીમાં જીવતા હોવાનું અનુસંધાન પાના નં.૬

# ડીસા ખાતે ઈન્કમટેક્ષના નવા સુધારા અને રીટન્સ ઈન્ફાઈલીંગ વિશે માર્ગદર્શન સેમીનાર યોજાશે

ડીસા

વેપારી મથક ડીસા ખાતે ધી બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ ટેક્ષ પ્રેક્ટીશનર્સ એસોસીએશન તથા ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલટન્ટસ દ્વારા આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષના ઈન્કમટેક્ષના નવીન સુધારા વધારા સહિતના રીટર્નસ ઈ-ફાઈલીંગ કરવાની સરળ સમજુતી અંગેનો સેમીનાર યોજાયો હતો. જેમાં એ.જી.એફ.ટી.ના પ્રમુખ બકુલભાઈ શાહ તેમજ બી.કે.ડી. ટે.પ્રે.એસો. ના પ્રમુખ દીલીપભાઈ બી.ઠક્કરે તમામ સભ્યોનું શાબ્દીક સ્વાગત કર્યુ હતું. વક્તા સી.એ. ઋત્વિજ પી.શાહ એ આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન રીટર્ન ઈ-ફાઈલીંગને લાગતા સુધારા વધારા સહિતનું સરળ માર્ગદર્શન આપ્યું હતું. એ.જી.એફ.ટી.ના ઉપપ્રમુખ તેમજ જી.એસ.ટી. બારના ઉપપ્રમુખ શાંતીલાલ સી.ઠક્કર દ્વારા નવીન રીટર્નસ ભરવા દરમિયાન વકીલ મિત્રોને મુંઝવતા પ્રશ્નોની માહિતી રજુ કરેલ. એ.જી.એફ.ટી.ના સેક્રેટરી આશુતોષભાઈ ઠક્કર અનુસંધાન પાના નં.૬

# રાધનપુરના વડપાસર તળાવમાં ડૂબી જતાં તરૂણનું મોત

(પ્રતિ.) રાધનપુર


કમલ ચક્રવતી

રાધનપુરના વડપાસર તળાવમાં સોમવારે બપોરે સાડા ત્રણ વાગ્યાના સુમારે એક ૧૬ વર્ષીય તરુણ ડૂબી ગયો હોવાના સમાચાર મળતાં તળાવના કિનારે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.મુસ્લિમ સમાજના તરવૈયાઓ સલીમ અબ્દુલખાન પઠાણ, સોહીલ ખાન તેમજ અન્ય યુવાનોએ તળાવમાં ઝંપલાવીને લાશની શોધખોળ કરીને લાશને બહાર કાઢી હતી. લાશ બહાર કાઢ્યા બાદ પી.એમ. કરવા માટે રેફરલ અનુસંધાન પાના નં.૬


## બેસણું


સ્વ.અમરીબેન વરસંગજી ઠાકોર
સ્વ.તા.૧૧/૦૬/૨૦૧૮

અમારા માતૃશ્રી અમરીબેન વરસંગજી ઠાકોરનું તા.૧૧/૦૬/૨૦૧૮ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે, પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્‌ગતનું બેસણું તા.૧૩/૦૬/૨૦૧૮ ને બુધવારના રોજ સામાજિક રિતિરિવાજ મુજબ અમારા નિવાસ સ્થાને રાખેલ છે. તેમના ચિર આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના...

સ્થળ : જોરાપુરા (ઠાકોરવાસ), ડીસા - થરાદ હાઈવે રોડ, એસ્સાર પેટ્રોલ પંપની પાછળ, તા.ડીસા

શોકાતુર

શાંતિજી વરસંગજી ઠાકોર (પુત્ર)
બાલાજી વરસંગજી ઠાકોર (પુત્ર)
(પૂર્વ સરપંચ જોરાપુરા)
પ્રકાશજી બાલાજી ઠાકોર (પૌત્ર)
(સરપંચ - જોરાપુરા)
(મહામંત્રી, જિલ્લા યુવા ભાજપ બનાસકાંઠા)
ગોરધનભાઈ શાંતિજી ઠાકોર (પૌત્ર)
દિનેશભાઈ બાલાજી ઠાકોર (પૌત્ર)
પ્રેમજીજી શાંતિજી ઠાકોર (પૌત્ર)
દેવચંદજી શાંતિજી ઠાકોર (પૌત્ર)
લક્ષ્મણજી બાલાજી ઠાકોર (પૌત્ર)

## હાર્દિક અભિનંદન



ચૌહાણ હરીશચંદ્રસિંહ મોતીસિંહજી
ચેરમેન
ધી ઢીમા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ઢીમા

એશિયાની બીજા નંબરની બનાસ ડેરીના ચેરમેન પદે શંકરભાઈ ચૌધરીની સર્વાનુમતે પુનઃ વરણી થતા ખુબ ખુબ અભિનંદન આપશ્રી રાજકીય તેમજ સહકારી ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરો તેવી શુભકામનાઓ...

લિ.
ધી ઢીમા દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી., ઢીમા
તા.વાવ, જિ.બનાસકાંઠા.

બ્રાહ્મણ ગણપતભાઈ અમરાભાઈ (વાઈસ ચેરમેન)
પટેલ ભગવાનભાઈ અમરાભાઈ (ક.સભ્ય)
ચૌહાણ ગોવાભાઈ પાંચાભાઈ (ક.સભ્ય)
ચૌહાણ મોડાભાઈ પુરાભાઈ (ક.સભ્ય)
રબારી અમરતભાઈ કુવરાભાઈ (ક.સભ્ય)
રાજપુત વણાભાઈ દાંનાભાઈ (ક.સભ્ય)
રાજપુત રામસેંગભાઈ શંકરભાઈ (ક.સભ્ય)
વજીર શિવાભાઈ દરઘાભાઈ (ક.સભ્ય)
ઠાકોર રામચંદભાઈ હેગોળાભાઈ (ક.સભ્ય)
ભાખરીયા ગોવિંદભાઈ કરમશીભાઈ (ક.સભ્ય)
બ્રાહ્મણ જયરામભાઈ લવજીભાઈ (ક.સભ્ય)
પટેલ જેમલભાઈ માદેવાભાઈ (ક.સભ્ય)
પટેલ ગંગારામભાઈ રૂપાભાઈ (મંત્રી)
ભાખરીયા વખતરામભાઈ અજાભાઈ (કલાર્ક)
વજીર રૂપાભાઈ સ્વાભાઈ (ટેસ્ટર)

## હાર્દિક અભિનંદન


ખટાણા ઈશ્વરભાઈ જેઠાભાઈ
ચેરમેનશ્રી, ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ
બનાસકાંઠા જિલ્લા પંચાયત - પાલનપુર

આપની બનાસકાંઠા જિલ્લા પંચાયતના ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિના ચેરમેન પદે થયેલી બિનહરીફ વરણીને આવકારી અભિનંદન પાઠવીએ છીએ. આપ દિન પ્રતિદિન રાજકીય અને સહકારી ક્ષેત્રે પ્રગતિના શિખરો સર કરો તેવી શુભકામનાઓ સાથે અભિનંદન...

લિ.
દેસાઈ દેવકરણભાઈ વાલાભાઈ
(એડવોકેટશ્રી શિહોરી ચેખલાવાળા)
દેસાઈ નાગજીભાઈ લીલાભાઈ
(શિક્ષકશ્રી માધ્યમિક શાળા - ચેખલા)
મુ.પો.ચેખલા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા


## શ્રી બનાસકાંઠા ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ

**● સાધારણ સભા ●**

શ્રી બનાસકાંઠા જિલ્લા વેપારી મંડળ શ્રી બનાસકાંઠા ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ની વાર્ષિક સાધારણ સભા તા. ૧૭-૦૬-૨૦૧૮ રવિવારના સવારે ૯-૦૦ કલાકે બીજા માળે, શિલ્પ આર્કેડ, આબુ રોડ હાઈવે, સ્વામી નારાયણ ગુરૂકુળ સામે, પાલનપુર મુકામે મળશે તો સાધારણ સભામાં દરેક સભ્યોએ સમયસર હાજરી આપવા વિનંતી.

**વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહીનું વાંચન.
૨. વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ના ઓડીટ થયેલા હિસાબો મંજુર કરવા.
૩. વર્ષ ૨૦૧૮-૨૦૧૯ નું અંદાજીત બજેટ મંજુર કરવા બાબત.
૪. તા. ૧૯-૦૬-૨૦૧૮ સુધીમાં આવેલા પત્રોની ચર્ચા.
૫. પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે.

તા.ક :- (૧) જો સભા નોનકોરમથશે તો અડધા કલાક બાદ તેજ સ્થળે સાધારણ સભા મળશે અને એજન્ડા મુજબ કાર્યવાહી કરશે.
(૨) સભાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ભોજનની વ્યવસ્થા પ્રમુખશ્રી ગીરીશભાઈ જગાણીયા દ્વારા કરેલ છે.

સેક્રેટરી
જયંતિભાઈ આઈ. પટેલ
મો. ૯૪૨૬૦ ૦૪૭૪૧


ગુજરાત સરકાર


શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત


શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

નિર્દોષ બાળકોના બાળપણ પર લાગતું ગ્રહણ એટલે...
બાળ મજૂરી
બાળકનું બાળપણ અખંડ રાખીએ... બાળ મજૂરી અટકાવીએ...
૧૨મી જૂન 'વિશ્વ બાળ મજૂરી વિરોધી દિન'
બાળકના ચહેરા પર હસતું બાળપણ શોભે કે બોજની લાચારી??



૧૪ વર્ષથી નીચેના બાળકોને કોઇપણ પ્રકારના કામે રાખવા પર અને ૧૪ વર્ષથી મોટા અને ૧૮ વર્ષથી નાના તરુણોને જોખમી વ્યવસાય કે પ્રકિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે... જેમાં કામે રાખનાર માલિકની તત્કાલ ધરપકડ કરી ગુન્હા બદલ રૂા. ૨૦,૦૦૦/- થી લઇને ૫૦,૦૦૦/- સુધીનો દંડ અથવા ૬ માસથી ૨ વર્ષ સુધીની જેલ અથવા બંને સજા થઇ શકે છે..

બાળ મજૂરીના નિમિત્ત ના બનો, તેને નાબૂદ કરવામાં સહકાર આપો...
મજૂરીમાં ના થવા દો બાળપણની બરબાદી...
બાળ મજૂરી અટકાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય